RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૦૨૮૧-૨૨૪૧૨૩૪, ફેક્સ : ૦૨૮૧-૨૨૩૦૬૬૬

● સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ - ૧૨ શનિવાર, તા.૨૦-૦૪-૨૦૨૪ અંક : ૨૨૨ વર્ષ : ૨૧ e-mail : sauaajtak@gmail.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

૧૦૨ બેઠક પર સરેરાશ ૬૨ ટકા મતદાન

નીતિન ગડકરી સહિત ૮ કેન્દ્રીય મંત્રી, બે પૂર્વ મુખ્યમંત્રીના નસીબ EVMમાં થયા કેદ

મણિપુરમાં પોલિંગ બૂથમાં ફાયરિંગ, EVMમાં તોડફોડ, ક્યૂ બિહારમાં પથ્થરમારો; છત્તીસગઢના બીજાપુરમાં બ્લાસ્ટ

નવીદિલ્હી,તા.૧૯

૧૮મી લોકસભાની ચૂંટણી માટે આજે પ્રથમ તબક્કામાં ૧૬ રાજ્યો અને ૫ કેન્દ્રશાસિત પ્રદેશોની ૧૦૨ લોકસભા બેઠકો માટે મતદાન યોજાયું હતું.મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયું હતું.એકંદરે ૬૨ ટકા જેટલું મતદાન થયું હતું કેટલાક સ્થળોએ ઈવીએમ મશીન બગડયા હોવાની ફરિયાદો ચુંટણી પંચને મળી હતી જયારે પશ્ચિમ બંગાળ,ઉત્તરપ્રદેશમાંથી હિંસાના અહેવાલો મળ્યા છે કેટલાક મતદાન કેન્દ્રો પર મતદાન શરૂ થયા તે પહેલા જ સવારથી જ મતદાન મથકો પર લાંબી કતારો જોવા મળી હતી મતદાન સવારે ૭ વાગ્યાથી શરૂ થયું હતું અને સાંજે ૫ વાગ્યા સુધી ચાલ્યું હતું સાંજે પાંચ વાગ્યા બાદ જે મતદારો મતદાન કેન્દ્રોમાં હતાં તેમને મતદાન કરવાની છુટ આપવામાં આવી હતી. લોકસભાની સાથે જ અરુણાચલ પ્રદેશ અને સિક્કિમ વિધાનસભા માટે પણ આજે મતદાન થયું હતું. પ્રથમ તબક્કામાં ૧૦૨ બેઠકો માટે ૧,૬૨૫ ઉમેદવારોનું ભાવિ મતદારોએ નક્કી કર્યું છે.

મતદાનને લઈને વયોવૃદ્ધ સહિત નવ પરિણીત યુગલો પણ મતદાન કરીને લોકો માટે પ્રેરણાદાયી બની રહ્યા હતાં જો કે સાઉથ સુપર સ્ટાર્સ પણ મતદાનને લઈને ક્યાંય પાછા પડ્યા ન હતા.દક્ષિણ ભારતની વિવિધ બેઠકો પર આજે પ્રથમ તબક્કાનું મતદાન થઈ રહ્યુ છે. ત્યારે સાઉથ ઈન્ડિયન ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝના જાણીતા અભિનેતાઓએ પણ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. અભિનેતા વિજયસેતુપથિ ચેન્નાઈમાંવોટ કરવા પહોંચ્યા હતા. અભિનેતા કમલ હસને પણ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.અભિનેતા કમલ હાસને પોતાનો મત આપ્યો હતો. તેઓ બારપેટા સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં પોતાને કિમતી મત નોંધાવા પહોંચ્યા હતા.તો અભિનેતા ધનુષ પણ મતદાન કરવા આવી પહોંચ્યો હતો. તેણે ચેન્નાઈના અલવરપેટ ખાતેના મતદાન મથક પર અભિનેતા ધનુષ પ્રથમ તબક્કાના મતદાન માટે પોતાનો મત આપવા પહોંચ્યો હતો.

જુનિયર-સિનિયર ક્લાર્કની પરીક્ષા મોકૂફ

આચારસંહિતાને લઈને પરીક્ષાઓ સ્થગિત કરાઈ : ટૂંક સમયમાં નવી તારીખ જાહેર કરાશે

ગાંધીનગર,

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આગામી તારીખ ૨૦, ૨૧, ૨૭, ૨૮ એપ્રિલ અને તારીખ ૪ અને ૫ મેના રોજ અમુક સ્પર્ધાત્મક પરીક્ષાઓનું આયોજન કરવામાં આવ્યુ હતું, જે હવે મોકૂફ રહેશે. ચૂંટણીપંચના નિર્દેશ બાદ ગૌણ સેવા પસંદગી મંડળની જુનિયર અને સિનિયર ક્લાર્કની પરીક્ષા મોકૂફ રાખવામાં આવી છે. લોકસભા ચૂંટણીની આચારસંહિતાને લઈને પરીક્ષા સ્થગિત રખાઈ છે.

જોકે ૮-૯ મેની પરીક્ષા યથાવત્ રહેશે. ટૂંક સમયમાં નવી તારીખ જાહેર કરાશે. ૫૫૫૪ જગ્યા માટે પરીક્ષા ચાલી રહી છે. જેની પરીક્ષા પૂરી થઈ છે તેણે ફરીથી પરીક્ષા નહીં આપવી પડે. ચૂંટણી પછી બાકી ઉમેદવારોની પરીક્ષા યથાવત્ રહેશે.

અમિત શાહે વિજય મુહૂર્તમાં ઉમેદવારી નોંધાવી

નવસારીમાં સી.આર. પાટીલ અને નૈષધ દેસાઇએ એકબીજાને શુભેચ્છા પાઠવી

ગાંધીનગર

ગુજરાતમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગાંધીનગર અને ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે નવસારી બેઠક પર વિજય મુહૂર્તમાં ઉમેદવારી પત્ર ભર્યું હતું. તો જામનગર બેઠક પર ભાજપના પૂનમબેન માડમ, રાજકોટ બેઠક પર કોંગ્રેસના પરેશ ધાનાણી અને મહેસાણા બેઠક પર કોંગ્રેસના રામજી ઠાકોરે ઉમેદવારી નોંધાવી હતી.ગાંધીનગર લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર અમિત શાહે આજે વિજય મુહૂર્તમાં ઉમેદવારી પત્ર ભર્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. ફોર્મ ભર્યા બાદ અમિત શાહે કહ્યું હતું કે,મેં આજે

લોકસભા માટે મારું નામાંકન ગાંધીનગર બેઠક પરથી કર્યું છે. મારા માટે ગૌરવનો વિષય છે કે જે સીટ પરથી આ ક્ષેત્રનું પ્રતિનિધિત્વ અડવાણીજી, અટલજીએ કર્યું અને જે સીટ પર સ્વયં નરેન્દ્ર મોદી મતદાતા છે એ સીટ પર પ્રતિનિધિત્વ કરવાનો મોકો મને ભાજપે આપ્યો છે.

ભારતે ૩૦૦૦ કરોડની બ્રહ્મોસ મિસાઈલ ફિલિપાઈન્સને વેચી

દેશની સંરક્ષણ નિકાસમાં આને એક મોટા પગલા તરીકે જોવામાં આવી રહ્યું છે

નવીદિલ્હી,

ભારતે ફિલિપાઈન્સને શક્તિશાળી બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલની પ્રથમ બેચ પહોંચાડી છે. દેશની સંરક્ષણ નિકાસમાં આને એક મોટા પગલા તરીકે જોવામાં આવી રહ્યું. એરફોર્સે ફિલિપાઈન્સને ખાસ એરક્રાફ્ટ દ્વારા મિસાઈલો પહોંચાડી છે. આ દરમિયાન ભારત અને ફિલિપાઈન્સના અધિકારીઓએ એકબીજાને મીઠાઈ ખવડાવી હતી.

ફિલિપાઈન્સને ભારત પાસેથી એવા સમયે ક્રૂઝ મિસાઈલ મળી છે જ્યારે તેનો ચીન સાથે વિવાદ ચાલી રહ્યો છે.

દક્ષિણ ચીન સાગરમાં ફિલિપાઈન્સ અને ચીનની નૌકાદળ દરરોજ સામસામે આવી રહી છે. એવું માનવામાં આવે છે કે ફિલિપાઈન્સ આ મિસાઈલોને ચીન તરફ તૈનાત કરી શકે છે, જેથી તે ચીનની સેનાથી પોતાને બચાવી શકે. બે વર્ષ પહેલા ભારત અને ફિલિપાઈન્સ વચ્ચે ક્રુઝ મિસાઈલ માટેનો સોદો થયો

હતો. આ ડીલ ૩૭૫ મિલિયન ડોલર (લગભગ ૩૦૦૦ કરોડ રૂપિયા)ની હતી.

ભારતીય વાયુસેનાનું ઝ-૧૭ ગ્લોબમાસ્ટર કાર્ગો એરક્રાફ્ટ શુક્રવારે બ્રહ્મોસ મિસાઈલના પ્રથમ કન્સાઈનમેન્ટ સાથે ફિલિપાઈન્સ પહોંચ્યું હતું. ભારતીય ટીમમાં એરફોર્સ, નેવી અને બ્રહ્મોસ મિસાઈલની ટીમ સામેલ હતી, જે ડિલિવરી માટે આ એશિયાઈ દેશમાં પહોંચી હતી. આ મિસાઈલો ફિલિપાઈન્સ મરીન કોર્પ્સને સોંપવામાં આવી હતી. આ દરમિયાન ભારતીય ટીમમાં સામેલ અધિકારીઓએ ફિલિપાઈન્સ મરીન કોર્પ્સના સૈનિકોને મિસાઈલ પ્રાપ્ત કરવા બદલ તેમને મીઠાઈ ખવડાવીને અભિનંદન પાઠવ્યા હતા.

ઈરાનના ન્યૂક્લિયર બેઝ શહેર પર ઈઝરાયલનો હુમલો

એર ઈન્ડિયાએ ૩૦ એપ્રિલ સુધી તેલ અવીવની ફ્લાઈટ્સ રોકી

તેલઅવીવ,

ઈઝરાયલે ઈરાનના હુમલાના ૬ દિવસ બાદ શુક્રવારે સવારે લગભગ ૬ વાગ્યે જવાબી કાર્યવાહી કરી હતી. ઝરાયલે ઈરાનના ન્યૂક્લિયર પ્લાન્ટવાળા ઈસ્ફહાન શહેરને નિશાન બનાવ્યું હતું. ટાઈમ્સ ઓફ ઈઝરાયલે કહ્યું હતું કે આ હુમલો ઈરાનના એરબેઝ પર થયો હતો. ઈઝરાયલે ઈરાન પર હુમલો કરીને સંતોષ નથી માન્યો, પણ ઈરાક અને સિરિયામાં પણ એરસ્ટ્રાઈક કરી છે. આ હુમલો ઈરાનના સુપ્રીમ લીડર અલી ખામેનીના જન્મદિવસ પર થયો છે. એવો દાવો ઈઝરાયલ દ્વારા કરવામાં

આવી રહ્યો છે.

ઈઝરાયલે ઈરાન પર મિસાઈલ હુમલો કર્યો છે. એબીસી ન્યૂઝે અમેરિકન અધિકારીઓને ટાંકીને આ માહિતી આપી છે. ઈરાનના ઈસ્ફહાન શહેરના એરપોર્ટ નજીક વિસ્ફોટનો અવાજ સંભળાયો હતો. ઈરાનની ફાર્સ ન્યૂઝ એજન્સીએ આ જાણકારી આપી છે. ફ્લાઈટ ટ્રેકિંગ વેબસાઈટ ફ્લાઈટ રડાર અનુસાર, વિસ્ફોટો બાદ ઘણી ફ્લાઈટ્સ ઈરાની એરસ્પેસથી ડાઈવર્ટ કરવામાં આવી છે. સીએનએન ન્યૂઝ અનુસાર, લગભગ ૮ વિમાને તેમનો રૂટ બદલ્યો હોવાના અહેવાલ છે.

ઈસ્ફહાન એ જ પ્રાંત છે, જ્યાં નાટાન્ઝ સહિત ઈરાનની ઘણી પરમાણુ સાઈટ્સ આવેલી છે. નાટાન્ઝ ઈરાનના યુરેનિયમ કાર્યક્રમનો મુખ્ય ભાગ છે. આ પહેલાં ૧૪ એપ્રિલે ઈરાને ઈઝરાયલ પર ૩૦૦થી વધુ મિસાઈલ અને ડ્રોનથી હુમલો કર્યો હતો. આ દરમિયાન તેમણે ઈઝરાયલના નેવાતિમ એરબેઝને નિશાન બનાવ્યું હતું, જ્યાં થોડું નુકસાન પણ થયું હતું.

કર્ણાટકની કોલેજમાં કોંગ્રેસ નેતાની પુત્રીની છરીના ૭ ઘા ઝીંકી હત્યા

બેંગલુરુ

કર્ણાટકના હુબલીમાં મ્ફ્ર કોલેજ કેમ્પસમાં ગુરુવારેએક કોંગ્રેસ નેતાની પુત્રીની ચાકુ મારીને હત્યા કરવામાં આવી હતી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે, જેમાં આરોપી યુવતી પર હુમલો કરતો જોવા મળી રહ્યો છે.

યુવકે યુવતીના ગળા અને પેટ સહિત શરીર પર છરી વડે સાત ઘા માર્યા હતા. આ દરમિયાન યુવકને પણ ઈજા થઈ હતી. બંનેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, જ્યાં યુવતીને મૃત જાહેર કરવામાં આવી. પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે.

યુવતીની ઓળખ ૨૩ વર્ષની નેહા હિરેમથ તરીકે થઈ છે. તે કોંગ્રેસના કાઉન્સિલર નિરંજન હિરેમથની પુત્રી હતી. યુવતી બીવીબી કોલેજમાં એમસીએ પ્રથમ વર્ષની વિદ્યાર્થીની હતી. આરોપી યુવક એ જ કોલેજનો ડ્રોપઆઉટ વિદ્યાર્થી છે. તેની ઓળખ ૨૩ વર્ષીય ફૈયાઝ ખોંદુનાઈક તરીકે થઈ છે. પોલીસે જણાવ્યું કે યુવક અને યુવતી પહેલેથી જ એકબીજાને ઓળખતા હતા. બંને બીસીએ દરમિયાન ક્લાસમેટ હતા. યુવતીએ તેનો પ્રસ્તાવ ઠુકરાવી દીધો હતો જેના કારણે તેણે આ ઘટનાને અંજામ આપ્યો હતો.

ઈન્ડિયન નેવીના નવા પ્રમુખ બન્યા વાઈસ એડમિરલ દિનેશ ત્રિપાઠી

નવી દિલ્હી

વાઈસ એડમિરલ દિનેશ ત્રિપાઠીને ઈન્ડિયન નેવીના નવા વડા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારે ગુરુવારે મોડી રાત્રે આની જાહેરાત કરી હતી. દિનેશ ત્રિપાઠી વર્તમાન નેવી ચીફ એડમિરલ આર હરિ કુમારનું સ્થાન લેશે. તેઓ ૩૦ એપ્રિલે નિવૃત્ત થઈ રહ્યા છે. દિનેશ ત્રિપાઠી એ જ દિવસે ચાર્જ સંભાળશે.

દિનેશ ત્રિપાઠી હાલમાં વાઈસ ચીફ ઓફ નેવલ સ્ટાફ છે. તેઓ અગાઉ વેસ્ટર્ન નેવલ કમાન્ડના ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ રહી ચૂક્યા છે. તેમની ૩૯ વર્ષની લાંબી કારકિર્દીમાં, તેમણે ઈન્ડિયન નેવીના ઘણા મહત્વપૂર્ણ એસાઈમેન્ટ પર કામ કર્યું છે.

વાઈસ એડમિરલ દિનેશને ૧ જુલાઈ ૧૯૮૫ના રોજ ઈન્ડિયન નેવીમાં કમિશન્ડ થયા હતા. તે કોમ્યુનિકેશન અને ઈલેક્ટ્રોનિક વોરફેર નિષ્ણાત છે. તેઓ નૌકાદળના ફ્રન્ટલાઈન યુદ્ધ જહાજો પર સિગ્નલ કોમ્યુનિકેશન ઓફિસર અને ઈલેક્ટ્રોનિક વોરફેર ઓફિસર રહી ચૂક્યા છે.

તેમણે ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર INS મુંબઈના એક્ઝિક્યુટિવ ઓફિસર અને પ્રિન્સિપલ વોરફેર ઓફિસર તરીકે પણ સેવા આપી છે. દિનેશ ત્રિપાઠીએ INS કિર્ચ, ત્રિશુલ અને વિનાશ જેવા નેવીના જહાજોની કમાન્ડ પણ સંભાળી છે.

સ્કોટલેન્ડમાં નદીમાં ડૂબી જવાથી ૨ ભારતીય વિદ્યાર્થીઓના મોત

મિત્રો સાથે ગયા હતા ટ્રેકિંગ કરવા

સ્કોટલેન્ડ,

સ્કોટલેન્ડમાં બે ભારતીય વિદ્યાર્થીઓના મોત થયા છે. ડૂબી જવાથી બંને વિદ્યાર્થીઓએ જીવ ગુમાવ્યો હતો.એક મૃતક ૨૨ વર્ષનો અને બીજો ૨૭ વર્ષનો હતો. ટ્રેકિંગ દરમિયાન બંનેએ અચાનક બેલેન્સ ગુમાવ્યું અને પાણીમાં પડી ગયા. બંનેના મૃતદેહ મળી આવ્યા છે. આ અકસ્માત બુધવારે રાત્રે થયો હતો.

ચાર મિત્રો લિન ઓફ ટુમેલ ટૂરિસ્ટ સ્પોટ, જે તેના ધોધ માટે પ્રખ્યાત છે, ત્યાં ટ્રેકિંગ માટે ગયા હતા. ચારેય ડંડી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ હતા. બે વિદ્યાર્થી પાણીમાં પડતાં જ બાકીના બંને મિત્રોએ પોલીસને જાણ કરી હતી. જે બાદ પોલીસ, ફાયર બ્રિગેડ અને એમ્બ્યુલન્સ સાથે ઘટનાસ્થળે પહોંચી હતી. બંને મૃતકો આંધ્રપ્રદેશના રહેવાસી હતા. લંડન સ્થિત ભારતીય દૂતાવાસે પણ આ ઘટનાની પુષ્ટિ કરી છે. તેમના મૃતદેહ મળી આવ્યા છે. દૂતાવાસ વિદ્યાર્થીઓના પરિવારના સંપર્કમાં છે. સાથે જ ડંડી યુનિવર્સિટીએ પણ શક્ય તમામ મદદની ખાતરી આપી છે.

દેશમાં પ્રથમ વખત સ્તન કેન્સર માટે રોબોટિક સર્જરી

મહિલા સારવાર પછી બાળકને સ્તનપાન પણ કરાવી શકી

નવીદિલ્હ,

દેશમાં પ્રથમ વખત સ્તન કેન્સરથી પીડિત મહિલાઓ માટે રોબોટિક સર્જરી કરવામાં આવી છે. દિલ્હીની એક ખાનગી હોસ્પિટલે આ દાવો કર્યો છે. હોસ્પિટલે જણાવ્યું હતું કે બે મહિલાઓના સ્તનોને ટિશ્યુ રિકન્સ્ટ્રક્શન સાથે સાચવવામાં આવ્યા હતા. સર્જરી દરમિયાન મહિલાઓના સ્તન કાઢવાની જરૂર નહોતી.

પંજાબી બાગ સ્થિત સી.કે. બિરલા હોસ્પિટલના ઓન્કોલોજી સર્જરી વિભાગના ડાયરેક્ટર મનદીપ સિંહ મલ્હોત્રાએ જણાવ્યું કે ડિલિવરી પછી ૨૭ વર્ષીય મહિલાને સ્તનમાં ગાંઠ થઈ હોવાની ફરિયાદ હતી.

ગર્ભાવસ્થા અને સ્તનપાન દરમિયાન સ્તનમાં આવા ફેરફારો દેખાય છે, પરંતુ મહિલા તેની સમસ્યાને અવગણતી રહી. તબીબી તપાસમાં પ્રારંભિક તબક્કામાં સ્તન કેન્સર હોવાનું બહાર આવ્યું હતું. આ પછી મહિલા કીમોથેરાપી, ઈમ્યુનોથેરાપી અને કુદરતી પૂરવણીઓ આપવામાં આવી હતી.

મહિલા સારવાર પછી બાળકને સ્તનપાન કરાવી શકીઃ કીમોથેરાપી ગાંઠને સંપૂર્ણપણે દૂર કરવામાં મદદરૂપ છે. કોઈપણ ગૂંચવણો વિના રોબોટિક સહાયથી પેશી પુનઃનિર્માણ સહિત સ્તન સાચવવાની શસ્ત્રક્રિયા કરાઈ.

કેન્સરને કારણે તેના બંને સ્તનો કાઢી નાખવામાં આવશે તેવી મહિલાને ચિંતા હતી. જોકે રોબોટિક સર્જરીમાં આવું બન્યું નહિ અને સારવાર બાદ મહિલાએ બાળકને ફરીથી સ્તનપાન કરાવ્યું. અન્ય એક કિસ્સામાં, ૬૦ વર્ષીય મહિલાની સ્તન કેન્સરની સર્જરી આ જ તકનીકનો ઉપયોગ કરીને કરવામાં આવી હતી. સ્તનમાં ત્રણ ગઠ્ઠો હતા. મહિલા હવે સ્વસ્થ જીવન જીવી રહી છે.

લોકસભાની ચૂંટણીના મતદાન માટે શ્રમયોગીઓને સવેતન રજા આપવી

(અતુલ કારિયા) અમરેલી:

આગામી તા.૦૭ મે, ૨૦૨૪ના રોજ અમરેલી જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માટે મતદાન યોજાશે. ગુજરાત કારખાના ધારા-૧૯૪૮, બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ એક્ટ-૧૯૯૬ હેઠળ નોંધણી થયેલ સંસ્થા/સાઇટ પરના શ્રમયોગીઓ મતદાનના દિવસે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે તેમજ લોક પ્રતિનિધિત્વ ધારા-૧૯૫૧ની કલમ-૧૩૫(બી) (૦૧) મુજબ સંસ્થા-સાઇટ પરના શ્રમયોગીઓ મતદાનના દિવસે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે સવેતન રજા આપવી.

આ જોગવાઇ અનુસાર જાહેર રજા કરવાને કારણે સંબંધિત શ્રમયોગી-કર્મચારીઓના પગારમાંથી કપાત કરવાની રહેતી નથી. કોઇ શ્રમિકની ગેરહાજરીથી કામગીરીમાં વિક્ષેપનું કે કામગીરી ખોરંભાઇ જવાનું જોખમ થાય તેવી શક્યતાઓ કે સંજોગો થાય અથવા જે વ્યવસાય અને રોજગાર સાથે સંકળાયેલ હોય તે રોજગારમાં મોટા પ્રમાણમાં વ્યાપક નુકશાન થવા સંભવ હોય તેવા કિસ્સામાં અથવા સતત પ્રક્રિયાવાળા કારખાનામાં કામ કરતા શ્રમયોગી-કર્મચારીઓ તેમના મત આપવાનો અધિકાર ભોગવી શકે તે માટે તેમની ફરજના સમયમાંથી મતદાનના સમયગાળા દરમિયાન ત્રણ થી ચાર કલાક મતદાન માટે સવેતન રજા આપવી. જો કોઇ કારખાનેદાર માલિક કે નોકરીદાતા ઉપરોક્ત જોગવાઈથી વિરુધ્ધ વર્તન કરશે તો ઉપરોક્ત કાયદા હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે, તેમ ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય જુનાગઢ નાયબ નિયામકશ્રીએ એક યાદીમાં જણાવ્યુ છે.

ઉનામાં સોસાયટીના મકાનમાં વન્ય ઝરખ ઘુસી જતાં અફડા તફડી મચી

વનવિભાગે બે કલાકની જહેમત બાદ ગનથી ટ્રેક્યુલાઈઝ કરી રેશકયું કર્યું

કૈલેશ ભટ્ટ ઉના:

ઉના શહેરમાં ઉન્નત નગર સોસાયટીના મકાનમાં વન્ય પ્રાણી જરગ ઘુસી જતાં રહેણાક વિસ્તારમાં અફડા તફડી મચી ગયેલ હતી. આ વિસ્તારમાં લોકો એ ઝરખને જોઈ જતાં તાત્કાલિક વન વિભાગને જાણ કરતા જસાધાર રેન્જના આર એફ ઓ, વેટનરી ડોક્ટર સહીતની રેશક્યું ટીમ સ્થળ પર દોડી ગયેલ હતી. વન વિભાગ દ્વારા કલાકોની જહેમત બાદ ઝરખનું રેસ્ક્યું કરી પાંજરામાં કેદ કરી જસાધાર એનિમલ કેર સેન્ટરમાં ખસેડવામાં આવેલ છે.

ઉનામાં ઉન્નત નગર સોસાયટીમાં આવેલ રહેણાંક નવું મકાનની કામગીરી સરૂ હોય અને બારી દરવાજા હોવાથી આ વન્ય પ્રાણી ઝરખ અચાનક આ મકાનમાં ઘુસી ગયું હતું. અને કોઇને નજરે પડતાં તાત્કાલિક આ વિસ્તારના લોકો એકઠા થઇ ગયેલ અને વન વિભાગને જાણ કરતા તાત્કાલિક આર એફ ઓ ભરવાડ સહીત રેસક્યું ટીમ વેટનરી ડોકટર, જશાધાર રાઉન્ડ, નવાબંદર રાઉન્ડનો સ્ટાફ સ્થળ પર દોડી ગયો હતો. અને મકાનમાં ઘુસી ગયેલ ઝરખ ખુલ્લી બારી માંથી બહાર નિકળી રેલ્વે ફાટક નજીક બાવળના ઝાડમાં ઘુસી ગયેલ હતું. ત્યારે વન વિભાગનો સ્ટાફ, જસાધાર વેટનરી ઓફીસર દ્વારા જંગલી ઝરખને ગનની મદદથી ત્રણથી વધુ વાર ટ્રેક્યુલાઈઝ કરી બેભાન કરવામાં આવેલ હતું. આમ બે કલાકની જહેમત બાદ ઝરખનું રેશકયું કરી પાંજરામાં પૂરી જશાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામા આવેલ. રહેણાંક વિસ્તારમાં વન્ય પ્રાણી ઝરખ આવી ચઢતા લોકોમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો. અને વાયુવેગે વાત ગામમાં પ્રસરી જતાં લોકોનાં ટોળેટોળાં જોવા માટે ઉમટી પડયા હતા. અને વન વિભાગ દ્વારા રેશ્ક્યુ કરાતા લોકો એ રાહતનો શ્વાસ લીધો હતો.

ગોવિંદપરાનો શખ્સ તમંચા સાથે પકડાયો, ૧ કારતૂસ પણ કબજે

વેરાવળ:

ગીર સોમનાથ કાઈમ બ્રાન્ચે ગોવિંદપરાના શખ્સને તમંચા સાથે પકડી લઇ ૧ કાર્ટિસ પણ કબજે કરી હથિયાર આપનાર વલસાડના શખ્સની તપાસ હાથ ધરી હતી. ટૂંક સમયમાં લોકસભા ચુંટણી યોજાવાની છે. જેના પગલે ગીર સોમનાથ જીલ્લામાં આદર્શ આચારસંહિતાનું ચુસ્તપણે પાલન થાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે એલસીબીના પીઆઇ એ. બી. જાડેજા, પીએસઆઇ એ. બી. વોરા પેટ્રોલીંગમાં હતા એ દરમ્યાન એએસઆઇ. નરવણસિંહ ગોહીલ તેમજ ગોવિંદભાઈ વંશને મળેલ બાતમીના આધારે સોમનાથ ટોકીઝ, તાલાલા રોડ, આઇ.ડી. ચૌહાણ સ્કુલ પાસેથી દેશી તમંચા સાથે વેરાવળ તાલુકાના ગોવિંદપરા ગામનો શકીલ ઉર્ફે

ભુરો ગનીભાઇ સુમરાને પકડી પાડયો હતો અને તેની પાસેથી રૂપિયા ૫,૦૦૦નો દેશી તમંચો તથા ૧ કારતુસ પણ કબજે કરી પૂછપરછ હાથ ધરતા વલસાડનો વિશાલ ઉર્ફે સોમો ચૌહાણ પાસેથી હથિયાર મેળવ્યું હોવાનું ખુલતા વેરાવળ સીટી પોલીસ સ્ટેશનમાં બંને આરોપી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

શ્રી રામનવમી નિમિત્તે સાવરકુંડલામાં વિરાટ શોભા યાત્રામાં અયોધ્યાના રામલલ્લાની આબેહૂબ ઝાંખી

સાવરકુંડલા:

શ્રી રામનવમી નિમિત્તે સાવરકુંડલામાં વિરાટ શોભાયાત્રામાં શ્રી લુહાર યુવા ગ્રુપ દ્વારા લુહાર જ્ઞાતિ કુલભૂષણ સંત શ્રી મુળદાસ બાપાના ફ્લોટ સાથે અયોધ્યામાં બિરાજમાન શ્રી રામલલ્લાના દર્શન ની આબેહૂબ ઝાંખીના દર્શન થાય એવી અદ્ભુત દર્શનાત્મક પ્રતિકૃતિ નાના બાળક સમા એવા ચૌહાણ વિષ્ણુ પંકજભાઈ જેની ઉંમર માત્ર સાડા ત્રણ વર્ષ (૩.૫ વર્ષ) છે. જે અગાઉ તેમના માતા પિતા સાથે અયોધ્યા રૂબરૂ પણ ગયેલ અને એટલું જ નહિ એથી વિશેષ અયોધ્યાની સરયૂ નદીમાં શિયાળાની ખુબ કડકડતી ઠંડીમાં સ્નાન પણ કરેલ ત્યાંથી પ્રેરણા લઈને આવ્યો.જેને એમના લુહાર યુવા ગ્રુપ તેમજ પરિવારજનો દ્વારા ખૂબ જ સારી રીતે શ્રી રામલલ્લાની ઝાંખી કરાવે તેમ શણગાર કરીને શોભાયાત્રા માં બપોર ના બે

વાગ્યાથી લઈને સાંજના ૭ વાગ્યા સુધી રથમાં બેસાડી સાવરકુંડલામાં શોભાયાત્રા સાથે સંમલિત કરવામાં આવ્યા હતા. તેમજ તેમની સાથે મુળદાસ બાપા, મહાદેવ, હનુમાન દાદા , મહાસતી લોયણ માતાજીની કૃતિઓ પણ નાના નાના બાળકો દ્વારા રજૂ કરવામાં આવી હતી.ધન્ય છે તેની ધર્મ ભક્તિને ,ધન્ય છે એ નાના શિશુને, ધન્ય છે તેના માતા પિતાને...ધન્ય છે તેને વસ્ત્રપરિધાન કરાવનાર, મેકઅપ સાજ શણગાર સજાવવામાં સહયોગ આપનારા તમામને. ધન્ય છે લુહાર યુવા ગ્રુપને..બસ આવી ભાવના દ્વારા જ આપણી ભારતીય સનાતન સંસ્કૃતિની ધરોહરનું સંવર્ધન થાય છે. અને લુહાર યુવા ગ્રુપ દ્વારા શહેરોના મુખ્ય માર્ગ પર પીપરમેન્ટનો પ્રસાદ વિતરણ કરવામાં આવ્યો હતો અને અને ખાસ આ ફ્લોટમાં હિન્દુ લોહાર તોપ દ્વારા દરેક જગ્યાએ ફૂલોનો વરસાદ કરવામાં આવતો હતો જે પણ આકર્ષણનું કેન્દ્ર બનેલ. આ કાર્ય માટે જે કોઈ દાતાશ્રીઓએ તન મન અને ધનથી સહયોગ આપેલ તેઓનો લુહાર યુવા ગ્રુપ હૃદયથી આભાર માને છે .

પક્ષીઓ માટે માટીના કુંડાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું

સાવરકુંડલા:

સાવરકુંડલાના ઓમકાર કેળવણી ટ્રસ્ટ સંચાલિત મૂળરાજ ધરમશી નેણશી વિદ્યાલય દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી એક ઉમદા પહેલ કરવામાં આવી છે, જેમાં ઉનાળાની ગરમીમા પક્ષીઓને મદદ કરવા માટે માટીના કુંડાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવી રહ્યું છે.પક્ષીઓ આપણા પર્યાવરણનો અત્યંત મહત્વપૂર્ણ ભાગ છે, અને ઉનાળાની કાતિલ ગરમીમાં તેમને પાણી મેળવવામાં મુશ્કેલી પડીતી હોય છે. આ વિદ્યાલય દ્વારા પક્ષીઓને પાણી પીવા માટે માટીના કુંડા આપીને પક્ષીઓને મદદ કરવામાં આવી રહી છે. જેથી તેઓ તંદુરસ્ત રહી શકે અને ગરમીના તાપનો સામનો કરી શકે. આ વિદ્યાલય દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી આ સેવા કાર્ય ચાલુ છે જેમાં આ વર્ષે પણ ૧૦૦૦ થી વધુ માટીના કુંડાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવી રહ્યું છે સમગ્ર કાર્યક્રમના સંપૂર્ણ આર્થિક સહયોગી દિનેશભાઈ દાવડા અને પ્રો.કે. કે. જાની સાહેબ છે આપણી આસપાસના પક્ષીઓને બચાવવા અને તેમની સંભાળ રાખવા માટે સંપર્ક નંબર ૯૯૭૯૭૪૧૦૬૧ ફોન કરી માટીના કુંડા મેળવી શકાશે ખરેખર આ કાર્ય પ્રશંસનીય છે. એમ સતીષ પાંડેએ એક યાદીમાં જણાવ્યું હતું.

વાંચે ગુજરાત' ઉક્તિને સાર્થક કરતી સાવરકુંડલા શહેરની કાણકિયા કોલેજની રીડિંગ ક્લબ

સાવરકુંડલા:નૂતન કેળવણી મંડળ સાવરકુંડલા સંચાલિત શ્રી વી.ડી.કાણકીયા આર્ટસ અને એમ.આર.સંઘવી કોમર્સ કોલેજમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખી અભ્યાસ સહ ઘણી બધી પ્રવૃત્તિઓ વર્ષ દરમિયાન થાય છે,જેમાં રીડિંગ ક્લબનો સમાવેશ થાય છે.રીડિંગ ક્લબની આ પ્રવૃત્તિ હેઠળ વિદ્યાર્થીઓને લાઇબ્રેરીમાં રીડિંગ અને બુકટૉકની એક્ટિવિટી કરાવવામાં આવેલ, જેમાં આશરે ૩૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ.

સર્વપ્રથમ દરેક વિદ્યાર્થીઓને જુદા જુદા પુસ્તક અને મેગેઝીન આપવામાં આવેલ અને દસ મિનિટ તે પુસ્તક કે મેગેઝીનનું વાચન કર્યા બાદ 'બુક ટોક' હેઠળ તેમણે જે વાંચ્યું, સમજયું,અનુભવ્યું તે પોતાના શબ્દોમાં વિવરણ રજૂ કરેલ. આ રીતે એક સરસ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓને વાંચવાની અને

અભિવ્યક્તિની તક મળી. આજના સમયમાં વિદ્યાર્થી લાઇબ્રેરીથી અને વાંચનથી ઘણો દૂર થઈ ગયો છે, વિદ્યાર્થીઓને વાંચતા કરવા એ ખૂબ જ અઘરી પ્રક્રિયા છે ત્યારે વાંચે ગુજરાત ઉક્તિને સાર્થક કરતા આ એક નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો. બુક ટોકના આ કાર્યક્રમના અંતમાં વિદ્યાર્થીઓએ સંતોષ મિશ્રિત આનંદની લાગણી પ્રકટ કરેલ અને આ પ્રવૃત્તિ નિયમિત કરાવવામાં આવે તેઓ ઉત્સાહ પ્રગટ કરેલ.

આ પ્રવૃત્તિનું વિચાર બીજ કોલેજના પ્રિન્સિ. ડો.એસ.સી.રવિયા દ્વારા રોપવામાં આવ્યું હતું અને તેમના જ સંપૂર્ણ માર્ગદર્શન હેઠળ કોમર્સ વિભાગના ફેકલ્ટી ડૉ. હરેશભાઈ દેસરાણીએ કાર્યક્રમનું સફળ સંચાલન કરેલ. લાઇબ્રેરી હેડ પ્રો.વિપુલભાઈ ચૌહાણ તેમજ કોલેજના સ્વયંસેવકો નીનામાં અભય અને ચાવડા શિવમ વગેરેએ ભારે જહેમત ઉઠાવીને કાર્યક્રમને સફળ બનાવેલ તેમ પાર્થ ગેડીયાની એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું

તાલાલામાં મંદિર પાસેથી બાઈક ચોરનાર પકડાયો

તાલાલા:ચોરીના મોટર સાયકલ સાથે ઈસમને

પોલીસે પકડી પાડી કાર્યવાહી હાથ ધરી હતી.અને વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી હતી.તાલાલા પોલીસ સ્ટેશન નાં પીએસઆઇ આકાશસિંહ સિંધવ ના ઓની સુચના તેમજ માર્ગદર્શન મુજબ પોલીસ પેટ્રોલિંગ દરમિયાન એ બીટ વિસ્તારમાં બાતમી આધારે વિરપુર રોડ મેલડી માતાજી મંદિર પાસે ચોરી કરેલ મોટરસાયકલ લઈને આરોપી પસાર થવાનો હોય આરોપી ધનશ્યામ ઉર્ફે બોદુંભાઈ જેરામભાઈ પટોડીયા ને પોલીસે પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.અને અન્ય કોઈ ચોરીમાં સામેલ છે કે કેમ તે અંગે તપાસ શરૂ કરાઇ છે.

સૌરાષ્ટ્ર યુનિ.નાં રજીસ્ટ્રાર સામે ખાતાકીય તપાસ ક્યારે ?: નિદત બારોટ

રાજકોટ:

રાજયના શિક્ષણ વિભાગે સૌરાષ્ટ્ર યુનિ.ના તા. ૧-૪થી પત્ર લખીને જાણ કરવામાં આવી હતી કે ધારી સ્થિત આર્ટસ કોમર્સ કોલેજના સંચાલકો દ્વારા ખોટા ડોકયુમેન્ટસના આધારે શરૂ થયેલ કોલેજ સંદર્ભે ફોજદારી કાર્યવાહી કરવી અને સરકારને યોગ્ય ચકાસણી કર્યા વગર પત્રો મોકલનાર યુનિ.ના અધિકારીઓ સામે ખાતાકીય તપાસ કવરી. તો તપાસ ક્યારે થશે ? તેવી માંગણી પ્રવકતા ડો. નિદત બારોટે ઉઠાવી ઉચ્ચ શિક્ષણ કમિશ્નર-ગાંધીનગરને પત્ર પાઠવ્યો છે. સૌરાષ્ટ્ર યુનિ.ના કુલસચિવ રમેશ પરમારે જણાવ્યું કે સમગ્ર બાબત જોડાણને લગતી છે માટે બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં મુકવામાં આવ્યા બાદ નિર્ણય થશે. હકીકતે સરકારના શિક્ષણ વિભાગે સમગ્ર બાબતની તપાસ કરી લીધા બાદ જવાબદારો સામે ફોજદારી કાર્યવાહી કરવા અને યુનિ.ના અધિકારીઓ સામે ખાતાકીય તપાસ કરવા જણાવ્યું છે. આપના પત્રમાં આપે ૧૬-૧૨-૨૨ના પત્રથી રજુ કરેલ હકીકતલક્ષી અહેવાલ આધાર પુરાવાઓની ચકાસણી કર્યા વગર મોકલેલ છે.તેવી ગંભીર નોંધ આપે લખેલ છે અને તેના માટે યુનિ.ના જવાબદાર અધિકારી સામે



ખાતાકીય તપાસ કરવી. આપને જણાવવાનું કે ૧૬-૧૨-૨૨નો હકીકતલક્ષી અહેવાલ મોકલનાર અને તૈયાર કરનાર જોડાણ વિભાગના અધિકારી રમેશ પરમાર હતા. હાલમાં આ જ રમેશ પરમાર કુલસચિવ તરીકે વધારાની સેવાઓ આપે છે. હવે આપે પત્રમાં જણાવ્યા અનુસાર કાર્યકારી કુલસચિવ રમેશ પરમાર, તત્કાલીન જોડાણ અધિકારી રમેશ પરમાર સામે ખાતાકીય તપાસ કઈ રીતે કરી શકે ? પોતે જ તપાસ કરાવનાર અને પોતે જ ગુનેગાર આવું સરકારના સેવાના નિયમોમાં કયાંય ઉલ્લેખ છે ? જાહેર માધ્યમોમાં કાર્યકારી કુલસચિવે જણાવ્યું કે હાલમાં આચારસંહિતાને કારણે કોઈ પગલા લીધા નથી. ફોજદારી કાર્યવાહી અને ખાતાકીય તપાસ માટે કેવી રીતે આચારસંહિતા લાગે એ પણ મોટો પ્રશ્ન છે. સરકારના શિક્ષણ વિભાગે તપાસ પૂર્ણ કર્યા પછી ફોજદારી કાર્યવાહી કરવા જણાવ્યું છે. ત્યારે બોર્ડ ઓફ મેનેજમેન્ટને પુછવુ પડે તે વાત પર રમેશ પરમારની પોતે આચરેલ ગુનો છુપાવવા માટેની છે.પ્રથમ કાર્યકારી કુલસચિવ સમગ્ર તપાસમાં હસ્તક્ષેપ ના કરી શકે માટે તેમણે કાર્યકારી કુલસચિવ તરીકેની જવાબદારીમાંથી છુટા કરી અને ખાતાકીય તપાસની સમગ્ર બાબતની તપાસ નિવૃત ન્યાયધીશ પાસે કરાવવી જોઈએ આ બાબતે તાકીદે તપાસ કરવામાં આવે તેવી માંગ અંતમાં કોંગ્રેસ સમિતિ પ્રવકતા ડો. નિદત બારોટે કરી છે.

૧૪-અમરેલી લોકસભા મતક્ષેત્રના જનરલ ઓબ્ઝર્વર તરીકે એમ.કે.દ્રાબુની નિયુક્તિ

અમરેલી:અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજ્ય અને દેશમાં આગામી દિવસોમાં લોકસભાની ચૂંટણી માટે આગામી તા.૭ મે, ૨૦૨૪ના રોજ મતદાન થશે. લોકસભાની સામાન્ય ચૂંટણી અંતર્ગત ભારતના ચૂંટણી પંચ દ્વારા ૧૪-અમરેલી લોકસભા મતક્ષેત્રમાં જનરલ ઓબ્ઝર્વર તરીકે શ્રી એમ.કે.દ્રાબુ (છજી) ની નિયુક્તિ કરવામાં આવી છે. તેઓશ્રી લોકસંપર્ક અર્થે મિટીંગ હોલ, સર્કિટ હાઉસ અમરેલી ખાતે સવારે ૧૧:૦૦ થી બપોરે ૧૨:૦૦ દરમિયાન મળી શકશે. તેમના મોબાઇલ નં. ૬૩૫૩૬ ૯૩૧૮૮ છે તે નંબર પર તેમનો સંપર્ક કરી શકાશે. જરુર જણાયે જનરલ ઓબ્ઝર્વરશ્રીના લાઈઝન અધિકારીશ્રીના મોબાઇલ નં.૯૩૨૮૫ ૩૫૦૦૫ નો સંપર્ક કરી શકાશે તેમ જનરલ ઓબ્ઝર્વરશ્રીના લાઇઝન અધિકારીશ્રી અને અમરેલી જિલ્લા પંચાયત ખાતે ફરજ બજાવતા જિલ્લા આંકડા અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યુ છે.

અસહ્ય ગરમીને કારણે આરોગ્ય પર થતી વિપરિત અસરોથી બચવા માટે ધ્યાનમાં રાખવા જેવી બાબતો અનુસરીએ

અમરેલી: ઉનાળામાં અસહ્ય ગરમીને કારણે આરોગ્ય પર થતી વિપરિત અસરોથી બચવા (લુ લાગવાથી) માટે તકેદારીના પગલા ભરવા આવશ્યક છે. હાલમાં રાજયમાં ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે. તાપમાનમાં વધારો જોવા મળી રહ્યો હોય છે જે વધુ પડતી ગરમી મનુષ્યના આરોગ્ય માટે હાનિકારક છે.

લુ લાગવા (સન સ્ટ્રોક)ના કેસોમાં સામાન્ય રીતે શરીરનું તાપમાન વધે છે. ગરમીના વધારાના કારણે શરીરમાં લુ લાગવા (સન સ્ટ્રોક)થી બચવા યોગ્ય પગલાઓ ભરવા આવશ્યક છે. વાતાવરણનું તાપમાન ઉંચુ હોવાથી વધુ માત્રામાં પરસેવો થાય છે, તેના લીધે શરીરનું તાપમાન ઘટી શકતું નથી.

શરીર અને હાથ પગમાં અસહ્ય દુઃખાવો થવો, ખૂબ તરસ લાગવી, ગભરામણ થવી, ચક્કર આવવા, શ્વાસ ચઢવો, હૃદયના ધબકારા વધી જવા સહિતની અસરો વ્યક્તિને અનુભવાઇ છે. આરોગ્ય પર થતી આ વિપરીત અસરોથી બચવા યોગ્ય પગલાઓ લેવાના રહે છે.

ગરમીમાં બને ત્યાં સુધી બહાર જવાનું ટાળવું. ઉનાળાની ઋતુ દરમ્યાન ખુલતા, સફેદ, સુતરાઉ કપડા પહેરવા જોઈએ. નાના બાળકો, સગર્ભા માતાઓ, વૃધ્ધો તથા અશક્ત વ્યક્તિઓએ બને ત્યાં સુધી તડકામાં ફરવું નહી. દિવસ દરમ્યાન પુષ્કળ માત્રામાં પાણી અને લીંબુ શરબત સહિતનું પ્રવાહી પીતા રહેવું. ભીના કપડાથી માથું ઢાકી રાખવું અને આવશ્યકતા જણાય ત્યારે ભીના કપડાથી શરીરને અવાર-નવાર લુછતું રહેવું. ગરમીની ઋતુ દરમિયાન બને ત્યાં સુધી ભૂખ્યા ન રહેવું. માથાનો દુઃખાવો થવો, બેચેની થવી, ચક્કર આવવા, ઉબકો કે તાવ આવે તો નજીકના દવાખાના કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે હોસ્પિટલમાં ડોક્ટરની સલાહ અને સારવાર વિના વિલંબે તરત લેવી.

હિટવેવને લગતા એલર્ટની વખતોવખતની સૂચનાઓને અનુસરવાની અને ગરમીથી બચવા સાવધ રહેવું. શ્રમકાર્યમાં જોડાયેલા હોય તેવા શ્રમિકવર્ગને સન સ્ટ્રોક (લુ) ની અસરોથી બચવા માટે ખાસ ધ્યાન રાખવાનું રહે છે. તેમણે ગરમીથી બચવાના ઉપાયો અનુસરવાના રહે છે, તેમ અમરેલી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા ટી.બી. પેશન્ટને કીટ વિતરણ કરવામાં આવી

સાવરકુંડલા:સાવરકુંડલા શહેરમાં આજરોજ પટેલવાડી વજલપરા ખાતે હેલ્થ વિભાગના ડો.મીના સાહેબ, ડો.મનીષ જયાણી સાહેબ,ડો.ધૂવિલ સુચકસાહેબ, સંજયભાઈ મહેતા તાલુકા સુપરવાઈઝર, હિતેષભાઈ નિમ્બાર્ક, વિજયભાઈ ઉપાધ્યાય, વિનોદભાઈ ખુમાણ ખુબ સારો સહયોગ આપેલો. પ.વંદનીય પુ.ભકિતરામબાપુ માનવમંદિર, પ્રતિકભાઈ નાકરાણી, જયંતિભાઈ વાટલિયા,કરશનભાઈ ડોબરીયા, અશોકભાઈ અગ્રવાત, ઘનશ્યામભાઈ ઠુંમર વગેરે મહાનુભાવો હાજર રહીને કાર્યક્રમને દિપાવ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવામાં લાયન્સ કલબ ઓફ સાવરકુંડલા પ્રેસિડેન્ટ લાયન કમલ શેલાર, લાયન દિપક બોધરા,લાયન ઘનશ્યામ, લાયન દિવ્યેશ સંઘાણી, લાયન ચેતન પરમાર,લાયન મનોજ વણજારા,લાયન વિજય વિઠલાણી,લાયન આનંદ વણજારા, લાયન વિરાગ વિરાણી પ્રોજેક્ટ ચેરમેન,લાયન નિલેશ બાર પ્રોજેક્ટ ચેરમેન તથા તમામ લાયન્સ કલબના મેમ્બર્સ ભારે જહેતમ ઉઠાવીને આ કાર્યક્રમ સફળ બનાવેલ હતો એમ લાયન્સ મિડિયા કન્વીનર જીજ્ઞેશ ગળથીયાની એક અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.

૧૯ એપ્રિલ, "વર્લ્ડ લીવર ડે"

દર વર્ષે આરોગ્ય સંબંધિત જાગૃતિ લાવવા તેમજ યકૃત એટલે કે લીવરને લગતા રોગો પ્રત્યેની જાગૃતિ ફેલાવવા માટે ૧૯ એપ્રિલનાં દિવસે "વર્લ્ડ લીવર ડે" ઉજવવામાં આવે છે. મગજ પછી યકૃત એ શરીરનો બીજો સૌથી મોટો અને સૌથી જટિલ અંગ છે. તે પાચનતંત્રનું મુખ્ય અંગ છે. તેનાં વગર પાચનક્રિયા શક્ય બનતી નથી. માણસ જે કંઈ પણ ખાય છે, પીએ છે એ તમામ યકૃતમાંથી પસાર થાય છે, યકૃત વિના માણસ જીવી શકતો નથી. તેની પુરેપુરી કાળજી ન લેવામાં આવે તો શરીરમાં વિવિધ પ્રકારના પ્રશ્નો ઉત્પન્ન થાય છે. જેનાંથી કમળો, ફેટી લીવર જેવા ગંભીર રોગો પણ થાય છે. ફેટી લીવર રોગના બે પ્રકાર છે - આલ્કોહોલિક ફેટી લીવર ડિસીઝ (એએફએલડી) અને નોન-આલ્કોહોલિક ફેટી લીવર ડિસીઝ (એનએએફએલડી).



ચરબીયુક્ત યકૃત રોગ પિત્તાશયને ઝેર દૂર કરવાથી અટકાવે છે અને પિત્ત ઉત્પન્ન કરે છે. વધુ પડતા વજનવાળા/મેદસ્વી વ્યક્તિઓમાં ફેટી લીવર રોગ થવાનું જોખમ વધારે હોય છે. આ બાબતે ખોરાકમાં કાળજી લેવાની અત્યંત આવશ્યકતા હોય છે. ફાઇડ ફુડ્સ, ખૂબ પ્રોસેસ્ડ લોટ, વધુ પડતી ખાંડ કે મીઠું, નોનવેજ ફૂડ વગેરેનાં સેવનથી લીવરના રોગો થવાની અને પાચનતંત્રનાં મહત્વનાં અંગને નુકસાન થવાની શકયતા રહે છે. લીલા શાકભાજી, અખરોટ, છાશ વગેરે ખોરાક લેવાથી આવી કોઈ સમસ્યા થતી નથી. આ ઉપરાંત પંચગવ્યનાં ઉપયોગથી આવા જીવલેણ રોગોને ટાળી શકાય છે. ગાયનું દૂધ અમૃત છે. ગાયનાં છાશ, દહીં, માખણ અને ઘી શ્રેષ્ઠ અને ગુણકારી છે. શ્રેષ્ઠ આહાર છે. ઉત્તમ ઔષધિ છે તેના સેવનથી એટલી દવા અને કેમીકલની આડઅસરો ઘટે છે અને ઉતમ સ્વાસ્થ્યની પ્રાપ્તિ થાય છે. ગૌમૂત્ર તો કેન્સર જેવા રોગો મટાડવા માટે પણ સક્ષમ છે. શરીરનું સ્વાસ્થ્ય જાળવવા માટે ખોરાક એ હંમેશા મહત્વપૂર્ણ ભાગ ભજવે છે.

પડધરી મોવૈયા સર્કલ પાસે બાપા સિતારામ મઢુલીની જગ્યા ખાલી કરાવવા સાધુને બેટરીથી કરંટ દીધા

વૃધ્ધ સાધુને સારવાર માટે રાજકોટ ખસેડાયા : મહિલા સહિત ત્રણ સામે આક્ષેપ

રાજકોટ,

પડધરીમાં મોવૈયા સર્કલ પાસે આવેલી બાપા સિતારામ મઢુલી નામની જગ્યામાં વર્ષોથી રહેતાં નેવુ વર્ષના સાધુને સાંજે સાતેક વાગ્યે એક મહિલા તથા બે શખ્સો સહિતનાએ બેટરીના છેડાથી વિજકરંટ આપી સિતમ ગુજારતાં તેમને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે. પોતે જ્યાં રહે છે એ જગ્યા પચાવી પાડવાના કાવત્રાના ભાગરૂપે આ લોકોએ કરંટ દીધાનો આક્ષેપ સાધુએ કર્યો હતો.

મોવૈયા સર્કલ પાસે આવેલી બાપા સિતારામ મઢુલી નામની જગ્યામાં રહેતાં શિવદારગીરી ગંગાધરગીરી ગવકરણ (ઉ.વ.૯૦) રાતે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ૧૦૮ મારફત પહોંચ્યા હતાં. અહિ પોલીસ અને તબિબની પ્રાથમિક પુછતાછમાં પોતાને જેન્તી રામા, દિલીપ રામા અને સવિતાબેન જેન્તીએ બેટરીથી શરીરના અલગ અલગ ભાગો પર વિજકરંટ દીધા હોવાનું કહેતાં આ મુજબની એન્ટ્રી હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ અને ભાવેશભાઇ મકવાણાએ પડધરી પોલીસને નોંધાવી હતી.

સાધુ શિવદારગીરીએ જણાવ્યું હતું કે હું મઢુલીની જગ્યા કે જે ચાર એકર જેટલી છે ત્યાં બાર વર્ષથી રહુ છું અને સેવાપુજા કરુ છું. આ જગ્યા હું ખાલી કરીને ભાગી જાઉ એ માટે થઇને હેરાન કરવામાં આવે છે. તેના ભાગ રૂપે જ મને વિજકરંટ દેવામાં આવ્યા હતાં. દેકારો મચાવતાં આ લોકો ભાગી ગયા હતાં. બાદમાં મેં ૧૦૮ બોલાવી હતી અને સારવાર માટે આવ્યો હતો. પોલીસે વિશેષ તપાસ હાથ ધરી છે.

પરેશ ધાનાણીએ રાજકોટથી ઉમેદવારી નોંધાવી

લોકસભા બેઠકથી કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ ઉમેદવારી પત્ર ભર્યું

રાજકોટ,

ગુજરાતની તમામ બેઠકો પર આજે (૧૯મી એપ્રિલ) ઉમેદવારી નોંધવવાનો છેલ્લો દિવસ છે, ત્યારે રાજકોટ લોકસભા બેઠકથી કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ આજે ઉમેદવારી પત્ર ભર્યું છે. ઉમેદવારી પત્ર ભરતા પહેલા બહુમાળી ભવન ચોક પાસે રેસકોર્સના મેદાનમાં જાહેર સભા યોજવામાં આવી હતી. પરેશ ધાનાણી સભાસ્થળે પહોંચતા ક્ષત્રિયાણીઓએ તિલક અને પાઘડી પહેરાવીને સ્વાગત કરવામાં આવ્યું હતું. આ જાહેર સભામાં શક્તિસિંહ ગોહિલ, પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાત અને નયનાબા જાડેજા સહિત કોંગ્રેસના અનેક દિગ્ગજ નેતાઓ હાજર રહ્યા હતા.

પોલીસ સમાચાર

રાજકોટ ઓમનગર પ્રજાપતિ સોસાયટી-૫માં સાળાના ઘરે મહેમાન બનેલા આધેડનું બેભાન થતાં મોત

રાજકોટ,

રાણાવાવના આદિત્યાણા ગામે રહેતાં જીતેન્દ્રભાઈ પરષોત્તમભાઈ અમૃતિયા (ઉ.વ.૪૮) રાજકોટ ઓમનગર ૪૦ ફુટ રોડ પર પ્રજાપતિ સોસાયટી-૫માં સાળા મનસુખભાઈ પાડલીયાને ત્યાં હતાં ત્યારે રાતે બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો. હોસ્પિટલ ચોકી મારફત જાણ થતાં તાલુકા પોલીસના કિરીટભાઈ રામાવત સહિતે કાર્યવાહી કરી હતી. લિવરની બિમારીથી મૃત્યુ થયાનું જણાવાયું હતું. મૃતક એકલા જ રહેતાં હતાં અને પ્રાઈવેટ નોકરી કરતાં હતાં. સંતાનમાં એક પુત્રી છે.

રાજકોટમાં પરિણીતાનો ગેસનો બાટલાની ઝાળે સળગી જવાનો પ્રયાસ નિષ્ફળ

સદનસિબે સિલિન્ડરનુ ઢાંકણુ ન ખુલતાં મોટી દૂર્ઘટના અટકી

રાજકોટ,

રાજકોટ શહેરના કોઠારીયા રોડ પર દેવપરા પાછળ પ્રણામી ચોકમાં આવેલા અર્શ એપાર્ટમેન્ટ-૨૦૨માં રહેતાં રેશ્માબેન આસીફભાઈ બેલીમ (ઉ.વ.૩૦)એ બાથરૂમમાં જઈ કપડા સળગાવતાં દાઝી જતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. રેશ્માબેનના લગ્ન આઠ વર્ષ પહેલા થયા છે અને સંતાનમાં બે પુત્રી છે. પતિ આસીફભાઈ અનવરભાઈ બેલીમ કારખાનામાં કામ કરે છે. રેશ્માબેનના સાસુએ જણાવ્યું હતું કે રેશ્માબેનને માનસિક તકલીફ હોઈ તેની દવા ચાલી રહી છે. તેણીએ ગેસ સિલીન્ડર બાથરૂમમાં લઈ જઈ તેનુ ઢાંકણુ ખોલી ગેસ લિકેજ કરી આગ લગાવવા પ્રયાસ કર્યો હતો. પરંતુ ગેસનો બાટલો ન ખુલતાં પોતે પહેરેલા કપડાને દિવાસળી ચાંપી લેતાં તેણી દાઝી જતાં સારવારમાં ખસેડાઈ હતી.

રાજકોટના વેલનાથપરામાં ગૃહ કંકાસથી કંટાળી યુવાનનો ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ

રાજકોટ.

રાજકોટ વેલનાથપરા સોસાયટીમા રહેતાં એક યુવાને ઘર કંકાસથી કંટાળી ફિનાઈલ પી આપઘાનો પ્રયાસ કરતાં સારવારમાં ખસેડાયો હતો.બનાવ અંગે વેલનાથ સોસાયટીમાં ખોખડદળ નદી નજીક રહેતા પ્રવીણભાઈ છગનભાઈ માલકીયા (ઉ.વ.૩૨) એ પોતાના ઘરે ફિનાઈલ પી લેતાં સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરી હતી. વધુમાં મળેલ વિગત મુજબ, દંપતી વચ્ચે અવાર-નવાર થતા ઝઘડાથી કંટાળીને પગલું ભર્યાનું પ્રાથમિક તારણ સામે આવ્યું હતું.

રાજકોટ શ્રી મની પ્લસ શરાફી મંડળીમાં ૬ વર્ષમાં ડબલની લાલચમાં યુવાને રૂા. ૧૧ લાખ ગુમાવ્યા : ફરિયાદ

રાજકોટ,

રાજકોટ ઢેબર રોડ પર શ્રમજીવી સોસાયટીમાં રહેતા મંડપ સર્વિસનું કામ કરતા યુવાનને શરાફી મંડળીમાં ફીક્સ ડીપોઝીટમાં નાણાનું રોકાણ કરાવી છ વર્ષમાં ડબલ કરી આપવાની લાલભ આપી રૂા. ૧૧ લાખ ન આપી આર.એમ.સી.ના શોપીંગ સેન્ટરમાં આવેલી શ્રી મની પ્લપસ શરાફીના સંચાલકે છેતરપીંડી આચરતા ફરિયાદ થઇ છે.

મળતી વિગત મુજબ ઢેબર રોડ શ્રમજીવી સોસાયટી શેરી નં. ૨/૫માં રહેતા રજાકભાઇ ખમીશાભાઇ સમા (ઉ.વ.૪૩) એ મવડી મેઇન રોડ પર આર.એમ.સી.ના શોપીંગ સેન્ટરમાં આવેલી શ્રી મની પ્લસ શરાફી મંડળીના સંચાલક અલ્પેવશ ગોપાલભાઇ દોંગા સામે માલવીયાનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

રજાકભાઇએ ફરિયાદમાં જણાવ્યુ છે કે, પોતે દેવપરા મેઇન રોડ પર પ્રણામી ચોકમાં સમા મંડપ સર્વિસ નામે ડેલો ધરાવી મંડપ સર્વિસનું કામ કરે છે. પોતે અગાઉ જંગલેશ્વર પ્રણામી ચોકમાં રહેતા હતા. ત્યારે પોતાની શેરીમાં શ્રી મની પ્લસ શરાફી મંડળીના એજન્ટી દીલીપભાઇ સોરઠીયા પ્રણામી ચોકમાં તેમજ આજુબાજુમાં ડેઇલી બચતનું કલેકશન કરવા આવતા હતા જેથી પોતે તેના પરિચયમાં આવેલ અને દીલીપભાઇએ પોતાને વાત કરેલ કે, 'હું મની પ્લસ શરાફી મંડળીમાં એજન્ટ તરીકે કામ કરૂ છું આ મંડળીના મેનેજીંગ ડાયરેકટર અલ્પેશ ગોપાલભાઇ દોંગા છે. તેની આ મંડળીમાં રૂપિયા રોકાણ કરવાથી તેમાં સારો એવો નફો મળશે તેમ વાત કરી હતી. જેથી સને ૨૦૧૫ના વર્ષમાં પોતાને આ મંડળીમાં નાણાનું રોકાણ કરવું હોય જેથી મંડળીના દીલીપ સોરઠીયાને વાત કરતા તે પોતાને મંડળીની ઓફીસે લઇ ગયો હતો. ત્યારે ત્યાં મંડળીની ઓફીસમાં અલ્પેશ દોંગાએ પોતાના છ વર્ષે રૂપિયા ડબલ કરવાની એક સ્કી મ સમજાવી હતી અને આ સ્કીમમાં રૂપિયા રોકવાથી સારો એવો નફો મળશે તેવું જણાવ્યુ હતું. બાદ તા. ૮/૬/૨૦૧૫ના રોજ પોતે રોકડા રૂા. ૨૦ લાખ લઇ મવડી મેઇન રોડ ઉપર આવેલી શ્રી મની પ્લસ શરાફી મંડળીની ઓફીસે ગયા હતા. અને અલ્પેશ દોંગાને મળીને મંડળીમાં છ વર્ષે ડબલ કરવાની સ્કીમમાં મુકવા રૂા. ૨૦ લાખ રોકડા તેને આપ્યાદ હતા. આ અલ્પેકશે પોતાને તેની મંડળીની થાપણની પહોંચ આપી હતી. બાદ તા. ૮/૬/૨૦૨૧ના રોજ આ રકમ પાકતી હતી. અને ૪૦ લાખ થતા હતા પરંતુ પોતાને સને ૨૦૧૯ના વર્ષમાં ધંધાના ઉપયોગ માટે રૂપિયાની જરૂરીયાત હોય, તેથી પોતે રૂા. ૨૧/૫/૨૦૧૯ના રોજ અલ્પેમશ દોંગાની ઓફીસે જઈ પોતે રોકાણ કરેલા રૂા. ૨૦ લાખની એફ.ડી.ની તોડી રૂપિયા પરત માંગતા અલ્પેનશે પોતાને રૂપિયાનો હિસાબ કરી આપતા પોતાને રૂા. ૨૯,૮૦,૦૦૦ પરત મળશે.

રાજકોટમાં ઓલમ્પસ હોસ્પિટલના આસીસ્ટન્ટસ મેનેજરે દવા ખરીદ-વેચાણના સ્ટોકમાં ગોલમાલ કરી ૩૭ લાખની ઠગાઈ આચરી

મેનેજર સામે હોસ્પિટલ ડાયરેકટરે દવાઓ બારોબાર વેંચી મારી રાજીનામુ આપી જતો રહ્યાની ફરિયાદ નોધાવી

રાજકોટ,

રાજકોટની નામાંકિત ગણાતી વિદ્યાનગર મેઈન રોડ પર આવેલી ઓલમ્પસ હોસ્પિટલ સાથે ત્યાં જ કામ કરતા આસિસ્ટન્ટ મેનેજર ફાર્માસિસ્ટએ દવાના ખરીદ વેચાણના સ્ટોકમાં સોફ્ટવેરમાં ચેડાં કરી રૂ.૩૭ લાખની ઉંચાપત કરતા આ મામલે હોસ્પિટલના ડાયરેક્ટરેએ ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

શ્રોફ રોડ પર ચાણક્ય એપાર્ટમેન્ટમાં રહેતા ડો.મીહીરભાઈ પ્રફુલભાઈ તન્ના(ઉ.વ.૪૮) એ પોતાની ફરિયાદમાં તેની હોસ્પિટલમાં અગાઉ નોકરી કરતા કાલાવડ રોડ પર સત્ય સાંઈ માર્ગ પવનપાર્કમાં રહેતા યસેસભાઈ રાજેશભાઈ શેઠ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.મિહિરભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, હુ વિધાનગર મેઈન રોડ પર આવેલી ઓલમ્પસ હોસ્પીટલ તન્ના હેલ્થકેર પ્રાઈવેટ લીમીટેડમાં ડાયરેકટર પદે તથા કાર્ડીયોલોજીસ્ટ તરીકે સેવા આપુ છુ.ગઈ તા. ૧૦/૧૧/૨૦૧૬ થી આ અમારી હોસ્પીટલમા આસીસ્ટન્ટ મેનેજર ફાર્માસીસ્ટ તરીકે યશેષભાઈ નોકરી પર રહ્યા હતા.તેમની ૨૦ હજાર સેલેરી નક્કી થઈ હતી.તેનું કામ દવાની ખરીદી અને વેચાણના હિસાબોની નોંધ અમારા સોફ્ટવેરમાં કરવાની હતી. આ યશેષભાઈને સોફ્ટવેરમા પોતાના યુઝરનેમ આઈ.ડી,પાસવર્ડ આપી દીધા હતા.યશેષભાઈ દર મહીને દવાનુ ખરીદ વેચાણનો હીસાબ એક કાચી ચીઠીમા લખીને અમને જણાવતા તેમજ દર વર્ષે યશેષભાઈ આ દવાનુ ખરીદ વેચાણનો હીસાબ કાચી ચીઠ્ઠીમા લખીને જણાવતા હતા.આશરે ઓક્ટોમ્બરમાં ૨૦૨૩માં રોજ આ યશેષભાઈ હોસ્પીટલમાથી દવાનુ બેગ લઈને જતા હતા તેમને આ બાબતે પુછેલ કે આ દવાઓ કયા લઈને જાવ છો? તો યશેષભાઈએ મને જણાવ્યું કે આ એકસપાયરી ડેટ થઈ ગયેલી દવાઓ છે અને ડીલરને આ દવાઓ પરત દેવા જઉ છુ.જેથી તે દવાઓ ચેક કરતા તેમાં રહેલી દવા રેગ્યુલર હતી.

ગોંડલમાં એસ.ઓ.જી.ના દરોડામાં ૫.૪ કિલો ગાંજા સાથે એક પકડાયો

રાજકોટ,

ગોંડલમાં રૂરલ એસઓજીએ દરોડો પાડી ગાંજાના ૪.૫ કિલોના જથ્થા સાથે એક શખ્સસને ઝડપી લીધો હતો.

લોકસભાની ચુંટણીમાં ગેરકાયદેસર માદક-પદાર્થ રાખી હેરાફેરી કે વેચાણ કરતા ઇસમો ઉપર વોચ રાખી મળી આવ્યેી કાયદેસર કાર્યવાહી કરવા જીલ્લાના નાયબ પોલીસ મહાનીરીક્ષકે આપેલ સુચના અન્વવયે એસઓજી શાખાના ઇન્પેહી કટર તથા પો. સબ ઇન્સય. તથા પો.સબ ઇન્સત. સ્ટા ફ સાથે ગોંડલ વિસ્તા?રમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યોન એએસઆઇ જયવીરસિંહ રાણા, ઇન્દ્રીસિંહ જાડેજા, તથા પો.હેડ કોન્સ્. ભગીરથસિંહ જાડેજા તથા અરવિંદભાઇ દાફડા સંયુકત રીતે ખાનગી રાહે હકિકત મળેલ કે અકરમ રફીકભાઇ રાઠોડ રહે. ગોંડલ વાળાએ પોતાના કબ્જાહ ભોગવટાવાળા રહેણાંક મકાનમાં ગે.કા.વનસ્પીજજન્યએ માદક પદાર્થનો જથ્થોા વેચાણ અર્થે રાખેલ હોવાની ચોક્કસ અને ભરોસાપાત્ર હકીકત આધારે રેઇડ કરતા વનસ્પસતીજન્યન ગાંજાના ઘટકોવાળા માદક પદાર્થનો જથ્થોર ૫૪૩૫ કિલોગ્રામ જેની કિંમત રૂા. ૫૪, ૩૫૦ તથા મોબાઇલ ફોન નંગ ૨ જેની કિંમત રૂા.૧૦,૫૦૦ મળી કુલ મુદામાલ રૂા. ૬૪,૮૫૦ કબ્જેચ કાયદેસરની કાર્યવાહી કરી હતી. પકડાયેલ અકરમ રે. વોરાકોટડા રોડ હુડકો સોસાયટી બ્લોરક નં. ૮૧ રે. ગોંડલએ આ ગાંજાનો જથ્થો ધોરાજીમાં ૪ મહિના પુર્વે ચરસ સાથે પકડાયેલ શખ્સરના ભાઇ કે જે ઓરીસ્સા૪ના બલરામપુરમાં રહે છે. તેની પાસેથી વેચાણ માટે લાવ્યા ની કબુલાત આપી હતી.

યુવા ભીમ સેના દ્વારા મિશન 'બહુજન હિતાય બહુજન સુખાય' અંતર્ગત સભ્ય નોંધણી કાર્યક્રમ

રાજકોટ,

યુવા ભીમ સેના દ્વારા છેલ્લા ૯ વર્ષોથી ગુજરાતભરમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે યુવા ભીમ સેનાના માધ્યમથી હક્ક અધિકારો માટે કામગીરી કરવામાં આવી રહી છે.

ઓ.બી.સી., એસ.સી. એસ.ટી. અને લઘુમતી તથા ગરીબ સમાજના બંધારણીય હકક અધિકારો અને પડતર પ્રશ્નો અંગે રાજ્યે જન આંદોલન ઉભું કરવા મિશન બહુજન હિતાય બહુજન સુખાય અંતર્ગત યુવા ભીમ સેના દ્વારા સભ્ય નોંધણીના કાર્યક્રમનું તા.૨૧ ને રવિવારના રોજ ડો.આંબેડકર પ્રાર્થના હોલ, લક્ષ્મી સોસાયટી, પાછળ, નાના મોવા મેઈન રોડ રાજકોટ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આયોજનને સફલા બનાવવા ડી. ડી. સોલંકી, દિનેશભાઈ ચાવડા, ભાવેશભાઇ ચુડાસમા, ધીરૂભાઈ પરમાર, રવજીભાઈ પારીયા, નરેન્દ્ર પરમાર, પ્રાગ રાઠોડ, જયપાલ ચાવડા, ધરમશી વાઘેલા અને સપલેશ રાઠોડ જહેમતઉઠાવી રહયા છે.

નામ બદલાવેલ છે

હું **બીપીનભાઈ મનસુખલાલ પડિયા,** રહે. ૧૪, શક્તિ સોસાયટી, સરદાર સ્કુલ પાછળ, સંતકબીર રોડ, રાજકોટ આથી હું જાહેર કરૂ છું કે મે મારૂ નામ **બીપીન મનસુખલાલ પડિયા** માંથી **બીપીનભાઈ મનસુખલાલ પડિયા** કરેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.

રાજકોટના પરાપીપળીયા ફાટક પાસે ઝુપડામાં રહેતા શ્રમિક પરિવારની સગીરા લાપતા

રાજકોટ,

રાજકોટના પરાપીપળીયા ફાટક પાસે એલએલપી નામના નવા બની રહેલા પાર્ટી પ્લોટની બાજુમાં ઝુપડામાં રહેતા મૂળ મધ્યપ્રદેશના શ્રમિક પરિવારની ૧૫ વર્ષની દીકરીનું અપહરણ થયાની ફરિયાદ ગાંધીગ્રામ પોલીસ મથકમાં નોંધાઈ છે.૧૫ વર્ષીય સગીરાના ૨૦ વર્ષીય ભાઈએ ફરિયાદ નોંધાવતા જણાવ્યું કે, હું કડીયા કામ કરું છું. મારા પરીવારમાં હું તથા મારી માતા તથા મારા પિતા તથા મારે એક નાની બહેન ૧૫ વર્ષની છે.આશરે દસેક દિવસ પહેલા મારા પિતા તથા મારા માતા મધ્યપ્રદેશ ગયા. હું તથા મારી નાની બહેન રાજકોટ સ્થિત ઘરે હતા.

રાજકોટમાં સિનિયર જેલ ક્લાર્કના મકાનમાંથી ઘરેણાં-રોકડની ચોરી કરનાર આંતર રાજય ગેંગ પકડાઈ

રાજકોટ-સૌરાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં ચોરી-લૂંટના ગુનાને અંજામ આપ્યો હતો

રાજકોટ,

સુરત શહેરમાં કાયદો વ્યવસ્થા સુદ્રઢ રીતે જાળવવા સાથે વોન્ટેડ અને રીઢા અને મિલકત વિરોધી ગુન્હાના આરોપીઓ સામે ઝુંબેશ ચલાવવાની સ્થાનિક સાથે સુરત ક્રાઇમ બ્રાન્ચનાના સ્ટાફે રાજકોટ જેલના સિનિયર ક્લાર્કના બંધ મકાનમાંથી સોનાં ચાંદીના દાગીના અને જામ જોધપુરમાં બેંકમાંથી રૂપિયા ૨૦ લાખ સાથેની બેગ ખેંચી લેવા સાથે મધ્ય પ્રદેશ સહિત દેશના વિવિધ રાજ્યોમાં વોન્ટેડ બે આંતરરાજય અપરાધીઓની પુછપરછમાં ભેદ તપાસમાં ખુલ્યો હતો.

આ બનાવમાં પોલીસે અગાઉ મોબાઇલ ફોન તેમજ વાહન ચોરીના સહિતના ગુનાઓમાં પકડાયેલ આરોપી દસ્તગીર ઉર્ફે રબ્બાની ઉર્ફે ટાઇગર મોહમદસકિલ ખલીલ કુરેશી અને નરસિંહ રવજી ખણધર રાજકોટના ગ્રાંધીગ્રામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક મકાનમાંથી ઘરેણા અને લેપટોપ સહિતનો કિંમતી સામાન ચોરી કર્યો હતો અને બંને મધ્યપ્રદેશના ખારગૌન પોલીસ સ્ટેશનમાં લૂંટના ગુનામાં નાસતા-ફરતા હોવાની ચોક્કસ બાતમી હકીકતના આધારે ક્રાઇમ બ્રાંચના પોલીસ માણસોએ ઉન પાટીયા ભીંડી બજાર પાસે જાહેર રોડ પરથી દસ્તગીર ઉર્ફે રબાની ઉર્ફે ટાઈગર મોહમદ સકિલ ખલીલ કુરેશી અને નરસિંહ રવજીભાઇ ખણધરને પકડી લીધા હતા.

તેમજ બંને આરોપીઓ ભેગા મળીને મધ્ય પ્રદેશના ખારગૌન પોલીસ સ્ટેશન વિસ્તારમાં લૂંટના ત્રણ ગુનાઓને અંજામ આપ્યો હતો.લૂંટના ગુનાઓમાં નામદાર ખારગૌનના એડીશનલ ડીસ્ટ્રીક્ટ જજ સાહેબની કોર્ટ તરફથી બંને આરોપીઓને ત્રણેય લુંટના ગુનામાં કલમ ૭૦ મુજબનું વોરંટ જારી કરીને ફરારી જાહેર કરવામાં આવ્યા હતા.એકાદ વર્ષ પહેલા બંને આરોપીઓએ સુરત શહેરમાંથી વાહન ચોરી કરીને જામનગર જીલ્લા જામ જોધપુરમાં ફરિયાદી બેંકમાંથી રૂપિયા ૨૦,૦૦,૦૦૦/- ઉપાડીને જતા હોય તેઓની બેગ છીનવીને ભાગી ગયા હતા.૨૦૧૯ માં લાલપુર ખેતી વાડી મંડળીના મંત્રી નરશીભાઈ પાસેથી મોટી રકમની લૂંટ કરવાનું કાવતરું રચ્યું હતું.તેમજ મોટી રાફુદળ ગામમાં આવેલ ગૌરીશંકર મહાદેવજીના પ્રાંગણમાંથી રાધાકૃષ્ણની મૂર્તિની ચોરી કરી હતી.

સૌરાષ્ટ્ર આજતક
Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

ઇન્ડી ગઠબંધનમા પીએમ કોણ?

૨૭ કરતા વધુ વિપક્ષો એક મંચ પર ભેગા થયા પરંતુ આજની તારીખે તેનામાં એકતા નો અભાવ છે. લોકસભાની ચૂંટણીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે આ મહાગઠબંધનમાં પીએમ નો ચહેરો કોણ બનશે તે નક્કી નથી. એકબીજાથી તદ્દન વિરોધી વિચારધારા ધરાવતા આ વિપક્ષોમાં અનેક મતભેદો છે આવું પહેલી વખત નથી થયું. ભૂતકાળમાં પણ જ્યારે જ્યારે ગઠબંધન સરકાર બની છે ત્યારે તેમાં દખા થયા છે

કેન્દ્રમાં પહેલી ગઠબંધન સરકાર જનતા પાર્ટીના નેતૃત્વમાં રચાઈ હતી, જેમાં મોરારજી દેસાઈને વડાપ્રધાન બનાવવામાં આવ્યા હતા. આ પછી ગઠબંધન સરકારો બનાવવાની પ્રક્રિયા શરૂ થઈ, તે આજે પણ ચાલુ છે. કેન્દ્રમાં અત્યાર સુધીમાં ઘણી વખત ગઠબંધન સરકાર બની છે. આ સમયે પણ કેન્દ્રની રાજકીય પરિસ્થિતિ એ જ વળાંક ઉપર આગળ વધી રહી છે. એનડીએની વર્તમાન સરકાર પણ એક પ્રકારે ગઠબંધન એટલે કે એલાયન્સ જ છે પરંતુ ભાજપ માટે એ માત્ર કહેવા ખાતરનું ગઠબંધન છે. ટેકાઓ ખસી જાય તો પણ સરકાર પડે નહિ એ સામર્થ્ય ભાજપ પાસે છે. હવે ઈન્ડિયા નામના નવા ગઠબંધનનો રાજકીય વ્યાયામ શરૂ થયો છે. જે લોકસભાની ચૂંટણીમાં નવા રંગ લઈ આવશે. આમ છતાં ભાજપ માટે ચોખ્ખી બહુમતી મેળવવી જરા પણ અશક્ય નથી

એક તરફ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ અને બીજી તરફ ભારતીય જનતા પાર્ટી પોતાના સાથી પક્ષોની સંખ્યા વધારવામાં વ્યસ્ત છે. કોંગ્રેસે કહ્યું છે કે ૨૮ પાર્ટીઓ તેની સાથે છે, જ્યારે ભાજપે ૩૮ પાર્ટીઓના સમર્થનનો દાવો કર્યો છે. આ દાવાઓના આંકડાઓ હજૂ ફરતા રહેવાના છે અને બન્ને પક્ષોને ફરતા કરવાના છે. કેન્દ્રમાં ગઠબંધન સરકારનો ઈતિહાસ જૂનો છે. તેની શરૂઆત ૧૯૭૭માં જનતા પાર્ટીની સરકારથી થઈ હતી, જેના વડાપ્રધાન મોરારજી દેસાઈ હતા. જનતા પાર્ટીમાં કુલ ૧૩ પાર્ટીઓ સામેલ હતી. આ પહેલી બિનકોંગ્રેસી સરકાર હતી. જો કે, પછી વિવિધ કારણોસર જનતા પાર્ટીની સરકાર પડી અને જનતા દળ (સેક્યુલર)ના ચૌધરી ચરણ સિંહ દેશના વડાપ્રધાન બન્યા. જો કે, તેઓ ૧૯૮૦ સુધી જ પદ પર રહી શક્યા. ચૌધરી ચરણસિંહની સરકાર લઘુમતીમાં હતી. તેને કોંગ્રેસનું સમર્થન હતું, પરંતુ જ્યારે લોકસભામાં વિશ્વાસનો મત માંગવાની વાત આવી ત્યારે કોંગ્રેસે તેનો ટેકો પાછો ખેંચી લીધો, જેના કારણે સરકાર પડી ગઈ.

સુધારાવાદી મહારાજા શ્રીતખ્તસિંહજી

૫ જુલાઈ ૧૮૮૭ના રોજ પ્રજાને સ્વરાજયનો હક્ક આપવા સભા બોલાવી

૨૪ મે ના રોજ ૪૫૦ એકર જમીનમાં વિકટોરિયા પાર્ક બનાવવાની શરૂઆત થઈ

ગરીબોને રાહતમાટે 'ગરીબખાનું' ખોલવામાં આવ્યું સૌરાષ્ટ્રમાં ભાવનગર રાજયની આ પહેલ હતી

ભાવનગર ૩૦૦

- બળદેવસિંહ ગોહિલ

મહારાજા શ્રીતખ્તસિંહજીના શાસનકાળ સમયની તવારીખ

ઇ.સ.૧૮૮૫- ૨ જાન્યુઆરીના રોજ સમગ્ર સૌરાષ્ટ્રની સૌ પ્રથમ એવી શામળદાસ કોલેજનો વિધિવત રીતે માજીરાજબા કન્યા વિદ્યાલયના મકાનમાં પ્રારંભ થયો. બાળકોના 'મુછાળી માં' તરીકે ઓળખાતા ગિજુભાઈ બધેકાનો ૧૫ નવેમ્બરે ચીતલ ખાતે જન્મ. ભાવનગર રાજયે રાજયના અધિકારીઓ અને કર્મચારીઓને પેન્શન આપવા અંગે ધારો ઘડ્યો. જુવાનસિંહજી દવાખાનું શરૂ કર્યું.

૧૮૮૬- ૧ એપ્રિલના રોજ દેવાણી ભાયાત કુટુંબમાં જોરાવરસિંહજી ગોહિલનો ભોજપરા ખાતે જન્મ થયો. ગૌરીશંકર ઉદયશંકર ઓઝાએ વેદશાળાની સ્થાપના કરી. ૧૧ જુલાઇના રોજ ગૌરીશંકર ઓઝાએ પ્રાચીન ભારતીય આર્યપરંપરા પ્રમાણે સ્વામી સચ્ચિદાનંદસરસ્વતી નામ ધરાણ કરી સન્યસ્ત સ્વીકાર્યું. ૧૭ ડિસેમ્બરના રોજ તૈયાર થયેલ શામળદાસ કોલેજના નવા મકાનના એક હોલનું ઉદઘાટન મુંબઈ ઇલાકાના ગવર્નર લોર્ડ રે ના હસ્તે થયું. સંપૂર્ણમકાન ૧૮૯૩માં રૂ. સાત લાખના ખર્ચે તૈયાર થયા પછીથી કોલેજ ત્યાં બેસવા લાગેલ. દક્ષિણ ભારતના મહાન ચિત્રકાર રવિવર્માને મહારાજા તખ્તસિંહજીએ ભાવનગર ખાતે આમંત્ર્યા. જેના કેટલાક ચિત્રો નીલમબાગ રાજમહેલમાં અને મંગળસિંહજી મહેલમાં રખાયા હતા.

૧૮૮૭- ૧૬ ફેબ્રુઆરીએ ૨૫ વિધવાઓને 'વિક્ટોરિયા જયુબિલી પેન્શન–જિવાઈ' જાહેર કરવામાં આવી. રાજકોટના વિક્ટોરિયા જયુબિલી મ્યુઝિયમ માટે મહારાજા તખ્તસિંહજી દ્વારા રૂ. ૨૫,૦૦૦નું દાન આપવામાં આવ્યું. ભાવનગર શહેરના લોકોને ઘરઆંગણે સ્વચ્છ પાણી મળી રહે તે માટે 'વિક્ટોરિયા જયુબિલી વોટર વર્ક્સ'ની સ્થાપના કરવામાં આવી. ૫ જુલાઇના રોજ પ્રજાને સ્વરાજયનો હક્ક આપવા સભા બોલાવી.

૧૮૮૮- જાન્યુઆરીથી જૂનના એક સત્ર દરમિયાન શામળદાસ કોલેજમાં ગાંધીજીએ અભ્યાસ કર્યો. શામળદાસ કોલેજના દીવાન બહાદુર કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, વૃજલાલ બારૈયા, હરશંકર દવે, જહાંગીર સોરાબજી ગંભીર, કે.ખુશરો એન્ટી અને નાનચંદ દોશી એમ કુલ ૬ વિદ્યાર્થીઓની પહેલી બેચે બી.એ.ની પરીક્ષા આપી. તમામ પાસ થયા, તેમાથી દીવાન બહાદુર કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી પ્રથમવર્ગમાં પાસ થયા અને 'ગૌરીશંકર ઓઝા સુવર્ણ ચંદ્રક' મેળવ્યો. કવિ દલપતરામની ભાવનગરની ત્રીજી અને છેલ્લી મુલાકાત. ૨૪ મે ના રોજ ૪૫૦ એકર જમીનમાં વિક્ટોરિયા પાર્ક બનાવવાની શરૂઆત થઈ. કર્નલ નટના પત્નીએ પ્રથમ વૃક્ષ રોપ્યું. વહીવટ ચલાવવા માટે કાઉન્સિલની રચના કરવામાં આવી. કવિ દલપતરામે 'તખ્તવિલાસ'ની રચના કરી. રાજયના દરેક ખાતાના મુખ્ય જવાબદાર અધિકારીની જગ્યા ઉપર આધુનિક અંગ્રેજી શિક્ષણ મેળવેલા વ્યક્તિઓની નિમણૂક અંગેનો નિર્ણય લેવાયો.

૧૮૮૯- ગરીબોને રાહતમાટે 'ગરીબખાનું' ખોલવામાં આવ્યું. સૌરાષ્ટ્રમાં ભાવનગર રાજયની આ પહેલ હતી. જે.બી. પીલ જે રાજકોટ ખાતેના માજી પોલિટિકલ એજન્ટ અને મહારાજા તખ્તસિંહજીના ખાસ મિત્રની સ્મૃતિમાટે 'પબ્લિકગાર્ડન'નું નામ ૨૩ જાન્યુઆરીએ 'પિલગાર્ડન' એવું નામાભિધાન કરવામાં આવ્યું હતું. આજે તેનું નામ સરદાર વલ્લભભાઈ પટેલ 'સરદાર બાગ' છે. ૧ ઓગસ્ટના રોજ માજીરાજબા કન્યા શાળા શરૂ કરવામાં આવી. સણોસરાથી રાજુલા પાસેના કથીવદર બંદર સુધીની ૫૯ માઇલની સડકનું નામ મુંબઈ ઇલાકાના ગવર્નર લોર્ડ રે ના નામ સાથે જોડીને તે રોડનું નામ 'રે રોડ' નામાભિધાન કરવામાં આવ્યું.

૧૮૯૦- ઇંગ્લેન્ડના રાણી વિક્ટોરીયાના પૌત્ર પ્રિન્સ આલ્બર્ટ વિક્ટર તખ્તસિંહજીના આમંત્રણથી ભાવનગર રાજયની મુલાકાતે આવ્યા. ૧૦ માર્ચના રોજ પ્રિન્સ આલ્બર્ટ વિક્ટરે શ્રીસચ્ચિદાનંદ સરસ્વતી (ગગા ઓઝા)ની મુલાકાત લીધી. ૨૬માર્ચના રોજ રાજુલા પાસેના પીપાવાવ ગામે ખાડીના સ્થળે 'પ્રિન્સ આલ્બર્ટ વિક્ટર પોર્ટ'નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. શહેરમાં નવાપરા વિસ્તારમાં પારસીઓની અગિયારી 'અગ્નિ મંદિર'નું નિર્માણ થયું.

૧૮૯૧- ભાવસિંહજી બીજાના પ્રથમ લગ્ન દેવગઢ બારીયાના કુંવરી દેવકુંવરબા સાથે થયા. ભાવનગર ખાતે આર્યસમાજની સ્થાપના થઈ. ૧૪ નવેમ્બરે બાળ શિક્ષણના મહર્ષિ શ્રી હરભાઈ ત્રિવેદીનો વરતેજ ખાતે જન્મ. ૪૭ વર્ષ સુધી ક્લાર્કથી રાજયના મુખ્ય દીવાન સુધીના અનેક હોદ્દાઓ પર રહી સેવા બજાવનાર શ્રી ગૌરીશંકર ઉદયશંકર ઓઝા સં. ૧૯૪૮ માગશર સુદ ૧ ને મંગળવાર તા ૧ ડિસેમ્બરના દિવસે ૮૬ વર્ષની ઉંમરે બ્રહ્મતત્વમાં લીન થયા.

૧૮૯૨-લોર્ડ હેરિસ બ્રિટિશ અધિકારીના વરદ હસ્તે 'સર તખ્તસિંહજી હોસ્પિટલ'નો શુભારંભ કરવામાં આવ્યો. તેના સૌપ્રથમ ડોક્ટર બરજોરજી મુખ્ય ડોક્ટર તરીકે નિમાયા. સાથે પ્લાન એવો બનાવ્યો કે કોઈ પ્રકારની તોડફોડ કર્યા વગર ભવિષ્યમાં જરૂરિયાત પ્રમાણે વધારાનું નવું બાંધકામ કરી જરૂરિયાત પૂરી કરી શકાય. સ્વામી વિવેકાનંદજી ગુજરાત પરિભ્રમણ દરમિયાન ભાવનગરની મુલાકાતે આવ્યા હતા.

૧૮૯૩- ભાવનગર શહેરની મધ્યમાં આવેલ તાડીકાનીધાર તરીકે ઓળખાતી ટેકરી પર સફેદ આરસ પહાણમાં તખ્તેશ્વર મહાદેવનું ભવ્ય મંદિરનુ નિર્માણ સોનાના થાળ, નાગ, તથા રૂપાના કમાડ સાથે તૈયાર કરાવ્યુ. ઇંગ્લેન્ડના રાણી વિક્ટોરિયા દ્વારા મહારાજા તખ્તસિંહજીને ઇંગ્લેન્ડ મુલાકાત માટે આમંત્રણ મળતા તખ્તસિંહજી ઇંગ્લેન્ડના પ્રવાસે ગયા. ઇંગ્લેંડની વિશ્વપ્રસિદ્ધ કેમ્બ્રિજ યુનિવર્સિટી દ્વારા તખ્તસિંહજીને ન્ઝ્ર (ડોક્ટર ઓફ લોઝ)ની માનદ પદવી એનાયત કરવામાં આવી.

૧૮૯૬- મહારાજા તખ્તસિંહજીનું હૃદય એકા એક બંધ પડી જવાથી માત્ર ૩૮ વર્ષની નાની વયે અવસાન થયું. તખ્તસિંહજી ગાદીનશીન થયા ત્યારે ખજાનામાં રૂપિયા ૫૧,૮૬,૪૨૨ થી તિજોરી ભરેલ હતી. તેમણે સુંદર નમુનેદાર વહીવટ કરી રાજયની આવક અને સમૃદ્ધિ વધારી હતી. વધેલી આવકથી પ્રજાહિતના અનેક કાર્યો કર્યા અને ઉદાર હાથે દાન ધર્મથી રાજવી એ જીવન જીવી બતાવ્યુ હતું. તેમને સ્થાપત્યનો શોખ હોવાથી અનેક જૂના મંદિરોનો જીર્ણોદ્ધાર, નવા મંદિરોનું નિર્માણ કર્યું. બીજા અનેક મકાનો નિર્માણ કરી ભાવનગરની શોભા અને સંસ્કારિતાને ઉચ્ચ સ્તરે પહોચાડી હતી. તેઓ સ્વર્ગસ્થ થયા ત્યારે માત્ર એકતાલીશ રૂપિયા અને સાચા મોતીની માળા એટલુજ સિલકમાં હતું.

જાણવા જેવી હકીકતો.....

ગંગાજળિયા તળાવના પશ્ચિમ કિનારે દરબારી કોઠાર રોડ બાજુ વોટસનઘાટ (વોશિંગઘાટ) આવેલ છે. આ ઘાટ મહારાજા તખ્તસિંહજીએ તેમના મિત્ર વોટસનની યાદગીરીમાં સ્ત્રીઓને નહાવા ધોવા માટે તૈયાર કરાયો હતો. પાદરદેવકીથી આગળ જતાં બાપજી ઠાકોરનો ડેલો આવેલો છે. બાપજી ઠાકોર મહારાજા તખ્તસિંહજીના મામા હતા એમ વડીલો જણાવે છે. નવા વડવા વિસ્તારમાં બોડિયા મહાદેવનો ખાચો છે ત્યાં બોડેશ્વર મહાદેવનું મંદિર મહારાજા તખ્તસિંહજીએ બંધાવ્યું હતું. જે દેવજી ભગતની ધર્મશાળાની બાજુમાં જાડેજા ફળી તરીકે ઓળખાતો વિસ્તારમાં આવેલ છે. આ જાડેજાઓ વડવાના જાડેજાઓ નહીં પરંતુ નવાનગર (જામનગર)ના ભાયાત વાણિયાગામના વતની છે. માધવસિંહજી જાડેજા મહારાજા તખ્તસિંહજીના સમયે વજીર હતા. ત્યારથી તેમના પરિવારના અનેક લોકો રાજયની જુદી જુદી નોકરીમાં જોડાયા હતા. આ વિસ્તારમાં એ જાડેજા કુટુંબના જ મકાનો હતા. આજે આ પરિવારના શહેરના અન્ય વિસ્તારમાં વસવાટ કરી રહયા છે. નારેશ્વર મંદિરથી દાણાપીઠ બાજુનો વિસ્તાર અંબાજીના વડને નામે પ્રખ્યાત છે. આ જગ્યાએ મોટા અંબાજી માતાજીનું મંદિર આવેલુ છે. આ મંદિરમાં અંબાજીની જુદી જુદી ત્રણ મૂર્તિઓ છે. તે પૈકીની લાલ મૂર્તિ મંદિર પરિસરમાં વડ છે તેના થડમાંથી પ્રગટ થઈ હોવાની લોક વાયકા છે. તેથી જ તે વડવાળા અંબાજી તરીકે ઓળખાય છે. બીજી મૂર્તિ કારીગરો મુંબઈ લઇજવા નીકળ્યા હતા મુર્તિ અહીં આવતા ગાડામાંથી નીચે સરી પડી. અનેક પ્રયાસો છતાં તે ઊચકી શકાયેલ નહિં જે મંદિરમાં પધરાવી હોવાનું કહેવાયા છે. શાસ્ત્ર કથન પ્રમાણે બે મૂર્તિઓ રખાય નહિ તેથી ત્રીજી મુર્તિ પણ સાથે પધરાવી હોવાનું જાણી શકાયુ છે. આ મંદિર મહારાજા તખ્તસિંહજીએ સંવત ૧૯૪૧માં મહારાજા જસવંતસિંહજીના ખેરાળીવાળા રાણી અમજીબાના સ્મરણાર્થે બંધાવ્યું હોવાનું લોક મુખે સાંભળવા મળ્યું છે. જશોનાથ મહાદેવ મંદિરના પાછળ એક વાડીમાં બારસેહ મહાદેવ આવેલ છે. આ મહાદેવની સ્થાપના મહારાજા તખ્તસિંહજીના રાણી હરીબા વઢવાણવાળાએ કરાવેલ છે તેમ કહેવાય છે.

કેવું જશે આપનું આવતું અઠવાડિયું

મેષ - (અ, લ, ઈ) :- મનની શાંતિને નષ્ટ થવાથી બચાવતી વખતે, શક્ય તેટલું વ્યસ્ત રહેવાનો પ્રયાસ કરો. મારા આર્થિક નિર્ણયોમાં સુધારો, આ અઠવાડિયે તમારા જીવનમાં સકારાત્મક અસર કરી શકે છે અને તે તમને ભૂતકાળના દરેક નુકસાનમાંથી બહાર આવવામાં પણ મદદ કરશે. તેથી ફરી એકવાર વસ્તુઓ પાટા પર પાછા આવવાનું શરૂ થશે. સામાન્ય કરતાં આ અઠવાડિયું તમારા પારિવારિક જીવન માટે વધુ અનુકૂળ રહેશે. કારણ કે અઠવાડિયાની શરૂઆત પારિવારિક જીવન માટે ઘણી સારી રહેશે અને આ સમય દરમિયાન પરિવારના સભ્યો વચ્ચે વધુ સારી રીતે તાલમેલ રહેશે. પરિણામે, તમે દરેક ઘરેલુ કાર્યમાં, બેપરવાઈથી ભાગ લઈ શકશો અને પારિવારિક સપોર્ટને કારણે સફળતા પ્રાપ્ત કરી શકશો. પ્રેમ કુંડળી મુજબ આ રાશિ તમારી રાશિના લોકો માટે ખૂબ મહત્વનો સાબિત થશે. કારણ કે તમારી લવ લાઇફમાં કેટલીક સારી ક્ષણો આવશે અને તમે તમારી પ્રેમિકા સાથે સારી જિંદગી પસાર કરી શકશો. આ રાશિના મૂળ લોકોને આ અઠવાડિયામાં પોતાને માટે પુષ્કળ સમય મળશે. પરંતુ તમે તેનો ઉપયોગ કરવાને બદલે તેનો વ્યય કરી શકો છો. તેથી તમે તમારા કેટલાક કાર્યોને પહોંચી વળવા માટે આ સમયનો ઉપયોગ કરી શકો છો.

વૃષભ - (બ, વ, ઉ) ફક્ત તમારી લાગણીઓને બીજાને બતાવવાનું ટાળો. તમારી રાશિના લોકોએ આ અઠવાડિયામાં પૈસા સંબંધિત કોઈપણ જોખમ લેવાનું ટાળવું જોઈએ. કારણ કે આની જેમ, આ સમય દરમિયાન, ઘણી જગ્યાએથી અચાનક પૈસા મળવાની સંભાવના છે. પરંતુ તમે આ સમયે પૈસાનો ઉપયોગ કરો તે પહેલાં, તમારે દરેક પરિસ્થિતિ માટે તમારી જાતને સારી રીત તૈયાર કરવાની જરૂર રહેશે. આ અઠવાડિયે પરિવારમાં તમને તમારા ભાઈ-બહેનોનો સહયોગ મળશે નહી. આ તમને ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં નોંધપાત્ર મુશ્કેલી ઊભી કરી શકે છે. આવી સ્થિતિમાં, તેમના માટે તમારા સંબંધને સુધારવા માટે સતત પ્રયત્નો કરતા રહેવું વધુ સારું રહેશે. આ અઠવાડિયામાં તમે તમારો સમય, શક્તિ અને પૈસા એકતરફી પ્રેમ સંબંધમાં બગાડી શકો છો. આ હોવા છતાં, તમને તમારા અનુસાર ફળ મળશે નહી. આવી સ્થિતિમાં, સામેની વ્યક્તિની લાગણીઓને સમજ્યા વિના, તમારી લાગણીઓને કાબૂમાં રાખ્યા વિના, આ સમયે તમારા માટે સારું રહેશે. આ સમય ખૂબ સારો સાબિત થશે કારણ કે આ સમય દરમિયાન, તમે કેટલાક નવા ઉત્પાદનો શરૂ કરી શકો છો. આ સાથે, તમે આ અઠવાડિયે કેટલાક નવા જોખમો લઈને તમે નિરાશ નહી થશો, જે તમને આ સમયમાં ચોક્કસપણે લાભ કરશે. આ અઠવાડિયે તમારા લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે, આ રાશિના દરેક વિદ્યાર્થીએ યોગ્ય રીતે આયોજિત રીતે આગળ વધવું પડશે.

મિથુન - (ક,છ,ઘ):- પૂર્વજોની સંપત્તિ, જમીન, સંપત્તિ, નીતિ, વગેરે જેવા તમારા પાછલા કોઈપણ રોકાણોને લીધે, આ અઠવાડિયે તમારી આવક વધશે. આવી સ્થિતિમાં, તમે સારી યોજનામાં ફરીથી તે નાણાંનું રોકાણ કરવાનું પણ નક્કી કરી શકો છો. શક્ય છે કે ઘરનો સભ્ય, જેના પર તમે અગાઉ વિશ્વાસ કરીને તમારા રહસ્યને શેર કર્યું હતું, તે આ અઠવાડિયે તમારી સાથે છેતરપિંડી કરી શકે અને તમારો મતદાન અન્ય લોકો માટે ખોલી શકે. તેથી, આવી કોઈ આશંકાને ટાળવા માટે, તમારા ઘરના અન્ય સભ્યોને તમારા રહસ્ય વિશે જણાવવાનું તમારા માટે સારું રહેશે. આ અઠવાડિયે તમારો સ્વભાવ આની જેમ ખુશ રહેશે, પરંતુ જો તમે તમારા પ્રિયજનો સાથે કેટલાક તફાવતો જોવા માંગતા ન હો, તો પણ ફરીથી ઉભરી આવવાની સંભાવના છે. આ સમય દરમ્યાન તમે જોશો કે તમે તમારા જીવનસાથીને તમારો દૃષ્ટિકોણ સમજાવવામાં સામાન્ય કરતાં થોડી વધારે મુશ્કેલી અનુભવો છો. આવી સ્થિતિમાં, આ સમય દરમિયાન તમારું નિયંત્રણ ગુમાવવું વિવાદને વધુ વધારી શકે છે. આ અઠવાડિયામાં તમારે ક્ષેત્રની કામગીરીની બાબતોને હલ કરવા માટે ખૂબ જ શરૂઆતથી તમારી બુદ્ધિ અને પ્રભાવનો ઉપયોગ કરવાની જરૂર છે.

કર્ક - (ડ, હ) :- સપ્તાહની શરૂઆતથી અંત સુધી, ઘણા ગ્રહો આગળ વધશે અને આ તે સમય હશે જ્યારે તમારું સ્વાસ્થ્ય સામાન્ય કરતા વધુ મજબૂત હોય અને તમે વિવિધ પ્રકારની શારીરિક સમસ્યાઓથી છૂટકારો મેળવી શકો. આ રાશિના વતનીઓનો આજે જીવંત સ્વભાવ છે. પરંતુ આ અઠવાડિયામાં, તમારે ફક્ત એક દિવસ ધ્યાનમાં રાખીને નિર્ણય લેવાની તમારી આદતને નિયંત્રિત કરવી પડશે. આવી સ્થિતિમાં, તમારા મનોરંજન માટે હવે વધારે સમય અને પૈસા ખર્ચવાનું ટાળવું તમારા માટે સારું રહેશે. નહિંતર, ભવિષ્યમાં આર્થિક સંકડામણને કારણે બેથી ચાર થઈ શકે છે. આ અઠવાડિયે, તમે તમારી કમ્ફર્ટની મજા માણવા માટે એટલા વ્યસ્ત રહેવા જશો, કે તમારે તમારા પરિવારની જરૂરિયાતો પૂરી કરવા માટે સમય નહીં મળે. જેના કારણે તમે કુટુંબિક વાતાવરણને તણાવપૂર્ણ બનાવી શકો છો, તેનાથી ગુસ્સે થઈ શકો છો. આ અઠવાડિયે તમારી પ્રેમિકા તમારી પાસેથી ઘણી અવાસ્તવિક માંગણીઓ કરી શકે છે.

સિંહ - (મ, ટ) :- આ અઠવાડિયામાં અટવાયેલી આર્થિક બાબતોમાં વધારો થઈ શકે છે, સાથે જ આ સમયમાં ઘણા પ્રકારનાં ખર્ચ તમારા મનમાં રહેશે. જે તમે ન માંગતા હોવ ત્યારે પણ અગવડતા લાવી શકે છે. આ કારણોસર તમે ઘણા પ્રકારનાં નિર્ણયો લેવામાં તમારી જાતને અસમર્થ જોશો. આવી સ્થિતિમાં, દરેક પરિસ્થિતિમાં તમારી જાતને શાંત રાખો અને ખર્ચને કાબૂ કરો. આ અઠવાડિયે આવી ઘણી પરિસ્થિતિઓ તમારી સામે ઊભી થશે, જ્યારે તમારું કુટુંબ અને તમારા મિત્રો તમારી સાથે આધારસ્તંભની જેમ ઊભા જોવા મળશે. કારણ કે આ સમય તમને જરૂરિયાત સમયે મિત્રો અને પરિવારનો ટેકો આપશે. આ અઠવાડિયે તમારા પ્રેમી તમારા અનુભવથી થોડી વધુ સારી સલાહ માંગશે, પરંતુ તમે તેમને સંતુષ્ટ કરવામાં નિષ્ફળ થશો. જેની નકારાત્મક અસર તમારા બંનેના અંગત પ્રેમ સંબંધ પર સ્પષ્ટ દેખાશે. આ અઠવાડિયે, તમારા મોબાઈલ પરની તમારી વેબસાઇટ, તમારા ફાજલ સમયમાં, તમારા ઉપરી અધિકારીઓ દ્વારા નાપસંદ થઈ શકે છે.

કન્યા - (પ, ઠ, ણ) :- આ અઠવાડિયે તમારું સ્વાસ્થ્ય સુધારશે. આને કારણે તમે આ રોગથી કાયમ છૂટકારો મેળવશો. આ અઠવાડિયે આર્થિક રૂપે, તમારા જીવનમાં ઘણા સુધારો થશે. જેના કારણે તમે સરળતાથી બાકી બિલ અને દેવાની ચુકવણી કરવામાં તમારી જાતને સરળતાથી શોધી શકશો. જો કે, આ સમય દરમિયાન, કોઈને પણ પૈસા આપવાનું ટાળો. આ અઠવાડિયે, તમે તમારી કમ્ફર્ટની મજા માણવા માટે એટલા વ્યસ્ત રહેવા જશો, કે તમારે તમારા પરિવારની જરૂરિયાતો પૂરી કરવા માટે સમય નહીં મળે. જેના કારણે તમે કુટુંબિક વાતાવરણને તણાવપૂર્ણ બનાવી શકો છો, તેનાથી ગુસ્સે થઈ શકો છો. તમે આ અઠવાડિયામાં સમજી શકો છો કે પ્રેમ એક અનન્ય લાગણી છે. લવમેટથી તમે નજીકનો અનુભવ કરશો અને તમે પણ તમારી લાગણીઓ તેમની સાથે શેર કરશો. બીજી બાજુ, આ રાશિના લોકો, જે હજી પણ એકલા હતા, તેઓ પણ તેમના જીવનમાં એક ખાસ પછાડી શકે છે. જો કે, આગળ વધતા પહેલા, આગાળની વિશ્વસનીયતા જાણો. જો તમે ભૂતકાળમાં તમારી કારકિર્દીમાં થોડી નિરાશા અનુભવતા હો, તો પછી આ અઠવાડિયામાં વસ્તુઓ પાછો પ્રાપ્ત થવાની શરૂઆત થશે

તુલા - (ર, ત) :- સારા સ્વાસ્થ્ય તરફ પણ તમારા પ્રયત્નો રાખો. જેમણે અગાઉ કોઈપણ પ્રકારની લોન અથવા લોન લીધી હતી, તેઓને આ અઠવાડિયામાં લોનની રકમ ચુકવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. આ પાછળનું મુખ્ય કારણ તમારી સંપત્તિનો સંચય હોઈ શકે છે. તેથી, હવેથી તમારી સંપત્તિ એકઠા કરવાનો પ્રયાસ કરો. જો તમારા માતાપિતાના સ્વાસ્થ્યને અસર થઈ, તો પછી આ અઠવાડિયામાં સુધારો થવાની પ્રબળ સંભાવના છે. આને કારણે, આખા અઠવાડિયામાં તમારું પારિવારિક જીવન ખૂબ સારું રહેશે અને આ સમયગાળા દરમિયાન તમે વાહન અથવા સંપત્તિ ખરીદવાની યોજના બનાવી શકો છો. જો તમે તમારા પ્રેમી સાથે ડેટ પર જાવ છો, તો તે સમય દરમિયાન તમારે વધુ ફોનનો ઉપયોગ કરવાનું ટાળવું પડશે. નહિંતર, જીવનસાથીને ફક્ત ખરાબ લાગશે નહીં, પરંતુ તમારી અને આ વચ્ચે મોટો વિવાદ થવાની સંભાવના પણ છે. આવી સ્થિતિમાં, જ્યારે તમે કોઈ પ્રેમી સાથે હોવ, તો તમારા ફોનનો ઉપયોગ ન કરવો તે તમારા માટે સારું રહેશે. આ અઠવાડિયે ઘણા ઉદ્યોગપતિઓ તેમના વ્યવસાયને નવી દિશા આપવાનું વિચારી શકે છે. જો કે, અત્યારે વધારે જોખમ લેવું તમારા માટે હાનિકારક સાબિત થઈ શકે છે.

વૃશ્ચિક - (ન, ય) :- તમે પણ જાણો છો કે લોકો તમારી પાસેથી શું ઇચ્છે છે. પરંતુ આ હોવા છતાં, તમારે દરેક પર ક્યરો ખર્ચ કરવો પડશે નહીં, જો તમે નહીં ઇચ્છતા હોવ તો પણ, આ અઠવાડિયામાં તમારે તમારી ટેવ સુધારતી વખતે તમારા ખર્ચમાં વધારે વધારો કરવાનું ટાળવું પડશે. આ અઠવાડિયે, તમારી માતા કોઈ પણ લાંબી અને ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓથી છૂટકારો મેળવશે. જેના કારણે તમે તેમની સાથે વધુ અને વધુ સમય પસાર કરવાની ઇચ્છાને જાગૃત કરી શકો છો. માતાપિતાનું સારું આરોગ્ય જોવા માટે, તમે કોઈ ધાર્મિક સ્થળની મુલાકાત લેવાની અથવા તમારા પરિવાર સાથે પિકનિક જવા માટે વિચાર કરી શકો છો. જો કે, આ સમય દરમિયાન પણ, તેના સ્વાસ્થ્ય વિશે સાવચેત રહો. આ રાશિના કેટલાક પ્રેમીઓ આ સમયગાળા દરમિયાન તેમના જીવનસાથી સાથે લગ્ન વિશે વાત કરતા, તેમની ઇચ્છાઓ સામે ખુલ્લી રાખતા જોશે. જો કે, લગ્ન કરવાનું નક્કી કરતા પહેલાં, તમારે કાળજીપૂર્વક વિચાર કરવો પડશે.

ધન - (ભ, ધ, ફ, ઢ) :- સકારાત્મક સમયનો લાભ લઈને તમારા નજીકના લોકો સાથે તાજી હવાનો આનંદ લો. આ અઠવાડિયામાં તમારે મૂર્ખ કાર્યોથી દૂર રહેવાની જરૂર રહેશે, અને પૈસાનો યોગ્ય ઉપયોગ કરવો પડશે. કારણ કે યોગ બનાવવામાં આવી રહ્યા છે કે જો તમે તમારા નજીકના કોઈની પાસેથી કોઈ પ્રકારની રકમની માંગ કરી હોત, તો તમને તેમાં સફળતા મળશે. તેથી સમજદારીથી રોકાણ કરો, અને પૈસાનો યોગ્ય ઉપયોગ કરો. આ સમયે તમે તમારા મિત્રો અને પરિવાર સાથે મનોરંજનનો સમય પસાર કરશો. આ સાથે, તમારું સંપૂર્ણ ઊર્જા અને જબરદસ્ત ઉત્સાહ તમારા કૌટુંબિક જીવનમાં ઘણાં સકારાત્મક પરિણામો લાવશે અને તમને ઘરેલું તણાવથી દૂર રાખવામાં સહાયક સાબિત થશે. આ અઠવાડિયે, તમારા પ્રેમી અને રોમાંસ તમારા મન અને હૃદય પર પ્રભુત્વ ધરાવશે. જેથી તમે કરો છો તે બધા કાર્યોમાં તમે તેમની ગેરહાજરીનો અનુભવ કરશો. આવી સ્થિતિમાં, તમારે ઓફિસથી ઝડપી રજા લેવી જોઈએ અને પ્રેમીને મળવાનું પણ નક્કી કરવું જોઈએ. આ રાશિના લોકો માટે આ સપ્તાહ તેમની કારકિર્દીમાં ખૂબ જ શુભ સાબિત થશે.

મકર - (ખ, જ) :- જો તમે કોઈ લાંબી સમસ્યાથી પીડાતા હો, તો પછી આ સમસ્યાને સંપૂર્ણ રીતે છુટકારો મેળવવા માટે આ સમય પણ કામ કરશે. આ અઠવાડિયે, તમારા મિત્રો અને કેટલાક નજીકના સગાસંબંધી તમને દરેક પગલા પર તમને સહાયતા કરતા, તમામ પ્રકારની આર્થિક મુશ્કેલીઓમાંથી છુટકારો મેળવવામાં મદદ કરશે. જેની સહાયથી તમે તમારી આર્થિક સ્થિતિ સુધારવામાં સમર્થ હશો, સાથે સાથે તમે તમારા કોઈપણ દેવાની ચૂકવણી પણ કરી શકશો. આ સપ્તાહ તમારા પારિવારિક જીવનમાં શાંતિ લાવશે. પરંતુ ઇચ્છ્યા વિના પણ, શક્ય છે કે તમે ઘરની કોઈ વસ્તુ તોડી નાખો અથવા તમે તેને ગુમાવશો, જેના કારણે ઘરના સભ્યો તમને રોષ આપી શકે છે. તેથી શરૂઆતમાં પણ, સાવચેતી તરીકે, એવું કંઈ ન કરો કે જેનાથી ઘરને નુકસાન થાય. અઠવાડિયાની શરૂઆત થોડી ધીમી રહેશે, પરંતુ અઠવાડિયાના મધ્યમાં તમે તમારી જાતને તમારા જીવનસાથીની ખૂબ નજીક જોશો. આ સમય દરમિયાન, તમારી વૈભવી ભાવના પણ ટોચ પર હશે, જેના વિશે તમે આ ઇચ્છા તમારા જીવનસાથીની સામે મૂકી શકશો.

કુંભ- (ગ, શ, ષ, સ) :- ત

કલાયમેટ ચેઈન્જ અર્થતંત્રને ભાંગી નાખશે ૨૦૫૦ સુધીમાં ૩૯ ખરબ ડોલરનું થશે નુકશાન

નવીદિલ્હી,

કલાયમેટ ચેઈન્જના પ્રભાવ હેઠળ દુનિયાભરનાં દેશોમાં હવામાનમાં અસામાન્ય બદલાવ થતા રહ્યા છે.હવે તેનો અર્થતંત્રને મોટો ફટકો લાગી શકે છે. ૨૦૫૦ સુધીમાં વાતાવરણનાં આ ઘટનાક્રમોની અસરથી વૈશ્વિક આવકમાં ૧૯ ટકાનો ઘટાડો થઈ શકે છે. ભારતને લાગે વળગે છે ત્યાં સુધી આવક ૨૨ ટકા ઘટી શકે છે.સંશોધન રીપોર્ટમાં એમ જણાવવામાં આવ્યુ છે કે, વાયુ મંડળમાં અગાઉથી મૌજુદ ગ્રીનહાઉસ ગેસ તથા સામાજીક-આર્થિક કનેકશનને કારણે વૈશ્વિક આવકમાં ઘટાડો શકય છે.

ભારતની વાત કરવામાં આવે તો ૨૨ ટકાનો ફટકો હશે.જે વૈશ્વિક સરેરાશ કરતા ત્રણ ટકા વધુ હશે.કાર્બન ઉત્સર્જનમાં આજથી કાપ મુકવાનું શરૂ થાય તો પણ અર્થતંત્રની અસરમાંથી બચી નહીં શકાય અને ૨૦૫૦ સુધીમાં વૈશ્વિક અર્થતંત્રમાં આવક ૧૯ ટકા ઘટવાનું નિશ્ચિત છે.

જર્મનીના પોટસડેમ ઈન્સ્ટીટયુટ ફોર કલાયમેટ ઈમ્પ્લેટ રીસર્ચનાં વૈજ્ઞાનિકો દ્વારા છેલ્લા ૪૦ વર્ષ દરમ્યાન દુનિયાભરના ૧૬૦૦ થી વધુ ક્ષેત્રોનાં જલવાયું પરિવર્તન સંલગ્ન આર્થિક અસરોનો અભ્યાસ કરીને આ સંશોધન રીપોર્ટ તૈયાર કર્યો છે. નેચરમાં પ્રકાશીત રીપોર્ટમાં એમ કહેવાયું છે કે, ઉતરીય અમેરિકા, યુરોપ સહીત મોટાભાગનાં ક્ષેત્રોમાં આવકમાં મોટો ઘટાડો થવાનું અનુમાન છે.

દક્ષિણ એશીયા તથા આફ્રિકા સૌથી વધુ પ્રભાવીત થશે. વૈશ્વિક વાર્ષિક નુકશાનનું અનુમાન ૨૦૫૦ સુધીમાં ૩૮ ખરબ ડોલરનું ગણાય છે. જેની સંભવીત રેન્જ ૧૯ થી ૫૯ ખરબ ડોલરની અંદાજાય છે.કાયમી ગરમ પ્રદેશોનાં દેશો સૌથી વધુ પ્રભાવીત થશે.

વૈજ્ઞાનિકોનાં કહેવા પ્રમાણે જલવાયું પરિવર્તનની આવતા ૨૫ વર્ષોમાં દુનિયાભરનાં તમામ દેશોમાં અસર થવાનું સુચવાય રહ્યું છે. જર્મની, ફ્રાંસ, અમેરિકા જેવા વિકસીત દેશો પણ તેમાંથી બચી નહીં શકે.આ માર રોકવા માટે બહુ મોટા પ્રયાસો કરવા પડે તેમ છે.

એક્શન-થ્રિલર ફિલ્મ ઉલજનું ટીઝર રિલીઝ થયું

મુંબઈ,

જાન્હવી કપૂરની આગામી ફિલ્મ ઉલજનું ટીઝર રિલીઝ કરવામાં આવ્યું છે. જાન્હવી કપૂરની આ ફિલ્મ સસ્પેંસ અને થ્રિલરથી ભરપુર હશે. જાન્હવી કપૂર આ ફિલ્મમાં એક યંગ ડિપ્લોમૈટની ભુમિકામાં જોવા મળશે. આ પ્રકારના રોલમાં અભિનેત્રી પહેલીવાર જોવા મળશે. ફિલ્મના નિર્દેશક સુધાંશુ સરિયા છે. ફિલ્મમાં ટીઝરમાં જાન્હવી કપૂરનો અંદાજ જોઈ ચાહકોમાં ઉત્સાહ છે. આ ફિલ્મનું ટીઝર જાન્હવી કપૂરે પણ તેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શેર કર્યું છે. જાન્હવી કપૂર ફિલ્મ ઉલજમાં ઈંડિયન ફોરેસ્ટ સર્વિસ ઓફિસરનું પાત્ર ભજવી રહી છે. આ ફિલ્મ દેશભક્તિ પર આધારિત છે. ફિલ્મમાં જાન્હવી કપૂર દેશ વિરુદ્ધ થતા ષડયંત્ર સામે લડતી જોવા મળશે. ઉલજ ફિલ્મનું ટીઝર સસ્પેંસ અને થ્રિલરથી ભરપુર છે. ટીઝરમાં જાન્હવી કપૂરનો દમદાર અંદાજ જોવા મળે છે. આ ફિલ્મમાં

પહેલીવાર જાન્હવી કપૂર એક્શન કરતી પણ જોવા મળશે. ઉલજ ફિલ્મમાં જાન્હવી કપૂર ઉપરાંત ગુલશન દેવૈયા, રોશન મૈથ્યૂ, રાજેશ તૈલંગ, મિયાંગ ચાંગ, સચિન ખેડેકર, રાજેંદ્ર ગુપ્તા અને જિતેંદ્ર જોશી પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મ ૫ જુલાઈએ સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ ફિલ્મ ઉપરાંત જાન્હવી કપૂર મિસ્ટર એંડ મિસેજ માહી અને વરુણ ધવન સાથે સની સંસ્કારી કી તુલસી કુમારી ફિલ્મમાં પણ જોવા મળશે.

મારી પત્નીને કશું થયુ તો આર્મી ચીફને નહીં છોડુ : જેલમાં બેઠા-બેઠા ઈમરાન ખાનની ધમકી

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાને ફરી એક વખત આર્મી ચીફ આસિમ મુનીર પર શાબ્દિક હુમલો કર્યો છે. હાલમાં જેલની હવા ખાઈ રહેલા ઈમરાન ખાને પાકિસ્તાનના સેના પ્રમુખને પોતાની પત્ની બુશરા બીબીને જેલમાં મોકલવા માટે જવાબદાર ઠેરવ્યા છે. ઈમરાન ખાનના પત્ની બુશરા બીબીને ભ્રષ્ટાચારના મામલાની સાથે સાથે ગેરકાયદે લગ્ન માટે પણ કોર્ટે દોષી

ઠેરવ્યા છે. હાલમાં બુશરાબીબી તેમના નિવાસ સ્થાનમાં નજર કેદ છે.

પાકિસ્તાનની તહેરીક એ ઈન્સાફ પાર્ટીના સ્થાપક અને પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાને અડિયાલા જેલમાં પત્રકારો સાથે વાતચીત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે, 'મારી પત્નીને અપાયેલી સજામાં જનરલ મુનીરની સીધી સંડોવણી છે. બુશરાને દોષી જાહેર કરનાર ન્યાયાધીશને આ પ્રકારનો ચુકાદો આપવા માટે જનરલ મુનીરે મજબૂર કર્યા હતા. જો મારી પત્નીને કશું થયુ તો હું મુનીરને નહીં છોડું. હું જ્યાં સુધી જીવતો છુ ત્યાં સુધી મુનીરના પાછળ પડીશ. હું તેમના ગેરબંધારણીય અને ગેરકાયદે કૃત્યોનો પર્દાફાશ કરીશ. '

ઈમરાને આગળ કહ્યુ હતુ કે, 'દેશમાં જંગલ રાજ છે અને દેશના નિર્ણયો જંગલના રાજા દ્વારા લેવામાં આવી રહ્યા છે. મારી પાર્ટીને પેટા ચૂંટણી લડતા રોકવામાં આવી રહી છે. દેશની આર્થિક સ્થિતિ પર ટિપ્પણી કરતા તેમણે કહ્યુ હતુ કે, 'આઈએમએફ પાસે લોન લેવાથી પાકિસ્તાનની ઈકોનોમી સુધરવાની નથી. દેશને મૂડી રોકાણની જરૂર છે

યુપીએસ સિવિલ સેવા ૨૦૨૩નું પરિણામ આવતા અભિનેતા ઈન્સપેક્ટર અભિજીત છવાઈ ગયા

સોશિયલ મીડિયાથી, ગુગુલ સર્ચમાં ઈન્સપેક્ટર અભિજીત સર્ચ કરી લોકોએ શુભકામના પાઠવી

મુંબઈ,

યુપીએસી સિવિલ સેવા ૨૦૨૩નું પરિણામ આવી ચુક્યું છે. આ વખતે ગુજરાતના વિદ્યાર્થીઓએ પણ સારા એવા રેક સાથે પરીક્ષા પાસ કરી છે. આ વખતે લખનૌના આદિત્ય શ્રીવાસ્તવે ટોપ કર્યું છે. તેનું નામ ટોપ લિસ્ટમાં આવ્યું તો લોકો તેને સર્ચ કરવા લાગ્યા અને સોશિયલ મીડિયા પર તેને શુભકામના પણ પાઠવવા લાગ્યા હતા. ગુગલ પર માત્ર આદિત્ય શ્રીવાસ્તવને સર્ચ કરવા લાગ્યા તો ગુગલ પર સીઆઈડી ટીવી શોના ઈન્સપેક્ટર અભિજીત છવાઈ ગયો છે. સોશિયલ મીડિયાથી લઈ ગુગુલ સર્ચમાં આદિત્ય શ્રીવાસ્તવના સ્થાને ઈન્સપેક્ટર અભિજીતને જલવો જોવા મળી રહ્યો છે. આની પાછળ એક રસપ્રદ કારણ પણ છે. સીઆઈડી ટીવી શોના ઈન્સપેક્ટર અભિજીતનું રિયલ લાઈફમાં નામ આદિત્ય શ્રીવાસ્તવ છે. તે ટીવી અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો ચર્ચિત અભિનેતા છે. આદિત્ય શ્રીવાસ્તવને સર્ચ કરતા સૌથી પહેલા તેનું નામ વીકિપીડિયા પર જોવા મળી રહ્યો છે અને તેની સાથે જોડાયેલી કેટલીક લીંક પણ જોવા મળે છે. જ્યારે યુપીએસસી ટોપર આદિત્ય શ્રીવાસ્તવનું નામ સર્ચ કરવામાં આવ્યું તો પહેલા સીઆઈડીનો અભિનેતા જોવા મળી રહ્યો છે.કેટલાક લોકો તો એવું પણ માની રહ્યા છે કે, અભિનેતા યુપીએસસીનો ટોપર છે.

શિલ્પા શેટ્ટી અને રાજ કુન્દ્રાની ૯૭ કરોડની સંપત્તિ જપ્ત : મની લોન્ડ્રિંગ કેસમાં ઈડીની કાર્યવાહી

મુંબઈ

બોલિવૂડ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટી અને તેના પતિ રાજ કુન્દ્રા વિરુદ્ધ ઈડીએ મોટી કાર્યવાહી કરી છે. વાત જાણે એમ છે કે, ઈડી એટલે કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની મુંબઈ શાખાએ પીએમએલએ એક્ટ હેઠળ ફિલ્મ અભિનેત્રી શિલ્પા શેટ્ટી અને તેના પતિ રાજ કુન્દ્રાની ૯૭.૭૯ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી છે. ઈડીના સૂત્રોના જણાવ્યા અનુસાર જપ્ત કરાયેલી સંપત્તિમાં જુહુ સ્થિત એક બંગલો પણ સામેલ છે જે શિલ્પા શેટ્ટીના નામે છે. તેમજ પુણેમાં એક બંગલો પણ સામેલ છે. આ સિવાય ઈઢએ રાજ કુન્દ્રાના નામના કેટલાક શેર પણ જપ્ત કર્યા છે.

વાસ્તવમાં તપાસ એજન્સી ઈડીએ મહારાષ્ટ્રમાં નોંધાયેલી અલગ-અલગ એફઆઈઆરના આધારે પીએમએલએ એક્ટ હેઠળ તપાસ શરૂ કરી હતી. આરોપ એવો હતો કે મેસર્સ વેરિએબલ ટેક પ્રાઈવેટ લિમિટેડ, સ્વ.અમિત ભારદ્વાજ, અજય ભારદ્વાજ, વિવેક ભારદ્વાજ, સિમ્પી ભારદ્વાજ, મહેન્દ્ર ભારદ્વાજ અને અન્ય એમએલએ એજન્ટોએ ખોટા વચનોના આધારે રોકાણકારો પાસેથી આશરે રૂ. ૬૬૦૦ કરોડના બિટકોઈન મેળવ્યા હતા. વર્ષ ૨૦૧૭ જે ૧૦ ટકા વળતર દ્વારા પુનઃપ્રાપ્ત કરવાની ખાતરી આપવામાં આવી હતી અને બિટકોઈન માઈનિંગમાં અંગત હિતો માટે તેનો ઉપયોગ કર્યો.

સદ્‌ગુરૂએ કોઈમ્બતુરમાં મત આપ્યો

બધાને મતાધિકારનો ઉપયોગ કરવા વિનંતી કરી

કોઈમ્બતુર

સદ્‌ગુરુએ શુક્રવારે લોકસભાની ચૂંટણીના પહેલા તબક્કામાં તમિલનાડુના કોઈમ્બતુરમાં તેમનો મત આપ્યો. બે દિવસ પહેલા, સદ્‌ગુરુએ નોટાની (NOTA) વિરુદ્ધમાં ટ્વીટ કરીને લોકોને નોટા પસંદ કરીને તેમના અધિકારનો વ્યય ન કરવા કહ્યું હતું.

"૧૮ વર્ષથી વધુની વયના દરેક નાગરિકે આ સૌથી મૂળભૂત હક અને જવાબદારીનો ઉપયોગ કરવો જ જોઈએ, જેના થકી આવતા પાંચ વર્ષમાં દેશને આગળ કોણ લઈ જશે તે નક્કી કરવામાં આવે છે. લોકશાહીની પ્રક્રિયામાં રહેલી આ શક્તિને વ્યય ન જવા દો અને નોટા પસંદ કરીને ભારત અને ૧ અબજથી વધુ લોકોના ભવિષ્યના નિર્માણમાં સક્રિય રીતે ભાગ

લેવાની તમારી શક્તિનો વ્યય ન કરો. ચાલો આ કરી બતાવીએ, પ્રેમ અને આશીર્વાદ. - સદ્‌ગુરુ", તેમણે ટ્વીટ કરેલું.પહેલા, સદ્‌ગુરુએ ભારતીય રાજકારણમાં મહિલા આગેવાનો વિરુદ્ધ થઈ રહેલી લૈંગિક અને અભદ્ર ટિપ્પણીઓની ટીકા કરી હતી.

આગામી ટી ૨૦ વર્લ્ડ કપ માટે કીપર-બેટ્સમેન તરીકે પંત બેસ્ટ,પોન્ટિંગ

નવીદિલ્હી,

દિલ્હી કેપિટલ્સના મુખ્ય કોચ રિકી પોન્ટિંગની આગામી ટી ૨૦ વર્લ્ડ કપ માટેની ભારતીય ટીમમાં, રિષભ પંતને "અઠવાડિયાના દરેક દિવસે" સામેલ કરવામાં આવશે, જોકે ચાલી રહેલા આઈપીએલમાં કેટલાક અવિશ્વસનીય પ્રદર્શન સાથે કેટલાક જાણીતા નામો છે. દાવા કરી રહ્યા છે. ડિસેમ્બર ૨૦૨૨માં થયેલા ભયાનક કાર અકસ્માત બાદ પંત ફરીથી રમી શકશે કે કેમ તે અંગે પોન્ટિંગને ખાતરી નહોતી. પરંતુ તેની નોંધપાત્ર લવચીકતાની પાછળ એક્શનમાં પાછા ફર્યા પછી તે જે રીતે પ્રભાવિત કરી રહ્યો છે તે જોતાં, ડીસી મુખ્ય કોચ ધાર પર છે. આઈપીએલના અંતે ન્યૂયોર્ક જવા માટે પ્લેનમાં કોણ ચઢવું તે અંગે કોઈ શંકા બાકી નથી.પોન્ટિંગ (ઋષભ પંત પર રિકી પોન્ટિંગ)એ ઈન્ટરવ્યુમાં કહ્યું, "શું હું માનું છું કે રિષભ વર્લ્ડ કપની ટીમમાં હોવો જોઈએ? હું ચોક્કસ માનું છું. તે આઈપીએલના અંત સુધી ડબ્લ્યુટી ૨૦ ટીમમાં રહેવાને લાયક છે.

CIFDAQ ભારતમાં લોન્ચ કરે છે ગ્રાઉન્ડ બ્રેકિંગ બ્લોકચેન ઈકોસિસ્ટમ

કંપની બ્લોકચેન લેયર ૧, મૂળ કોઈન, વિનિમય સેવાઓ, MPC વૉલેટ, DeFi, NFT, ગેમિંગમાં ફેલાયેલા સંકલિત ઉકેલો અને અન્ય ઉત્પાદનો પ્રદાન કરે છે

મુંબઈ

CIFDAQ - AI દ્વારા સંચાલિત નવીન બ્લોકચેન ઈકોસિસ્ટમનું ઉત્ક્રાંતિ, એ એક નવા યુગની ફિનટેક કંપની છે જે બ્લોકચેન લેયર ૧, મૂળ કોઈન, વિનિમય સેવાઓ, MPC વૉલેટ, DeFi, NFT, ગેમિંગમાં ફેલાયેલા સંકલિત ઉકેલો અને અન્ય ઉત્પાદનો પ્રદાન કરે છે. ભારતમાં તેની કામગીરી શરૂ કરવાની જાહેરાત કરી છે.

CIFDAQ ના નવીન સોલ્યુશન્સ પરંપરાગત ફ્રેમવર્ક અને બ્લોકચેન ટેક્નોલોજી વચ્ચેના અંતરને દૂર કરે છે, ઝડપથી વિકસતા વેબ ૩.૦ લેન્ડસ્કેપમાં વિકાસ માટે વ્યવસાયોને સશક્ત બનાવે છે, કેન્દ્રિય સરકાર, વિકેન્દ્રિત અર્થતંત્ર અને વપરાશકર્તાઓના હિતો વચ્ચે સંતુલન સુનિશ્ચિત કરે છે, CIFDAQ પારદર્શિતા, સુરક્ષા, માપનીયતા અને સિનિયરને કેન્દ્રિય અર્થતંત્રો સાથે પ્રાથમિકતા આપે છે. CIFDAQ બ્લોકચેન ઈકોસિસ્ટમ ઈન્ડ લિમિટેડ હવે ભારતમાં સત્તાવાર રીતે નોંધાયેલ છે અને તેનું મુખ્ય મથક મુંબઈમાં છે, જેમાં વધારાની ઓફિસો વ્યૂહાત્મક રીતે દિલ્હી, બેંગલુરુ અને કોલકાતામાં સ્થિત છે. ભારતીય બજારમાં તેનું પદાર્પણ બ્લોકચેન લેન્ડસ્કેપને આગળ વધારવાની તેની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. આ પ્રસંગે CIFDAQ ના સ્થાપક અને અધ્યક્ષ હિમાંશુ મરાડિયાએ ભારતમાં CIFDAQના પ્રવેશ માટે તેમનો ઉત્સાહ વ્યક્ત કરતા કહે છે કે, "અમે CIFDAQ ની સફરના આ નવા પ્રકરણની શરૂઆત કરવા માટે રોમાંચિત છીએ કારણ કે અમે ગતિશીલ અને ગતિશીલ ભારતીય બજારમાં પગ મૂક્યો છે. અમારા નવીન ઉકેલો તૈયાર છે. ભારતના બ્લોકચેન અને ડિજિટલ ફાઈનાન્સ ઈકો સિસ્ટમમાં હાજર અનોખા પડકારો અને તકોને સંબોધવા અમારું લક્ષ્ય વિવિધ ક્ષેત્રોમાં વૃદ્ધિ અને નવીનતા વધારવા, સુરક્ષા અને કાર્યક્ષમતા ધરાવતા વ્યવસાયો અને વ્યક્તિઓને સશક્ત બનાવવાનો છે." રાહુલ મરાડિયા (સહ-સ્થાપક અને ગ્લોબલ સીઈઓ)એ ટિપ્પણી કરી, "અમે CIFDAQ ને પરિવર્તન માટે ઉત્પ્રેરક તરીકે, વ્યવસાયો અને વ્યક્તિઓને અત્યાધુનિક સોલ્યુશન્સ સાથે સશક્ત બનાવવાની કલ્પના કરીએ છીએ જે ડિજિટલ ફાઈનાન્સમાં સુરક્ષા, કાર્યક્ષમતા અને સુલભતામાં વધારો કરે છે. અમારું ધ્યેય બ્લોકચેન ઈકોસિસ્ટમમાં ક્રાંતિ લાવવાનું છે અને તેની સંપૂર્ણ ક્ષમતાને વધુ સમાવિષ્ટ અને સમૃદ્ધ ભવિષ્ય માટે માર્ગ મોકળો કરવાનો છે.

ન શાહરુખની બાદશાહી, ન સલમાનની દબંગાઈ આલિયા ભટ્ટ અને સાક્ષી ભારતના પ્રભાવશાળી

મુંબઈ

બોલિવૂડ એક્ટ્રેસ આલિયા ભટ્ટે ટાઈમ ૧૦૦ મોસ્ટ ઈન્ફ્લ્યુશિયલ પીપલ ઈન વર્લ્ડ ૨૦૨૪ લિસ્ટમાં સ્થાન મેળવ્યું છે. આ લિસ્ટમાં આલિયા એકમાત્ર ભારતીય કલાકાર છે.ફરી એકવાર આલિયા ભટ્ટે ઈતિહાસ રચ્યો છે. તેણીને વિશ્વની ૧૦૦ સૌથી પ્રભાવશાળી વ્યક્તિઓમાં સામેલ કરવામાં આવી છે. ૨૦૨૪ના સમયના ૧૦૦ સૌથી પ્રભાવશાળી લોકોની યાદીમાં આલિયા ભટ્ટ એકમાત્ર ભારતીય

અભિનેત્રી છે. દુઆ લિપા, દેવ પટેલ, ૨૧ સેવેજ, કોલમેન ડોમિંગો અને લોરેન ગ્રૉફ જેવા કલાકારો સાથે આલિયા ભટ્ટનું નામ ૧૭ એપ્રિલે રિલીઝ થયેલી ટાઈમના ૧૦૦ સૌથી પ્રભાવશાળી લોકોની યાદીમાં પણ સામેલ છે.

આલિયા ભટ્ટ ઓગસ્ટ ૨૦૨૩માં હોલીવુડની ફિલ્મ હાર્ટ ઓફ સ્ટોનમાં મહત્વની ભૂમિકામાં જોવા મળી હતી. આ ફિલ્મથી તેને વિશ્વભરમાં ઓળખ મળી હતી. આ ઉપરાંત ગયા વર્ષે મેટ ગાલામાં પણ આલિયાની હાજરીએ તેને વિશ્વ મંચ પર ચમકાવી હતી. આલિયા માત્ર એક્ટર તરીકે જ નહીં પરંતુ બિઝનેસ વુમન તરીકે પણ ઉભરી છે. તમને જણાવી દઈએ કે વર્ષ ૨૦૨૩માં શાહરૂખ ખાન અને ઈઈઈ ફેમ ડાયરેક્ટર એસએસ રાજામૌલીએ સમયની આ યાદીમાં પોતાનું સ્થાન બનાવ્યું હતું.

આ વર્ષે ભારતના પ્રભાવશાળી લોકોની યાદીમાં આલિયા ભટ્ટ ઉપરાંત રેસલર સાક્ષી મલિકનું નામ પણ સામેલ છે. સાક્ષી મલિક યૌન ઉત્પીડન કેસમાં વિરોધ પ્રદર્શન દરમિયાન ઘણી ચર્ચામાં રહી હતી. તેના પરફોર્મન્સની દુનિયાભરમાં ચર્ચા થઈ હતી.

સ્ટુડન્ટ ઑફ ધ યરથી હિન્દી સિનેમામાં ડેબ્યુ કરનાર આલિયા ભટ્ટે થોડા જ સમયમાં પોતાની અભિનય શક્તિ સાબિત કરી દીધી. તેની કારકિર્દીમાં, તેણે હાઈવે, કપૂર એન્ડ સન્સ, ઉડતા પંજાબ, ડિયર જિંદગી, રાઝી, ગલી બોય, ઈઈઈ, બ્રહ્માસ્ત્ર અને રોકી ઔર રાની કી પ્રેમ કહાની જેવી સફળ ફિલ્મો કરી છે. આલિયા ભટ્ટે ૧૪ એપ્રિલ ૨૦૨૨ના રોજ અભિનેતા રણબીર કપૂર સાથે લગ્ન કર્યા હતા.

વિક્રાંત મેસીની '૧૨મી ફેલ' ભારત પછી ચીન દેશમાં મચાવશે ધૂમ

મુંબઈ

વિક્રાંત મેસીની સૌથી લોકપ્રિય ફિલ્મ '૧૨મી ફેલ' રિલીઝ થતાની સાથે જ ભારતમાં લોકપ્રિય થઈ ગઈ હતી. તેની સ્ટોરીથી લઈને તેની સ્ટાર કાસ્ટ સુધી તેણે લોકોના દિલ જીતી લીધા છે. વિક્રાંત મેસી અને મેધા શંકરની ફિલ્મ '૧૨મી ફેલ' રિલીઝના ૫ મહિના પછી પણ જોરદાર ચાલી રહી છે. વિધુ વિનોદ ચોપરા દ્વારા નિર્દેશિત આ ફિલ્મ આઈપીએસ ઓફિસર મનોજ કુમાર શર્માના જીવનમાં આવેલા ઉતાર-ચઢાવને દર્શાવે છે. '૧૨મી ફેલ' થિયેટરો પછી ઓટીટી પર રિલીઝ થઈ હતી, ત્યારબાદ હવે આ ફિલ્મ વિદેશમાં પણ ધમાકો કરવા માટે તૈયાર છે.

વિક્રાંત મેસીની '૧૨મી ફેલ' ભારત બાદ હવે ચીનમાં રિલીઝ થવાની તૈયારીમાં છે. ફિલ્મમાં લીડ રોલમાં જોવા મળેલા વિક્રાંત મેસી અને મેધા શંકર બંને ચીનમાં ફિલ્મની રિલીઝને લઈને ખૂબ જ ખુશ છે. હાલમાં જ ઈન્ટરવ્યુમાં વિક્રાંતે કહ્યું હતું કે તે પ્રમોશન માટે ચીન જશે કે નહીં તે નક્કી કરવું બહુ વહેલું છે. વિક્રાંતે કહ્યું, 'ફિલ્મ ક્યારે રિલીઝ થશે તે વિશે વાત કરવી ખૂબ જ વહેલું છે, પરંતુ હું ખરેખર ખૂબ જ ખુશ છું.'તમને જણાવી દઈએ કે આમિર ખાન આ પહેલા પોતાની ફિલ્મ 'દંગલ'ના પ્રમોશન માટે ચીન ગયો હતો અને ત્યાં પણ આ ફિલ્મ હિટ રહી હતી. તેની ફિલ્મ 'ઉ ઈડિયટ્સ'એ પણ આ દેશમાં સારી કમાણી કરી હતી. વિક્રાંતે જણાવ્યું કે '૧૨મી ફેલ' પાછળની ટીમ છેલ્લા કેટલાક સમયથી ચીનમાં તેની રિલીઝ પર કામ કરી રહી હતી. તેણે કહ્યું કે આ ફિલ્મ ચીનમાં ૨૦,૦૦૦ થી વધુ સ્ક્રીન પર બતાવવામાં આવશે.

રાજકોટમાં સ્પા સંચાલકો સાથે ડીસીપીની બેઠક યોજાઈ : કર્મચારીઓની ફરજિયાત નોંધણી કરવા તાકીદ

રાજકોટ,

રાજકોટમાં પોલીસ કમિશ્નરના જાહેરનામા અને વિવિધ કાયદાકીય સમજ માટે ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ દ્વારા સ્પા સંચાલકોની બેઠક બોલાવી જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

એસઓજી વિભાગ તરફથી મળેલી માહિતી મુજબ રાજકોટ શહેર પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ, અધિક પોલીસ કમિશ્નર વિધી ચૌધરીની સુચના અન્વયે રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ તમામ સ્પા સેન્ટરોમાં કામ કરતા કર્મચારીઓની નોંધણી નજીકના પોલીસ સ્ટેશનમાં કરવાની હોય જે અનુસંધાને પોલીસ કમિશ્નરના જાહેરનામાની ચુસ્તપણે અમલવારી થાય તેવી સુચના આપવામાં આવેલ છે.

જે સબંધે ગઈકાલે રાજકોટ શહેર એસઓજી શાખા ખાતે ડીસીપી (ક્રાઈમ અને સ્પેશ્યલ બ્રાન્ચ) ડો. પાર્થરાજસિંહ ગોહિલની અધ્યક્ષતામાં શહેરમાં સંચાલીત તમામ સ્પા સેન્ટરોના માલીકો સાથે મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. આ મીટીંગ દરમિયાન તમામ સ્પા સંચાલકોને પોતાના સ્પામાં કામ કરતા તમામ કર્મચારીઓની નોંધણી નજીકના પોલીસ સ્ટેશનમાં સમયસર કરાવવા સુચનાઓ આપવામાં આવી હતી. પોતાના સ્પામાં ડ્રગ્સને લગત તથા અન્ય કોઈ ગેરકાયદેસર પ્રવૃતિ ન થાય તે માટે તકેદારી રાખવા સુચના આપી હતી.આવી પ્રવૃતિઓ વિરૂધ્ધની વિવિધ કાયદાકીય જોગવાઈ અંગે સમજ કરવામાં આવી હતી. આ તકે એસઓજી પીઆઈ જે.એમ. કૈલા, એએચટીયુ પીઆઈ કે.જે. કરપડા, એસઓજી પીએસઆઈ ડી.પી. ગોહેલ, એસઓજીનો સ્ટાફ તેમજ આ સંચાલકે ઉપસ્થિત રહ્યા હતા.

શહેરના વોર્ડ-૮ના લક્ષ્મીનગરમાં રામેશ્વર મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશભાઈ રાઠોડ સહિતના અગ્રણીઓએ પુજન-દર્શન-અર્ચનનો લાભ લીધો

રાજકોટ

શહેરના વોર્ડ–૮મા લક્ષ્મીનગર સોસાયટી વિસ્તારમાં રામેશ્વર મંદિરમા રામનવમીના પવિત્ર દિવસે શ્રી રામચંદ્ર ભગવાનની મુર્તિનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. આ તકે શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશભાઈ રાઠોડએ ભગવાનશ્રી રામના આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં રામલલાના દર્શન–પૂજન કરીને આશિર્વાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી. આ તકે વોર્ડપ્રમુખ જયસુખભાઈ મારવીયા તેમજ કિશનભાઈ સોહેલ, નિલેશભાઈ ભટ્ટ સહીતના ઉપસ્થિત રહયા હતા.

રાજકોટમાં મનપા દ્વારા આંગણવાડી ખાતે મંગલ દિવસની ઉજવણી

રાજકોટ,

રાજકોટ મહાપાલિકાનાં આઈ.સી.ડી.એસ અર્બન વિભાગ ઘટક-૩ની રેલનગર -૧ તથા આંગણવાડી કેન્દ્ર નં ૧૦, રેલનો ઘકકો-૧ તથા આંગણવાડી કેન્દ્ર નં ૧૨, સદગુરૂ બાલવાડી કેન્દ્રમાં ડેપ્યુડટી કમિશ્નરશ્રી સ્વતપનિલ ખરેનાં માર્ગદર્શન હેઠળ મંગળ દિવસની ઉજવણી કરવામાં આવેલ. પ્રોગામ ઓફિસર ડો. લલિત વાંજાની અધ્યક્ષતામાં તથા સેન્ટ્રેલ ઝોનના બાળ-વિકાસ યોજના અધિકારી પૂજાબેન જોષી અને મુખ્યિ સેવિકા દવે તૃમ્તિબેનની ઉપસ્થિનતિમાં કાર્યકર બહેનો તથા હેલ્પરર બહેનો દ્વારા અન્નપ્રાસન તથા બાલદિવસની ઉજવણી કરવામાં આવી જેમાં પ્રોગ્રામ?ઓફિસર દ્વારા અન્નપ્રાસનું મહત્વર વિષે જાણકારી અને વિસ્તૃ તમાં સમજાવવામાં આવ્યું તથા બાળકોના જન્મત દિવસની ઉજવણી કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં બાળમેળાનું પણ સુંદર આયોજન કરવામાં આવેલ.

રવિવારે સદગુરૂદેવ પૂ. રણછોડદાસજીબાપુનો ૫૪મો મહાસમાધિ દિવસ : આશ્રમમાં ધાર્મિક કાર્યક્રમો યોજાશે

સવારે ષોડશોપચાર પૂજન, સમુહ પાઠ, બપોરે ભંડારો, ચરણપાદુકા પૂજન, અખંડ પાઠનું આયોજન

રાજકોટ,

પ.પૂ.શ્રી રણછોડદાસજી બાપુ આશ્રમ રાજકોટ દ્વારા પ.પૂ.શ્રી સદગુરૂદેવ ભગવાન શ્રી રણછોડદાસજીબાપુનાં ૫૪માં મહાસમાધિ દિવસ એટલે કે ચૈત્ર સુદ-૧૩, ૧૯૭૦માં સૂર્યા એપાર્ટમેન્ટ, બ્રિચકેન્ડી હોસ્પિટલની સામે, મુંબઈમાં પ.પૂ. શ્રી સદગુરૂ દેવ ભગવાનશ્રી રણછોડદાસજીબાપુએ આ માનવસૃષ્ટિમાં તેઓએ કરેલા દિવ્ય માનવ સેવાના રાહત કાર્યો તથા માનવધર્મ સ્થાપિત કરીને દિવ્યજયોત રૂપી શરીર છોડીને સૂક્ષ્મ રૂપમાં બિરાજયા એટલે કે ચૈત્ર સુદ-૧૩, ૨૦૨૪માં તેઓનાં મહાસમાધિનાં ૫૪ વર્ષ પૂર્ણ થાય છે. આ ૫૪માં મહાસમાધિ દિવસ એટલે કે ચૈત્ર સુદ-૧૩, ૧૯૭૦ રવિવારનાં ૨.૩૮ મીનીટે શરીર છોડેલ હતું.

આ મહાસમાધિ નિમિત્તે તા.૨૧મીના રવિવારે વિવિધ કાર્યક્રમો યોજાશે. જેમાં સવારે ૯ થી ૧૦.૩૦ પરમ પૂજયશ્રી સદગુરૂદેવ ભગવાનશ્રીનું ષોડષોપચાર સમુહ પૂજન, રામરક્ષા સ્ત્રોત, અભિષેક, પ્રાર્થના, સ્વાધ્યાય અંતર્ગત શ્રી રામ સ્તવરાજ પાઠ શ્રૂલોક, સમુહપાઠ તથા એક એક શ્રૂલોક સાથે પુષ્પાંજલી અપાશે. બપોરે ૧૧.૩૦ કલાકે, સારસ્વત બ્રાહ્મણ બ્રહ્મભોજન તથા સંત ભગવાન ભંડારો તથા દક્ષિણા, સદગુરૂ આશ્રમની અંદર, રાજકોટ ખાતે રાખેલ છે. આ ભંડારાનાં દાતા દર્શનભાઈ નંદાણી તથા રીટાબેન નંદાણી તથા પ્રકાશચંદ્ર ધીરજલાલ ઠરારનાં પુત્ર ડો. મોનીલ પી. ઠકરાર સહભાગી થયેલ છે. બપોરે ૧૨ થી ૧.૩૦ સુધી ભોજનરૂપી સદગુરૂ મહાપ્રસાદ (સર્વ ધર્મપ્રેમી ભાઈ-બહેનો માટે પ.પૂ. શ્રી રણછોડદાસજીબાપુ આશ્રમની સામેનું ગ્રાઉન્ડ, આશ્રમ માર્ગ, રાજકોટ ખાતે યોજવામાં આવેલ છે.બપોરે ૨.૪૫ કલાકે પરમ પૂજય શ્રી સદગુરૂદેવ ભગવાનશ્રીનું ચરણ પાદુકા પૂજન થશે. બપોરે ૪ થી ૬ સુંદરકાંડના સમુહ પાઠ, સંગીતમયી શૈલીથી નિજ મંદિર હોલમાં કરવામાં આવશે. તા. ૨૧ના રવિવારે સાંજે ૬ કલાકે નિજમંદિર હોલમાં સંગીતમય શૈલીમાં શ્રી રામચરિતમાનસજીના અખંડ પાઠ થશે. સર્વધર્મપ્રેમી ભાઈ-બહેનો તથા ગુરૂભાઈ-બહેનોને પ.પૂ. શ્રી સદગુરૂદેવ રણછોડદાસજીબાપુનો મહાસમાધિ દિવસનાં યોજાયેલા કાર્યક્રમોમાં પધારવા પ્રવીણભાઈ વસાણીએ અનુરોધ કર્યો છે.

નિલકંઠ મહાદેવમાં દર્શન-પુજન-અર્ચન કરી આશીર્વાદ મેળવતા પરશોતમભાઈ રૂપાલા



રાજકોટ

શહેરના વોર્ડ–૧૦માં જલારામ–૨ સોસાયટીમાં આવેલ શ્રી નિલકંઠ મહાદેવ મંદિરમાં રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ દેવાધિદેવ મહાદેવના દર્શન–પૂજન–અર્ચના કરી આશીર્વાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી. આ તકે મંદિરના પુજારીશ્રીએ પુજાવિધિ સંપન્ન કરાવેલ હતી. તેમજ પરશોતમભાઈ રૂપાલાએ ભોળાનાથજીનુ શીશ ઝુકાવી સર્વેના કલ્યાણની મંગલકારી કામના કરેલ હતી. આ પ્રસંગે રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, મનીષભાઈ ભટ્ટ, વોર્ડ–૧૦ના સંગઠનના હોદેદારશ્રીઓ,કોર્પોરેટરશ્રીઓ તથા વિવિધ અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા.

રાજકોટમાં વિવેકાનંદ યુથ ક્લબ દ્વારા ૧૦ દિવસમાં ૧૮૦૦ જોડી નવા સ્લીપરનું વિતરણ કરાયું

રાજકોટ,

સેવાભાવી સુકાનીઓ પ્રવીણભાઈ ગોસ્વામી અને અનુપમ દોશી સ્લીપર વિતરણ અભિયાન અંગે માહિતી આપતા જણાવે છે કે રાજકોટ શહેરમાં અનેક વિધ સેવાકીય પ્રવૃતિ કરતી રાજ્ય સરકાર દ્વારા શ્રેષ્ઠ સેવા સંસ્થા એવોર્ડ વિજેતા વિવેકાનંદ યુથ ક્લબ દ્વારા ૧૯૯૮ની સાલથી દર વર્ષે ઉનાળાની શરૂઆત થતાં જ બળબળતા તાપમાં ઉઘાડા પગે ફરતા નાના બાળકોથી લઈ વડીલોને નવા સ્લીપરનું વિતરણ કરે છે.

આ વર્ષે પણ ઉનાળાની શરૂઆતમાં જ આકરો તાપ ગરમી પડવાની શરૂઆત થતા સંસ્થા દ્વારા ચૈત્રી નવરાત્રિના પ્રથમ દિવસથી માતાજીના આશીર્વાદ થી અભિયાનનો પ્રારંભ કરેલ છે અને સેવાભાવી ક્ષત્રીય અગ્રણી રાજદીપસિંહ જાડેજા (વાવડી), રઘુવંશી અગ્રણી વસંતભાઇ ગાદેશા, ચંદુભાઈ રાયચૂરા, મનુભાઈ મીરાણી, પંકજભાઈ માણેક, સિંગાપુર નિવાસી બિપિનકુમાર શાંતિલાલ પારેખ, મોઢવણીક સમાજના અગ્રણી પ્રકાશભાઈ ગાંગડીયા, જૈન શ્રેષ્ઠી સ્વ. અમૂલખભાઈ સંઘવી પરિવારના સહયોગથી સ્લીપર વિતરણ અભિયાન શરૂ થયાના ૧૦ દિવસમાં ૧૮૦૦ જોડી નવા સ્લીપરનું જરૂરિયાતમંદોને વિતરણ કરવામાં આવેલ છે.

સંસ્થાના કાર્યકર્તાઓ દરરોજ સાયકલ-સ્કૂટરમાં નિકડીને બાળકોના, બહેનોના અને ભાઈઓના વિવિધ સાઈઝના સ્લીપર અલગ અલગ થેલામાં ભરીને શહેરના ઉદ્યોગનગર, આજી વસાહત, માર્કેટિંગ યાર્ડ, ગાંધીગ્રામ, રૈયાધાર, દાણાપીઠ, ગોંડલ રોડ, જંકશન પ્લોટ, મવડી રોડ, કાલાવડ રોડ, ભાવનગર રોડ, આજીડેમ વિસ્તાર, કોઠારીયા રોડ, નવા રીંગ રોડ, સહિતના વિસ્તારોમાં તેમજ શહેરની ભાગોળે આવેલા શાપર, મેટોડા, રતનપર, કુવાડવા, માધાપર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં જઈને ૫૦૦૦ જોડી નવા સ્લીપરનું વિતરણ કરશે.

રાજકોટના બાપુનગર મુકતીધામમાં અસ્થિફુલનું પૂજન બાદ હરિદ્વારમાં વિર્સજન

રાજકોટ,

જય સરદાર યુવા ગ્રુપના નેજા હેઠળ બાપુનગર મુકતીધામનો સુચારૂ વહિવટ ચલાવે છે. કોરોના કાળના કપરા સમયમાં રાત-દિવસ જાગીને આશરે ૫૫૦૦ માનવદેહોને અગ્નિ સંસ્કાર કરીને આ યુવાનોએ માનવ સેવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડેલ છે. આ સેવા ભાવનાની નોંધ લઈને ૮૦' રોડ સ્થિત બાપુનગર સ્મશાનને વધુ સગવડતા મળી રહે એ હેતુસર રાજય સરકાર દ્વારા સ્વર્ણિમ વિકાસ યોજના હેઠળ ૨ કરોડ ના ખર્ચે નવીનીકરણ કરવા મા આવશે.

જેમાં મુકિતધામ પરિસરમાં આધુનિક વિશ્રાંતી રૂમ, ચાર બેડ સાથેનું અદ્યતન અગ્નિ સંસ્કાર હોલ, છાણા અને લાકડાના સ્ટોર માટે રૂમો, મૃત્યુદેહ સાચવવા માટે મોટા રૂમ તથા સ્મશાનયાત્રામાં જોડાનાર સ્વજનો માટે આરામ દાયક બેઠક વ્યવસ્થાનો સમાવેશ થશે. દર વર્ષની માફક આ વર્ષે પણ સંસ્થા તરફથી ૨૦૨૩-૨૪ ના વર્ષ દરમ્યાન સ્વધામે ગયેલ આત્માઓના મોક્ષ પ્રદાન માટે મૃતકના સ્વજનોને સાથે રાખીને તા.૨૧-૦૪-૨૦૨૪ ન ને રવિવાર નારોજ અસ્થિફુલનું પુજન કરાશે, અને વિર્સજન જય સરદાર યુવા ગ્રુપના યુવાનો અને જે કોઈ સ્વજનોને આવવું હોય તેઓને સાથે રાખીને હરિદ્વાર ખાતે હરકીપોરી ઉપર તા.૦૩-૦૫-૨૦૨૪ નારોજ સંપુર્ણ શાસ્ત્રોકત પધ્ધતિથી પુજા અર્ચન દ્વારા ગંગામાં વિર્સજીત કરવામાં આવનાર છે. ૧૪૦૦ અસ્થિઓનું વિસર્જન કરવામાં આવશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા મેને.ટ્રસ્ટી રમેશભાઇ વેકરીયા, અશ્વીનભાઈ પાંભર, અતુલભાઈ પોકર, વીપુલભાઈ પાંભર, ચંદુભાઈ ઘેલાણી, સંજયભાઇ વઘાસીયા, હીરેનભાઈ ગોસ્વામી જહેમત ઉઠાવી રહયા છે.

શહેરના અગ્રણી ગૌતમભાઈ ધમસાણીયાના પરિવારની સૌજન્ય મુલાકાત લેતા પરશોતમભાઈ

રાજકોટ

શહેરના યુનિવર્સિટી રોડ સ્થિત જલારામ–૨ સોસાયટીમાં અગ્રણી ગૌતમભાઈ ધમસાણીયા પરિવારની રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ સૌજન્ય મુલાકાત લીધી હતી. આ તકે રૂપાલાજીનું ધમસાણીયા પરિવારના સભ્યો ગૌતમભાઈ ધમસાણીયા, નર્મદાબેન, પરેશભાઈ અને પંકજભાઈ ધમસાણીયા ધ્વારા ઉષ્માસભર સ્વાગત કરવામાં આવ્યું હતું.આ તકે રૂપાલાજીએ ધમસાણીયા પરિવાર સાથે સ્નેહસભર વાતાવરણમાં અલ્પાહાર લીધો હતો. સાથે રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા પણ ઉપસ્થિત રહયા હતા. આ તકે હરેશભાઈ વોરા, વિજયભાઈ ડોબરીયા, અમૃતભાઈ ગઢકીયા, રમેશભાઈ જીવાણી, ભરતભાઈ બારૈયા, મહેશભાઈ ટોપીયા સહિતના સાથે ઉપસ્થિત રહયા હતા.

જે.કે. એન્ટરપ્રાઈજ ઈન્ટરનેશનલ કુરીયરની ઓફીસના ઉદઘાટન પ્રસંગે અતિથિવિશેષ પદે ઉપસ્થિત રહેતા પરશોતમભાઈ રૂપાલા

સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ડો.દર્શીતાબેન શાહ સહીતના ઉપસ્થિત રહયા

રાજકોટ

શહેરની ચૌધરી હાઈસ્કુલ પાસે ઉમેશ કોર્મશીયલ કોમ્પલેક્ષમાં જે.કે. એન્ટરપ્રાઈઝ ઈન્ટરનેશનલ કુરીયર ઓફીસનું ઉદઘાટન રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાના વરદ હસ્તે કરવામાં આવેલ હતું. આ તકે સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહ સહિતના ઉપસ્થિત રહયા હતા. જે.કે. એન્ટરપ્રાઈઝ ઈન્ટરનેશનલ કુરીયરની રાજકોટ ખાતે બીજી ઓફીસ અને ઈન્ટરનેશનલ કુરીયર સર્વીસ પુરી પાડશે.આ પ્રસંગે જે.કે. એન્ટરપ્રાઈઝના ધનેશ વિરાણી, ચંદુભાઈ વિરાણી, ધનેશભાઈ મીરાણી, મેનેજર શશીભાઈ સ્વીદીયા, પિયુષભાઈ ગીગડીયા સહિતના ઉપસ્થિત રહયા હતા.

મોટામવા હાઈરાઈઝડ ટાવર અને સોસાયટી પરિવાર આયોજિત સ્નેહમિલનમાં પરશોતમભાઈ રૂપાલાની પ્રેરણાદાયી ઉપસ્થિતિ

સૌને શુભકામના પાઠવીને ભાજપના સમર્થનમાં બહોળી પ્રમાણમાં મતદાન કરવા અનુરોધ કરતા પરશોતમભાઈ રૂપાલા

રાજકોટ

શહેરના કાલાવડ રોડ પર મોટા મવા ગામ સ્થિત હાઈરાઈઝ ટાવર અને સોસાયટી પરિવાર ધ્વારા યોજાયેલ સ્નેહમિલન કાર્યક્રમમાં રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ પ્રેરક હાજરી આપેલ હતી. આ તકે ઉપસ્થિત સૌને શુભેચ્છા પાઠવતા પરશોતમભાઈ રૂપાલાએ જણાવેલ કે નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે ૧૦ વર્ષમાં કરેલા ઉલ્લેખનિય કાર્યોની વિસ્તૃત માહિતી વર્ણવતા આવનારી લોકસભાની ચૂંટણીમાં રાષ્ટ્રવાદી વિચારધારાને વરેલી ભારતીય જનતા પાર્ટીની તરફેણમાં મોટા પ્રમાણમાં મતદાન કરવા અપિલ કરી હતી. આ તકે રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, રાજયના કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, મેયર નયનબેન પેઢડીયા, પૂર્વ

ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ તથા ચીમનભાઈ શાપરીયા, શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશભાઈ રાઠોડ,શહેર ભાજપ મંત્રી ભરતભાઈ શીંગાળા, વોર્ડ–૧૧ના પ્રભારી પરેશભાઈ ઠાકર, પ્રમુખ મહેશ પીપળીયા, મહામંત્રી વિનોદભાઈ ઈસોટીયા, મુળુભાઈ ઓડેદરા, સંગઠનના હોદેદારો, અગ્રણીઓ બાબુભાઈ શીંગાળા, શૈલેષભાઈ શીંગાળા, કાંતીભાઈ માકડીયા, વિનુભાઈ મણવર, ચેતનભાઈ કડીવાર, હિરેનભાઈ ખાંટ, દિલીપભાઈ ઘરસડીયા, પ્રફુલભાઈ હદવાણી, ખુશાલભાઈ ડેઢાણીયા, મોહનભાઈ મેઘાણી, જમનભાઈ સવસાણી તેમજ વિવિધ ટાવરના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રીઓ, સાંઈ ફ્લેટના સભ્ય ભાઈ–બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. અને ભારતીય જનતા પાર્ટી તરફી મતવર્ષા કરવા સમર્થન આપ્યું હતું.

લાલપુર તાલુકામાં મતદાન જાગૃતિ અન્વયે યોજાઈ સાઈકલ રેલી

જામનગર : સમગ્ર જામનગર જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે મહત્તમ પ્રમાણમાં નાગરિકો મતદાન કરી લોકશાહીના મહાપર્વમાં સહભાગી થાય તે હેતુથી મતદાન જાગૃતિ અંગે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. લાલપુર તાલુકામાં સ્થિત લાલપુર ગામમાં લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૨૪ અન્વયે મતદાર જાગૃતિ અંગે મતદારોને જાગૃત કરવા માટે લાલપુર પ્રાંત અધિકારીના માર્ગદર્શન હેઠળ વીર સાવરકર વિદ્યાલય ખાતે સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાઈકલ રેલીમાં અધિકારીગણ, સંસ્થાના કર્મચારીઓ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા તેમ મદદનીશ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી, લાલપુરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

જામનગરના કોંગ્રેસ લોકસભાના ઉમેદવાર પાસે ત્રણ લાખની રોકડ, એક કાર અને એક સ્કૂટર ધરાવે છે

જામનગર : જામનગર લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર દ્વારા પોતાની સ્થાવર, જંગમ મિલકત રોકડ, વાહન, સોના ચાંદીના ઘરેણા વગેરેની માલિકી અંગેની સોગંદનામાં દ્વારા જાહેરાત કરવામાં આવી છે. જેમાં તેમની પાસે ત્રણ લાખની રોકડ એક કાર એક્સ સ્કૂટર સંયુક્ત હિસ્સા વાળી જમીન અને અન્ય મિલકત વગેરેનો સમાવેશ થાય છે.

જામનગરના લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર જે. પી. મારવિયા વ્યવસાયે ખેડૂત અને વકીલ છે. તેમના હાથ ઉપર ત્રણ લાખની રોકડ રકમ છે. ઉપરાંત ૭૦ હજારની બેંકમાં થાપણો અને રૂ. ચાર લાખની મોટરકાર, એક્સ સ્કૂટર સાડાત્રણ લાખની કિંમતના ઘરેણા તેમજ પોતાના પત્નીના નામે સાડાસાત લાખની કિંમતના સોના ચાંદીના ઘરેણા છે. આમ તેઓ રૂ.૧૩ લાખ ૮૨ હજાર ૭૩૯ ની રોકડ ,જંગમ મિલકત ધરાવે છે. આ ઉપરાંત ૫૦ ટકા હિસ્સાવાળી પોતાના પિતાના સાથે નિકાવામાં જ જમીન ધરાવે છે. જેની બજાર કિંમત ૪૯ લાખ જેવી થાય છે. તેમજ રાજકોટમાં બે દુકાનો છે જે પણ ૫૦ ટકા સંયુક્ત હિસ્સા વાળી છે. જેની બજાર કિંમત ૩૦ લાખની થવા જાય છે. જ્યારે તેનાનાં માથે ૧ લાખ ૪૪ હજારનું મંડળીનું દેવું છે. તેઓ કોઈ ક્રિમિનલ રેકોર્ડ ધરાવતા નથી.

તસવીરઃ સુનિલ ચુડાસમા

દિગ્વિજય ગ્રામ ખાતે ત્રિદિવસીય ધાર્મિકોત્સવનું આયોજન

જામનગર : જામનગર તાલુકાના દિગ્વિજયગામ (સિક્કા)માં જી-ટાઈપ કોલોનીમાં આવેલ રોકડીયા હનુમાનજી મંદિરના સાનિધ્યમાં તા. ૨૧-૪ થી ૨૩-૪ સુધી ધાર્મિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૧-૪-ના સવારે ૯-૩૦ વાગ્યે કુંભ સ્થાપન, સાંજે ૪ વાગ્યે સંતોના સામૈયા, રાત્રે નવ વાગ્યે જયોત પ્રાગટ્ય થશે. તા. ૨૨-૪ના સવારે વિષ્ણુયાગ યજ્ઞ તા.૨૩-૪ ના સવારે ૮-૩૦ વાગ્ય રામદેવપીરના મંડપ ખડો ઉત્સવ, હનુમાન જયંતી મહોત્સવ, સવારે ૯-૩૦ વાગ્યે ૧૧ કુંડી મહાયજ્ઞ, સવારે ૧૦ વાગ્યે અભિષેક, બપોરે ૧૨-૧૫ વાગ્યે બટુક ભોજન થશે. આ ઉપરાંત શિખર કળશ પૂજા તેમજ તા. ૨૨-૪ ના સાંજે ૬-૩૦ વાગ્યે મહાપ્રસાદ અને રાત્રે ૯ વાગ્યે મુંગણીના મહાકાળી રાસ મંડળનો કાર્યક્રમ યોજાશે. ૧૧ કુંડી મહાયજ્ઞના આચાર્ય પદે સિક્કાવાળા શાસ્ત્રી ભાવેશ અદા બિરાજશે. આ ધાર્મિકોત્સવ પ્રસંગે ગાદિપતિઓ રાકેશગિરિ બાપુ (મુંગણી), બાલગરબાપુ (મોટી ખાવડી), હરેશગર બાપુ (જામનગર) તથા હિતેષગિરિ બાપુ (દરેડ) ઉપસ્થિત રહેશે.

જામનગર જિલ્લામાં હીટવેવ દરમિયાન રક્ષણ મેળવવા અંગેની માર્ગદર્શિકા જાહેર કરાઈ

જામનગર : જામનગર જિલ્લામાં વર્તમાન દિવસોમાં હીટવેવની સંભાવનાઓને જોતા હીટવેવ દરમિયાન શું કરવું અને શું ન કરવું તે અંગે જામનગર જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર દ્વારા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

હિટવેવ દરમ્યાન સ્થાનિક હવામાનની આગાહી માટે રેડિયો સાંભળો, ટીવી જુઓ તથા અખબાર વાંચો. પુરતું પાણી પીવું જોઈએ. તેમજ ‘ઈજી લિકવીડ, ઘરે બનાવેલા શુદ્ધ પીણાં જેવા કે લસ્સી, પાકી કેરીનો રસ, કાચી કેરી, લીંબુપાણી, છાશ વગેરનો પૂરતા પ્રમાણમાં ઉપયોગ કરવો જોઈએ. જે શરીરને ફરીથી હાયડ્રેટ કરવામાં મદદ કરે છે. હળવા વજનના, હળવા રંગના, ઢીલા અને છિદ્રાળુ સુતરાઉ કપડાં પહેરવા જોઈએ. શક્ય હોય તેટલું ઘરની અંદર રહેવું. તેમજ તડકામાં બહાર જતી વખતે ગોગલ્સ, શુઝ કે ચપ્પલનો ઉપયોગ કરવો. તમારા માથાને ઢાંકવા માટે કાપડ, ટોપી કે છત્રીનો ઉપયોગ કરવો. તમારા ઘરને ઠંડુ રાખો. ઘરમાં પડદા, શટર કે સનશેડનો ઉપયોગ કરો અને રાત્રિના સમય દરમિયાન બારીઓ ખુલ્લી રાખવી જોઈએ. હીટ સ્ટ્રોક, હીટ રેશ અથવા હીટ કેમ્પ જેમ કે નબળાઈ, ચક્કર આવવા જેવા સંકેતોને તાત્કાલિક ઓળખો અને તેની તુરંત જ સારવાર કરાવવી જોઈએ. માથાનો દુઃખાવો થવો, ઉબકા ઉલટી, પરસેવો થવો, બેભાન થઈ જવું અથવા તમે બીમાર છો, તો તુરંત જ ડોક્ટરનો સંપર્ક સાધવો જોઈએ. પ્રાણીઓને છાંયડામાં રાખો અને તેમને પીવા માટે પુષ્કળ પાણી આપો. સગર્ભા કામદારો અને નબળું સ્વાસ્થ્ય ધરાવતા કામદારો પર વધારે ધ્યાન આપવું જોઈએ.

હીટવેવ દરમિયાન શું ના કરવું જોઈએ? : તડકામાં બહાર જવાનું ટાળવું જોઈએ. ખાસ કરીને બપોરના ૧૨:૦૦ કલાકથી ૦૩:૦૦ કલાકની વચ્ચે બહાર ના નીકળવું જોઈએ. ઘાટા રંગના, ભારે અથવા ચુસ્ત કપડાં પહેરવાનું ટાળો. જયારે બહારનું તાપમાન વધારે હોય ત્યારે ભારે પરિશ્રમવાળી પ્રવૃતિઓ ટાળવી જોઈએ. બપોર દરમિયાન ૧૨:૦૦ કલાકથી ૦૩:૦૦ કલાકની વચ્ચે બહાર કામ કરવાનું ટાળો. ખુલ્લા પગે બહાર અવર જવર ના કરવી જોઈએ. પીક અવર્સ દરમિયાન રસોઈ કરવાનું ટાળો. રસોડામાં પૂરતા પ્રમાણમાં હવાની અવર-જવર માટે દરવાજા અને બારીઓ ખુલ્લી રાખવી જોઈએ. બાળકો અથવા પાલતુ પ્રાણીઓને પાર્ક કરેલા વાહનોમાં છોડશો નહીં. કારણકે તેઓ હીટવેવથી પ્રભાવિત થઈ શકે છે. આલ્કોહોલ, ચા, કોફી અને કાર્બોરેટેડ સોફ્ટ ડ્રીંક્સ પીવાનું ટાળવું જોઈએ. આ પ્રકારના પીણાં શરીરને ડિહાયડ્રેટ કરે છે. ઉચ્ચ પ્રોટીન ધરાવતો ખોરાક ટાળો અને વાસી ખોરાકનું સેવન ના કરવું જોઈએ. હાલમાં ઉનાળાની ઋતુમાં હીટવેવથી બચવા માટે સમગ્ર જામનગર જિલ્લાના નાગરિકો અત્રે જણાવ્યા અનુસાર જાગૃતિના પગલાં લઈ પોતાનું જીવન સુરક્ષિત બનાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર તરફથી ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે. આ બાબતે કોઈપણ મુશ્કેલી જણાય તો ડીસ્ટ્રીકટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, જામનગરના સંપર્ક નંબર ૦૨૮૮-૨૫૫૩૪૦૪ અને ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર-૧૦૭૭ પર સંપર્ક સાધી શકાશે. સર્વે નાગરિકોને આ માર્ગદર્શિકાનું પાલન કરવા માટે નિવાસી અધિક કલેક્ટર બી.એન.ખેર, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

પિપળેશ્વર મહાદેવ મિત્ર મંડળ દ્વારા રામ સવારીના રૂટ ઉપર છાશનું વિતરણ

જામનગર : જામનગરમાં સેન્ટ્રલ બેંક રોડ, ઘુવ ફળી, શેરી નં.૧ ખાતે આવેલ પિપળેશ્વર મહાદેવ મિત્ર મંડળ દ્વારા રામ સવારી શોભાયાત્રાના રૂપ ઉપર ઠંડી છાશનું પ્રસાદીરૂપે વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત તસ્વીરમાં છાશનું વિતરણ કરતા એડવોકેટ પાર્થ ડી. સામાણી, મંદીરના પુજારી પરિમલભાઈ ભટ્ટ, શારડા ફોરેસ પરિવારના મોભીઓ હરીઓમભાઈ રામભાઈ શારડા, પ્રફુલભાઈ ચોકસી, નંદનભાઈ ભટ્ટ, જતીનભાઈ વારીઆ, દિનેશભાઈ બોરસરા, દિનેશભાઈ સામાણી સહિતના રામ ભકતો ળ સેવાભાવી યુવાનો તેમજ અન્ય લતાવાસીઓ દ્રષ્ટિમાન થાય છે.

જામનગર બેંક કોલોની જૈન સંઘ દ્વારા ચૈત્ર માસની આયંબિલ ઓળીના પારણા

તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં બેંક કોલોની જૈન સંઘ દ્વારા ચૈત્ર માસની આયંબીલની ઓળી ચાલી રહી છે જેનાં પારણા કરાવાયા હતા. જે પારણાં તથા બહુમાન નો લાભ રેખાબેન વિજયભાઈ સંઘવી તરફથી લેવામાં આવ્યો છે. દરરોજ ૧૦૦થી વધુ લોકો આંબેલ કરે છે. શુભ મિશ્રા સમણ સંઘના ધીરજ મુનિ મહારાજ સાહેબના સાનિધ્યમાં ઉજવાઈ રહેલા આયંબેલનું જૈન ધર્મમાં ઘણું મહત્વ છે.

ભાટિયામાં આહિર દેવાયત બોદરની પૂણ્યતિથિ નિમિત્તે આરતી-પૂજન

તસવીરઃ અમીત કાનાણી

ભાટિયા : ભાટિયાના આહિર સમાજના ભાઈઓ દ્વારા રામ નવમીના દિવસે આહિર દેવાયત બોદરની પૂણ્યતિથિ હોય, ભાટિયાના બસ સ્ટેન્ડ પાસે આવેલા દેવાયતબાપા બોદરની પ્રતિમાને આરતી, પૂજન કરી આગેવાનો તથા આહિર સમાજના યુવાનોએ ઉજવણી કરી હતી. જેમાં આહિર સમાજના આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

ખંભાળિયા તાલુકાના ધરમપુર ખાતે નાટક થકી મતદારોને ‘મતદાન જાગૃતિ સંદેશ’ પાઠવાયો

દ્વારકા : લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત તા. ૦૭ મેના રોજ ગુજરાતમાં મતદાન થવાનું છે. દરેક નાગરિક મતદાન કરવા અંગે જાગૃત બને અને પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહીની પ્રક્રિયામાં ભાગીદાર બને તે માટે ૧૨ - જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૮૧ - ખંભાળિયા મતદાર વિભાગનાં એક પણ મતદાર મતદાનથી વંચિત ન રહે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી જી.ટી.પંડ્યાના દિશા-નિર્દેશ હેઠળ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં લોકોને જાગૃત કરવાના હેતુથી સ્વીપ (સિસ્ટેમેટિક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટિસિપેશન) કાર્યક્રમ હેઠળ વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે.

જેમાં ૮૧-ખંભાળિયા મતદાર વિભાગમાં મદદનીશ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી કે. કે. કરમટાના નેતૃત્વ હેઠળમહત્તમ મતદાન થાય તે માટે જુદા જુદા વ્યાપક પ્રમાણમાં મતદાન જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે ધરમપુર ખાતે શેરી નાટક થકી મતદાર જાગૃતિ લાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં નાટ્ય કલાકારોએ મતદાન જાગૃતિ સંદેશ આપતું પ્રેરણાત્મક નાટક પ્રસ્તુત કરી લોકોને મતદાન કરવા પ્રેરિત કર્યા હતા. ખાસ કરીને મહિલા મતદાતાઓ પરિવાર સાથે મહત્તમ મતદાન કરે તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. બાદમાં ગ્રામજનોએ પરિવાર સાથે અવશ્ય મતદાન કરવા અને કરાવવા માટે “હું અવશ્ય મતદાન કરીશ” નાં શપથ લીધા હતા.

ઉલ્લેખનીય છે કે, આ નાટ્ય કલાકારો દ્વારા આગામી ૩ દિવસ સુધી ૮૧-ખંભાળિયા મતદાર વિભાગમાં વિવિધ સ્થળોએ નાટકના માધ્યમથી મતદાર જાગૃતિ લાવવા અંગે પ્રયાસ કરવામાં આવશે. આ તકે મામલતદાર વી.કે. વરૂ, કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા

કલ્યાણપુર તાલુકાના વિવિધ ગામોમાં ચુનાવ પાઠશાળામાં મતદાનના શપથ લીધા

દ્વારકા : સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન (SVEEP) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મતદાન અંગેની જાગૃતતા કેળવવામાં આવી રહી છે. જે અંતર્ગત કલ્યાણપુર તાલુકાના મણિપુર હાબરડી, ગઢકા, ભોપલકા, ખખરડા તેમજ સિદસરા સહિતના ગામે મતદાર જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત ચુનાવ પાઠશાળાનું આયોજન હાથ ધરી મતદારોને મતદાનનું મહત્વ સમજાવી વધુમાં વધુ મતદાન કરવા અને અન્ય નાગરિકોને પણ મતદાન કરવા પ્રેરણા પૂરી પાડી જાગૃત્ત કરવા સમજ સાથે માર્ગદર્શન આપવામાં આવ્યું. મતદારોએ અચૂક મતદાનની પ્રતિજ્ઞા લીધી હતી.

જામનગર જિલ્લામાં હીટવેવ દરમિયાન રક્ષણ મેળવવા અંગેની માર્ગદર્શિકા જાહેર કરાઈ

જામનગર : લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ ના અનુસંધાને જામનગર જિલ્લામાં સમાવિષ્ટ મતદાન મથકો પર કામગીરી સરળતાથી થાય અને મતદાન સ્ટાફને માર્ગદર્શન મળી રહે તે હેતુથી અમુક મતદાન મથકો વચ્ચે ૧ ઝોનલ અધિકારીની નિમણૂક કરવામાં આવી છે. જે અધિકારીઓને ચૂંટણી વિષયક કામગીરી સોંપવામાં આવી હોય અને તે પૈકી જે અધિકારી કે કર્મચારીઓને હોદ્દાની રૂએ કાર્યપાલક મેજીસ્ટ્રેટના અધિકાર મળેલા નથી, તો તેઓ ચૂંટણીની કામગીરી મુક્ત અને ન્યાયી રીતે કરી શકે તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી પર સંપૂર્ણપણે નિયંત્રણ રાખી શકે તે માટે સરકારના ગૃહ વિભાગના જાહેરનામા મુજબ ફોજદારી કાર્યરિતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ–૨૧ હેઠળ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના તથા આ અધિનિયમની કલમ-૪૪, ૧૦૩, ૧૦૪, ૧૨૯ અને ૧૪૪ ના અધિકારો મળવાપાત્ર થાય છે.

આ અધિકારો ભોગવવા માટેનો વિસ્તાર અને સમયગાળો નિશ્ચિત કરવા માટે જામનગર જિલ્લા મેજીસ્ટ્રેટને અધિકૃત કરવામાં આવ્યા છે. આથી કર્મચારી કે અધિકારીઓને તેઓને ફાળવવામાં આવેલા મતદાન મથકોના રૂટના વિસ્તારો માટે ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ સરકારએ આપેલા અધિકારો ભોગવવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે.

અનિવાર્ય સંજોગોના કારણે સુધારા હુકમને ધ્યાનમાં રાખીને અમુક કર્મચારી કે અધિકારીઓની ફેરબદલી કરવામાં આવી છે. જેથી અત્રે જણાવ્યા અનુસાર કર્મચારી કે અધિકારીને કમી કરવામાં આવ્યા છે અને તેમને આપેલા અધિકાર પરત ખેંચવામાં આવે છે. તેમજ તેમના સ્થાન પર અત્રે જણાવ્યા અનુસાર કર્મચારી કે અધિકારીને ૧૨-જામનગર સંસદીય મત વિસ્તારમાં સમાવિષ્ટ જામનગર જિલ્લાના કાર્યક્ષેત્રમાં લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અંતર્ગત આગામી તા.૦૭/૦૫/૨૦૨૪ ના રોજ થનાર મતદાનને ધ્યાનમાં રાખતા આગામી તા.૦૪/૦૫/૨૦૨૪ થી તા.૦૯/૦૫/૨૦૨૪ સુધીના સમયગાળા માટે તેઓને ફાળવવામાં આવેલા મતદાન મથકોના રૂટના વિસ્તારો માટે ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના સરકારએ આપેલા અધિકારો ભોગવવા માટે અધિકૃત કરવામાં આવે છે. જે અનુસાર, ૭૬-કાલાવડ વિધાનસભા મત વિસ્તાર રૂટ નંબર ૨૪ માં પૂર્વ અધિકારી એસ. કે. જાદવના સ્થાન પર નવનિયુક્ત અધિકારી તરીકે ડી. એચ. ભાર્ગવની નિમણુંક કરવામાં આવી છે. તેમજ સમાવિષ્ટ બૂથમાં ૧૮૩, ૨૧૪, ૨૨૨, ૨૨૩, ૨૩૩, ૨૩૪, ૨૩૧ અને ૨૩૨ ભાગ નંબર રહેશે. તેમ જિલ્લા મેજિસ્ટ્રેટ બી. કે. પંડયા,જામનગર દ્વારા પ્રસિદ્ધ કરાયેલા આદેશમાં જણાવવામાં આવ્યું છે.

દશા શ્રીમાળી જ્ઞાતિ લાણી સંસ્થા દ્વારા પ્રીતિ ભોજનનું આયોજન

જામનગર : જામનગરની દશા શ્રીમાળી જ્ઞાતિ લાણી સંસ્થાના સભ્યો માટેનું પ્રીતિભોજનનું આયોજન તા. ૨૧-૦૪-૨૦૨૪ ને રવિવારના રોજ મહાવીર જયંતી પ્રસંગે બપોરે ૧૨ વાગ્યે દાતા સ્વ. દલસુખભાઈ મોહનલાલ મહેતા પરિવાર તરફથી લાણી સંસ્થાની વાડીમાં કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે જ્ઞાતિના સભ્ય પરિવારને સહકુટુંબ સમયસર પ્રીતિભોજનમાં પધારવા જ્ઞાતિ પ્રમુખ વિજયભાઈ શેઠ, મંત્રી અશ્વિનભાઈ વાઘજિયાણી તથા દાતા પરિવાર તરફથી અનુરોધ કરાયો છે.

સલાયામાં ચાલતી ચૈત્રી નવરાત્રિમાં વિવિધ કોમ્પીટીશનમાં ૫૦ બહેનોએ ભાગ લીધો

સલાયા : સલાયા લોહાણા મહાજન દ્વારા છેલા ૯ વર્ષથી ચૈત્રી નવરાત્રી ઉજવાઈ છે જેમાં માત્ર બહેનો રાસ ગરબા રમે છે. અને માતાજીની સ્તુતિ કરે છે. આ ગરબીમાં જુદા જુદા કોમ્પિટીશનમાં ૫૦ જેટલી બહેનોએ ભાગ લીધો હતો. જેમાં આરતીની થાળીની સ્પર્ધા, રાસ ગરબાની સ્પર્ધા,તેમજ ડ્રેસ કોમ્પિટીશન રાખવામાં આવ્યું હતું. જેમાં નિર્ણાયક તરીકે ખંભાળિયા નગર પાલિકાના પ્રમુખ રચનાબેન મોટાણી,કારોબારી ચેરમેન રેખાબેન ખેતિયા,લાયન્સ ક્લબ ખંભાળિયાના પ્રમુખ નિમિષાબેન નકુમ,રઘુવંશી અગ્રણી સોનલબેન કાનાબાર,બ્રહ્મસમાજ ના અગ્રણી ડિમ્પલબેન સાતા એ સેવા આપી હતી. આ સ્પર્ધામાં વિજેતા થનાર બહેનોને સિલ્ડ તેમજ પુરસ્કાર આપવામાં આવ્યા હતા. આમ આસો નવરાત્રીની ઉજવણી બધી જગ્યાએ થતી હોઈ છે પરંતુ ચૈત્રી નવરાત્રિમાં ગરબાનું આયોજન સલાયામાં થતું હોઈ આજુબાજુના ગામમાંથી પણ બહેનો અહી રમવા આવે છે. આ સમગ્ર આયોજન લોહાણા મહાજન ની દેખરેખ હેઠળ કરવામાં આવે છે.

તસવીર : આનંદ લાલ-સલાયા

જામનગરમાં દારૂના બે ધંધાર્થીઓની પાસા હેઠળ અટકાયત કરી જેલહવાલે

જામનગર : જામનગર શહેરમાં આગામી લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને દારૂના ધંધાર્થીઓને કંટ્રોલમાં કરવાના ભાગરૂપે જિલ્લા પોલીસ વડા દ્વારા બે બુટલેગર સામે પાસા નું શસ્ત્ર ઉગામવામાં આવ્યું છે, અને બંનેની પાસા હેઠળ અટકાયત કરી લઇ અમદાવાદ અને સુરતની જેલમાં ધકેલી દેવાયા છે.

જામનગરમાં સાધના કોલોની બ્લોક નંબર એમ -૬૯ની પાછળ રહેતો મહેન્દ્ર ઉર્ફે બાડો રતિલાલ રાયઠઠ્ઠા કે જેની સામે ૭ થી વધુ દારૂ અંગેના કેસ નોંધાયેલા છે. જે દારૂના ધંધાર્થી સામે જિલ્લા પોલીસ વડા દ્વારા પાસા હેઠળની દરખાસ્ત તૈયાર કરીને જિલ્લા સમાહર્તા સમક્ષ મોકલવામાં આવી હતી, જે મંજૂર કરવામાં આવી હોવાથી એસપી પ્રેમસુખ ડેલુની સૂચનાથી એલસીબી ની ટુકડીએ દારૂના ધંધાર્થી મહેન્દ્ર રતિલાલ રાયઠઠ્ઠા ની પાસા હેઠળ અટકાયત કરી લઇ અમદાવાદની સાબરમતી જેલમાં ધકેલી દેવાયો છે.

આ ઉપરાંત સાધના કોલોની વિસ્તારમાં જ રહેતા અભિષેક ઉર્ફે શેરો મુકેશભાઈ બદીયાણી નામના શખ્સ સામે પણ દારૂ અંગેના બે કેસ નોંધાયા હોવાથી તેની સામે પણ પાસા હેઠળની દરખાસ્ત મંજુર કરવામાં આવી હતી. અને તે મંજૂર થઈને આવી હોવાથી એલસીબી ની ટુકડીએ અભિષેક બદીયાણી ની પણ પાસા હેઠળ અટકાયત કરી લઈ સુરતની લાજપોર જેલમાં ધકેલી દેવાયો છે.

રાજકોટ મહાપાલિકાની દબાણ શાખાએ રાજમાર્ગો પરથી મંજુરી વિનાના ૧૮૦૦ બોર્ડ-બેનરો જપ્ત કર્યા

૮ દિ'માં ૧૨૦ રેકડી-કેબીન તથા માલ સામાન કાબે લઈ રૂ ૩.૫૫ લાખનો વહીવટી નડતરરૂપ ચાર્જ વસુલાયો

રાજકોટ,

રાજકોટ મહાપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા શહેરમાં જુદી જુદી જગ્યા એ જાહેર માર્ગો પર દબાણ રૂપ એવા ૪૭ રેકડી-કેબીન, ૭૩ અન્ય ચીજવસ્તુઓ, શાકભાજી-ફળો જપ્તી તેમજ પશુઓને આપવામાં આવતું લીલું,૧૭૯૨ બોર્ડ-બેનરો વગેરે જપ્ત કરવાની કામગીરી કરવામાં આવેલ છે.આ અંગે મનપાની યાદીમાં જણાવ્યો મુજબ દબાણ શાખા દ્વારા કરવામા૦ આવેલ કામગીરી આ મુજબ છે.ગુંદાવાડી, જ્યુબેલી માર્કેટ, બજરંગવાડી, જામનગર રોડ, અશોક ગાર્ડન, બુધવારી, ગાયત્રીનગર મેઈન રોડ, આહીર ચોક મવડી મેઈન રોડ, પુષ્કરધામ મેઈન રોડ, ભીમનગર મેઈન રોડ, રામાપીર ચોકડી પાસેથી રસ્તાધ પર નડતર રૂપ ૪૭ રેકડી/કેબીન જપ્ત કરવામાં આવી હતી,

જયોતિનગર,નાણાવટી ચોક,પંચાયત ચોક, ગોવિંદબાગ, નાના મૌવા મેઈન રોડ, આનંદબંગલા ચોક,ખાદીભવન સામે, અર્ટીકા, રવિરત્નક પાર્ક, માધાપર ચોકડી, જામનગર રોડ, કોર્ટ ચોક, ગાયાત્રીનગર, હોસ્પિયટલ ચોક પરથી જુદીજુદી અન્ય ૭૩ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવેલ.વેસ્ટુ ઝોન, પંચાયત ચોક,રામાપીર ચોકડી, પુષ્કઆરધામ મેઈન રોડ, માધાપર રિંગ રોડ, લક્ષ્મિનગર નાલા પાસેથી ૭૧૧ કિલો શાકભાજી/ફળ જપ્ત કરવામાં આવેલ.પુષ્કીરધામ મેઈન રોડ, નાણાવટી ચોક,રૈયા રોડ, નંદનવન, મવડી વિસ્તા ૨, મટકી ચોક, સ્વાપમીનારાયણ ચોક પરથી રૂ.૩,૦૮,૭૩૦/- મંડપ કમાન છાજલી ભાડુ વસુલ કરવામાં આવેલ છે.કોઠારીયા રોડ, મોરબી રોડ, ભાવનગર રોડ, કુવાડવા રોડ ૮૦ફુટ રોડ, અર્ટિકા ફાટક, જામનગર રોડ, ટાગોર રોડ, આનંદબંગલા ચોક, મવડી મેઈન રોડ, આહિર ચોક પરથી રૂ.૪૭,૬૦૦/- વહિવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યોન હતો.અંબીકા ટાઉનશીપ,કાલાવડ રોડ, યુનિ. રોડ ,સ્પિ,ડવેલ ચોક સુધી, સાધુવાસવાણી રોડ, ઢેબર રોડ, જામનગર રોડ, ટાગોર રોડ, રેસકોર્ષ રિંગરોડ, સંતકબીર રોડ પાસેથી મંજુરી વિનાના ૧૭૯૨ બોર્ડ-બેનર જપ્ત કરેલા છે

રાજકોટના શાપર-વેરાવળમાં ફરી ભૂકંપ : મકાનોમાં તિરાડો પડી

૨.૯ની તીવ્રતાનો આંચકો અનુભવાયો : લોકોમાં ભયનો માહોલ

રાજકોટ,

રાજકોટ-ગોંડલ હાઈવે ઉપર આવેલા રાજકોટ નજીકના શાપર વેરાવળમાં આજે બપોરે ૨.૯ની તિવ્રતાનો ભુકંપનો આંચકો અનુભવાતા લોકોમાં ભય પ્રસરી ગયો છે.

ભુકંપ આવતા લોકો ઘરની બહાર દોડી ગયા હતા. ભુકંપના આંચકાથી અનેક મકાનોમાં તીરાડો પડી ગઈ હતી

પ્રાપ્ત માહીતી મુજબ આજે બપોરે ૨.૦૯ વાગ્યે રાજકોટથી ૧૬ કી.મી.દુર આવેલા શાપર વેરાવળ ખાતે ૨.૯ની તિવ્રતાનો ભુકંપનો આંચકો અનુભવાયો હતો. ભુકંપનો આંચકો આવતા લોકો ઘર તથા કારખાનાની બહાર નીકળી ગયા હતા. છેલ્લા ઘણા દિવસોથી શાપર-વેરાવળ ખાતે ભુકંપના આંચકા આવી રહયા છે. ૪-૫ દિવસ પહેલા એક સાથે એક જ દિવસમાં ભુકંપના પાંચ આંચકા અનુભવાયા હતા. ત્યાઆર બાદ હળવા-ભારે આંચકા આવી રહયા છે.

આજે ગાંધીનગરથી સિસ્મોગ્રાફી સેન્ટ રની ટીમ શાપર વેરાવળ ખાતે આવી રહી છે અને યંત્ર મુકીને ભુકંપના આંચકાની માહીતી પ્રાપ્ત થાય તે માટે કામગીરી કરવામાં આવશે. ઔદ્યોગીક વિસ્તાતરમાં છેલ્લા ઘણા સમયથી ભુકંપના કારણે ધરાધ્રુજતા લોકોમાં ભારે ભય ફેલાયો છે.

રાજકોટ મેટોડામાં ખાનગી કંપનીના ડ્રાઈવર એકાએક ઢળી પડ્યા: હાર્ટએટેકથી મોત

રાજકોટ,

રાજકોટ શહેરના નાના મવા રોડ પર રાજનગર ચોકમાં નહેરૂનગરમાં રહેતાં રમેશભાઈ મેપાભાઈ સોલંકી (૩.વ.૫૨) મેટોડા ખાતે મેકપાવર સીએનસી કંપની ખાતે હતાં ત્યારે નજીકમાં એકાએક ઢળી પડતાં બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. હાર્ટએટેકથી મૃત્યુ થયાનું ખુલ્યું હતું.

રમેશભાઈ સોલંકી કંપનીમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતાં હતાં. સાંજે પાંચેક વાગ્યે બસ લઈને નીકળવાનું એ પહેલા તે ચા પીવા ગયા હતાં. ચા પીને છાંયામાં બેઠા હતાં ત્યારે એકાએક બેભાન થઈ ગયા હતાં. સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરૂ અને ભાવેશભાઈ મકવાણાએ મેટોડા પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર ચાર ભાઈમાં મોટા હતાં. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે.

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં ગરમીમાં આંશિક રાહત : બપોરે કાળઝાળ તાપ યથાવત

રાજકોટ,

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છઆમાં મહતમ તાપમાનનો પારો સડસડાટ ઉંચે ચડતા અને ૪૨ ડિગ્રીને પાર થઈ જતા લોકો ગરમીથી ત્રાહીમામ પોકારી ગયા છે. છેલ્લા ૪-૫ દિવસથી અસહય ગરમી પડતા લોકો પરસેવો રેબઝેબ થઈ રહયા છે.

બપોરના સમયે ધોમધખતા તાપથી બચવા માટે લોકો ઘરની બહાર નીકળવાનું ટાળે છે. અને એસી તથા પંખાના સહારે ઘરમાં રહે છે. ગરમીથી બચવા માટે સરબત, શેરડીનો રસ, આઈસ્ક્રી મ બરફના ગોલા ખાય છે. અને ટાઢક મેળવે છે. રાજકોટ શહેરમાં ગઈકાલે ૪૧.૫ ડિગ્રી સાથે ગરમીમાં થોડી રાહત રહી હતી. જોકે જુનાગઢ અને સોરઠમાં હાલ એક અઠવાડીયાથી હીટવેવ એટલે ગરમીનો પારો ઉંચો ચહતો જવાના કારણે લોકો ગરમીથી અકળાય ઉઠી ત્રાહીમામ પોકારી રહ્યા છે. છેલ્લા ત્રણ દિવસમાં ગરમીનો પારો ૪૨ ડીગ્રીએ પહોંચી જવા પામ્યો છે. હજુ પણ ગરમીનો પારો ૪૪ ડીગ્રીની આસપાસ પહોંચી જશે તેવું વાતાવરણ જોવા મળી રહ્યું છે.

આવતા અઠવાડીયા સુધી હીટવેવ દીન પ્રતિદિન વધુને વધુ રહેશે તેવું માનવામાં આવી રહ્યું છે. વર્ષ ૨૦૧૬થી ૨૦૧૮ પછી ફરી આ વર્ષે ૨૦૨૪ રેકર્ડબ્રેક ગરમી પડી રહી છે. ભારે કાળઝાળ ગરમીના કારણે હીટવેવના કેસોમાં પેટના દુઃખાવા, ઉલ્ટી, ઝાડા સહિતના દર્દીઓમાં દિન પ્રતિદિન વધારો સરકારી તેમજ પ્રાઈવેટ દવાખાનામાં કતારો જોવા મળી રહી છે.

જયારે ગઈકાલે અમદાવાદમાં ૪૧.૬, અમરેલીમાં ૪૨.૨, વડોદરામાં ૪૧.૪, ભાવનગરમાં ૪૦.૬, ભૂજમાં ૩૯.૫, દાહોદમાં ૪૦.૨, ડાંગમાં ૪૦.૫, ડિસામાં ૪૦, દિવમાં ૩૩.૫, દ્વારકામાં ૩૧.૩, ગાંધીનગરમાં ૪૦, પોરબંદરમાં ૩૮.૨, તથા સુરેન્દ્રનગરમાં ૪૧.૮ ડિગ્રી મહતમ તાપમાન નોંધાવા પામ્યું હતું.જામનગરમાં લઘુતમ તાપમાન ૨૬.૫, મહતમ તાપમાન ૩૫.૬, ભેજનું પ્રમાણ ૮૨%, પવનની ગતિ ૯.૮ કિ.મી. રહી હતી.

રાજકોટ ફુડ શાખાના ચેકિંગમાં મસાલાના વધુ ૧૦ નમુના લેવાયા

૬ નમૂનાની સ્થળ પર ચકાસણી : ૬ વેપારીઓને લાયસન્સ અંગે સુચના

રાજકોટ,

રાજકોટ મનપાની ફુડ શાખા દ્વારા શહેરના વિવિધ સ્થળોએ ખાદ્ય પદાર્થ ઉત્પાદકો તથા વેચાણકર્તાઓને ત્યાંફ ચેકીંગની કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં મંગળા મેઈન રોડ પર ૬ વેપારીઓને લાયસન્સા અંગે નોટીસ આપવામાં આવી હતી. ઉપરાંત નાના મૌવા મેઈન રોડ પરથી મસાલાના ૧૦ નમુના લેવામાં આવ્યા હતા.

મનપાની સત્તાવાર યાદી મુજબ રાજકોટ મહાનગરપાલિકા ફૂડ વિભાગની ટીમ તથા વાન સાથે શહેરના વિદ્યાનગર મેઈન રોડ તથા મંગળાનગર મેઈન રોડ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૩ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૬ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાધ્યે ચીજોના કુલ ૬ નમૂનાની સ્થાળ પર ચકાસણી કરેલ.

ફૂડ વિભાગની ટીમ તથા વાન સાથે શહેરના વિદ્યાનગર મેઈન રોડ તથા મંગળાનગર મેઈન રોડ વિસ્તાડરમાં આવેલ સુદર્શન મદ્રાસ કાફે -લાઈસન્સડ મેળવવા બાબતે સૂચના, વેદ મેડીસીન્સ , સારથી ફાર્મસી, સુકપા મેડિકલ એજન્સી, રામદેવ નાસ્તા હાઉસ તથા કિશન કોલ્ડ્રિંક્સ -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવેલ.

મસાલાના ૧૦ નમુના લેવાયા

મસાલાની સિઝનને અનુલક્ષીને કરવામાં આવેલ સ્પેશ્યીલ ડ્રાઈવ અંગે ફૂડ વિભાગ દ્વારા ફુડ સેફ્ટી એન્ડા સ્ટાન્ડાર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળ નીચે મુજબની વિગતે દર્શાવેલ મસાલાના ૧૦ નમૂના લેવામાં આવેલ જેમાં ધાણા (આખા-લુઝ) ઉમિયા મસાલા ભંડાર (મંડપ), શ્રી રામ મસાલા માર્કેટ, પાર્ક એવેન્યૂમ સામે ગ્રાઉંડ, નાના મૈવા ચોક પાસે, રાઈ (આખી-લુઝ) ઉમિયા મસાલા ભંડાર (મંડપ), શ્રી રામ મસાલા માર્કેટ, પાર્ક એવેન્યૂા સામે ગ્રાઉંડ, નાના મૈવા ચોક પાસે,

વજી ભગત એન્ડ સન્સ ડીલસીડ્રસૈ (૫૦૦ ગ્રામ પેકડ)ખોડલ મસાલા ભંડાર (મંડપ), શ્રી રામ મસાલા માર્કેટ, પાર્ક એવેન્યૂ સામે ગ્રાઉંડ, નાના મૈવા ચોક પાસે

જે.કે સ્પાઇસી-બ્લેક સોલ્ટ (૧ કિલો પેકડા) ખોડલ મસાલા ભંડાર (મંડપ), શ્રી રામ મસાલા માર્કેટ, પાર્ક એવેન્યૂ સામે ગ્રાઉંડ, નાના મૈવા ચોક પાસે, એમ એમ બ્રાન્ડ સુવાસીડ્સા (૫૦૦ ગ્રામ પેકડ) જલારામ મસાલા ભંડાર (માંડવો), નાના મૈવા મેઈન રોડ, સ્લામ કવાટરની બાજુમાંથી લેવામાં આવેલ.

ઉપરાંત જીરૂ આખું (લુઝ) જલારામ મસાલા ભંડાર (માંડવો), નાના મૈવા મેઈન રોડ, સ્લમમ કવાટરની બાજુમાં, હળદર આખી (લુઝ) ગિરિરાજ સિઝન સ્ટોર (માંડવો), રામ મસાલા માર્કેટની અંદર, નાના મૈવા મેઈન રોડ, આરોગ્યદ કેન્દ્રની સામે, રાય આખી (લુઝ) ગિરિરાજ સિઝન સ્ટોસર (માંડવો), રામ મસાલા માર્કેટની અંદર, નાના મૈવા મેઈન રોડ, આરોગ્યર કેન્દ્રાની સામે, રાજકોટ. ધાણી (લુઝ) શ્રીરામ મસાલા ભંડાર (મંડપ) મસાલા માર્કેટ (માંડવો), કવાટર પાસે, નાના માવા સર્કલ પાસે, રાજકોટ.(૧૦) જીરું (લુઝ) શ્રીરામ મસાલા ભંડાર (મંડપ) મસાલા માર્કેટ (માંડવો), કવાટર પાસે, નાના માવા સર્કલ પાસેથી લેવામાં આવ્યા હતા

રાજકોટમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક વેંચતા વધુ ૧૦૩ દુકાનદારને ૨૩ હજારનો દંડ

૪.૫ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત : ગંદકી કરનારા પાસેથી રૂ. ૨૩૨૫૦/-નો વહીવટી ચાર્જ વસુલાયો

રાજકોટ,

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન?વયે ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય્ માર્ગો પર સોલીડ વેસ્ટ્ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં તા.૧૮ના ત્રણેય ઝોનમાંથી કુલ ૧૦૩ પાસેથી ૪.૫૦૬ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૨૩૨૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. ઉપરોક્તં કામગીરી મ્યુનિસિપલ કમિશનરશ્રી આનંદ પટેલની સુચના અને નાયબ મ્યુ નિસિપલ કમિશનરશ્રી સ્વપ્નિલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરશ્રીના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/સેનીટેશન ઓફિસર હાજરીમાં સેનેટરી ઈન્પેક્ટર/ સેનેટરી સબ કરવામાં આવેલ.

રાજકોટ આર.ટી.ઓ. અજાણ્યા વાહન હડફેટે અજાણ્યા યુવાનનું મોત

રાજકોટ,

રાજકોટ શહેરના આર.ટી.ઓ. કચેરીની સામે રાત્રે હીટ એન્ડ રનમાં અજાણ્યા વાહનના ચાલકે હડફેટે લેતા અજાણ્યા યુવાનનું મોત નિપજ્યું હતું.

મળતી વિગત મુજબ આર.ટી.ઓ. કચેરીની સામે હાઈવે પર રોડ ક્રોસ કરતી વખતે અજાણ્યા વાહનના ચાલકે હડફેટે લેતા આશરે ૩૫ વર્ષના અજાણ્યા યુવાનનું મોત નિપજ્યું હતું. અકસ્માાત સર્જી ચાલક વાહન લઈ ભાગી ગયો હતો. બનાવની જાણ થતા બી ડીવીઝન પોલીસ મથકના હેડ કોન્સ? એચ.એમ. કોઠીવાર સહિતે સ્થળ પર પહોંચી અજાણ્યા યુવાનના મૃતદેહને પી.એમ. માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પોલીસે યુવાનને વાલીવારસની શોધખોળ હાથધરી છે. જો કોઈ આ યુવાનના સગાસંબંધી હોય તો બી-ડીવીઝન પોલીસ સ્ટેશન ફોન નં.૦૨૮૧-૨૭૦૬૦૧૮ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

રાજકોટના રતનપર ગામે મંદિરમાં સોનાના ચેઈનની ચીલઝડપ કરનાર મહિલા ઝડપાઈ

રાજકોટ,

રાજકોટ શહેરના મોરબી રોડ પર રતનપર ગામમાં આવેલા શ્રીરામ ચરીત માનસ મંદિરે રામ નવમીની ઉજવણી નિમીતે દર્શન કરવા ગયેલા ગવરીદળના મહિલાના ગળામાંથી ગિરદીનો લાભ લઈ કોઈ રૂા. ૮૫ હજારનો સોનાનો ચેઈન ખેંચીને ચોરી ગયું હતું. આ ગુનાનો ભેદ શહેર એસઓજીની ટીમે ઉકેલી કુબલીયાપરામાં રહેતી બાલુ રામજીભાઈ પરમાર (ઉ.વ.૫૫) નામની મહિલાને દબોચી લીધી છે.

એસઓજીના હેડકોન્સ. ફિરોઝભાઈ રાઠોડ, કોન્સ. દિપકભાઈ ડાંગર અને મુકેશભાઈ ડાંગરની બાતમી પરથી આ ગુનો ઉકેલાયો હતો. ઝડપાયેલી મહિલા બાલુ અગાઉ મોરબી સીટી પોલીસમાં પણ ચોરીના ગુનામાં પકડાઈ હતી. એસઓજીએ તેની પાસેથી ૨૨ ગ્રામનો ૮૫ હજારનો ચેઈન કબ્જે કર્યો છે.

પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી બી. બી. બસીયાની સુચના અનુસાર એસઓજી પીઆઈ જે. એમ. કૈલા, એએસઆઈ ફિરોઝભાઈ શેખ, હેડકોન્સી. ફિરોઝભાઈ રાઠોડ, ઉપેન્દ્ર સિંહ ઝાલા, દિપકભાઈ ડાંગર, મુકેશભાઈ ડાંગર, નાઝનીનબેન સોલંકીએ આ કામગીરી કરી હતી.

રાજકોટના કેસરી હિંદ પુલની નીચેથી અજાણ્યા યુવાનની લાશ મળી

રાજકોટ,

રાજકોટ શહેરના કેસરી હિન્દ પુલ નીચે એક અજાણ્યા યુવાનની લાશ મળી આવતા બી ડીવીઝન પોલીસે તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ કેસરી હિન્દિ પુલ નીચે આશરે ૪૦ વર્ષનો અજાણ્યો યુવાન બેચાન હાલતમાં પડયો હોવાની કોઈએ જાણ કરતા ૧૦૮ની ટીમે સ્થળ પર પહોંચી ઈ.એમ.ટી. પીયુષભાઈએ તપાસ કરતા યુવાનનું મૃત્યુય નિપજુપિ હોવાનું જણાતા પોલીસે જાણ કરવામાં આવી હતી .જાણ થતા બી ડીવીઝન પોલીસ મથકના હેડ કોન્સ. એચ.એમ.કોઠીવાર સહિતે સ?થળ પર પહોંચી યુવાનના મૃતદેહને પીએમ માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે. મૃતક યુવાને મહેંદી કલરનું ટી શર્ટ અને બ્યુ કલરનું પેન્ટ પહેરેલ છે. જો કોઈ આ યુવાનના વાલી વારસ હોય તો બી ડીવીઝન પોલીસ સ્ટેશન ફોન નંફ ૦૨૮૧-૨૭૦૬૦૧૮ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.